# ઓપિનિયન

યાં વૈ ભૂમા તત્ સુખમ્

તંત્રી : વિપુલ કલ્યાણી

પુસ્તક : 13 ● પ્રકરણ : 01 ● સળંગ અંક : 145 26 એપ્રિલ 2007 વાર્ષિક લવાજમ : £25 / £40


## આ તે વાર્તોપજીવી કે પછી રાજશબ્દોપજીવી સંઘ !

○ વિપુલ કલ્યાણી

નરસિંહ મહેતાનું એક પદ છે :

જગત ઉન્મત કરે વિશ્વે વાસના ધરે,
ભક્ત ભગવંત સંઘ રંગ ગાતા.

નરસિંહને મન સંઘ માટે સમૂહ અથવા મંડળી શબ્દ અભિપ્રેત હોઈ શકે । ... વારુ, આપણે ત્યાં એક કહેવત છે : 'સંઘ કાઢવો', જો કે તેમાં ધતિંગ ઊભું કરવાનો અર્થ દેખીતો સ્પષ્ટ છે. બીજી એક કહેવત પણ છે : 'સંઘ કાશીએ પહોંચવો'. અહીં ધારેલો અર્થ સિધ્ધ થવાનો ભાવ છે. ... ખરેખાત, યુરોપીય સંઘના દાખલામાં, કે પછી આ અઠવાડિયે, નવી દિલ્હીમાં બેઠેલી સાઉથ એશિયન એસોસિયેશન ફૉર રિજિયોનલ કૉઓપરેશન (દક્ષિણ એશિયાઈ ક્ષેત્રીય સહયોગ સંગઠન)ની - 'સાર્ક'ની - ચૌદમી પરિષદના દાખલાઓમાં આમાંથી શું અને કેટલું સાચું ઠરે ?

'અશોક ચરિત'માં 'અવિભક્ત સમસ્ત બૌદ્ધપંથ' માટે સંઘ શબ્દ વપરાયો હોય, તેવું 'ભગવત્ગોમંડળ' જોતાં લાગે. વ્યાપાર માટે પણ, પુરાતત્વ અનુસાર, સંઘો થતા હતા અને તેવા સંઘો ઇ.સ. પૂર્વે ૫૦૦થી ૬૦૦ સુધી હિન્દુસ્તાનમાં બહુ હતા. ઉદ્યોગથી રહેનારા સંઘને વાર્તોપજીવી કહેવામાં આવતો. ... રાજકીય સંસ્થાના અર્થમાં સંઘ શબ્દ વપરાય છે અને સંઘ અથવા ગણ એટલે બહુનું રાજ્ય એવો અર્થ થાય છે. કૌટિલ્ય પણ રાજશબ્દોપજીવી એવા સંઘનો પ્રકાર બતાવે છે. બીજી બાજુ, 'ભગવત્ગોમંડળ'ની આ નોંધ મુજબ, "પ્રસ્થાન" સામયિકમાં, વરસો પૂર્વે, પ્રૉફેસર બૂલરે ગણ તથા સંઘ શબ્દોનો અનુવાદ વણિક મંડળી તથા સહકારી સમાજ કરેલો. સરસ.

બંગલાદેશ, ભુતાન, ભારત, માલદીવ, નેપાળ, પાકિસ્તાન બંગલાદેશ, ભુતાન, ભારત, માલદીવ, નેપાળ, પાકિસ્તાન અને શ્રીલંકાનાં રાષ્ટ્ર વડાંઓની [illegible]



It's only Saarc, dear. There's no shark summit.

'સાર્ક'ની રચના કરવાનું ઠેરવાયું હતું. સભ્ય દેશમાં આર્થિક તેમ જ સામાજિક વિકાસની પ્રવૃત્તિઓમાં સતત પ્રગતિ થયા કરે તે જોવાનો આશય અહીં કેન્દ્રસ્થ છે. નેપાળના પાટનગર કાઠમંડુમાં, ૧૯૮૭થી, તેનું કાયમી મંત્રાલય છે; વળી, ભુતાનના ચેન્ક્યાબ દોરજી 'સાર્ક'ના મહામંત્રીપદનો હોદ્દો હાલ સંભાળી રહ્યા છે.

હવે અફઘાનિસ્તાન પણ આ મંડળીમાં જોડાઈ રહ્યું છે. જ્યારે મ્યાંમાર (બ્રહ્મદેશ) એમાં સરિક નથી, એનું આશ્ચર્ય છે

આ પૂર્વ ગોળાર્ધની વાત આપણે કરી. હવે પશ્ચિમ ગોળાર્ધ ભણી નજર ઠેરવીએ. ગયા મહિનાની ૨૫મીએ, જર્મનીના બર્લિન મહાનગરમાં, યુરોપીય સંઘના ૨૭ દેશોનો એક ઉત્સવ મનાવાઈ રહ્યો હતો. તે યુરોપીય સંઘની રચના થઈ તેની સુવર્ણ જયંતીની એ ઘડી હતી. તે અવસરે આ ૨૭ દેશોનાં રાષ્ટ્ર વડાંઓ જર્મન પ્રમુખ હોર્સ્ટ કોહલરના નિમંત્રણે એકઠાં થયાં હતાં. જર્મનીનાં વડા પ્રધાન એન્જેલા મેરકેલનાં જણાવ્યા મુજબ, યુરોપની એકતા માટે આ મિલન અગત્યનું હતું. 'આ મહાનગર એકદા વિભાજિત હતું અને હવે જોડાઈ ગયું છે. ... છેલ્લાં પચાસ વર્ષ દરમિયાન યુરોપમાં જે વીત્યું છે તેની તે ચાડી ખાતું જાણે કે ઊભું ન હોય.'



'યુરોપીય આર્થિક તંત્ર' (યુરોપીઅન એકોનોમિક કમ્યુનિટી)ની રચના કરવા સાથે, 'રોમ કરારપત્ર' પરે, ૨૫ માર્ચ ૧૯૫૭ના દિવસે, ફ્રાન્સ, પશ્ચિમ જર્મની, ઇટલી, બેલજિયમ, નેધરલૅન્ડ્ઝ અને લક્સમબર્ગના આગેવાનોએ એ ઐતિહાસિક કરારનામા પર સહીસિક્કા કર્યા હતા. પોલ-હેન્રી સ્પાક, કોનરાદ એડેનર, ક્રિશ્ચયન પીનેઓ, એન્ટોનિયો સેગ્ની, જોસેફ બેખ, જોસેફ લુન્સ જેવા જેવા આગેવાન યુરોપીઅન રાજનેતાઓ એ વેળા ત્યાં હાજર હતા.

બીજા વિશ્વયુદ્ધ વેળાના બ્રિટનના જાજરમાન વડા પ્રધાન વિન્સ્ટન ચર્ચિલે, યુદ્ધ પછીના યુરોપનું વર્ણન કરતાં કહેલું : તે 'કપચી કાંકરાનો ઢગ, હાડકાં - મડદાં ખડકવાનું ભંડકિયું કે ભોંયરું, પ્રાણઘાતક ચેપીરોગ તેમ જ વૈમનસ્ય પેદા કરતો પટ' બની ગયો છે. તેવા તેવા સમયે 'યુનાઈટેડ સ્ટેટ્સ ઑફ યુરોપ'નું સ્વપ્નું, છેક ૧૯૪૬માં, તત્કાલીન, આ બ્રિટિશ વડા પ્રધાને જોયું હતું. પરંતુ યુનાઈટેડ કિંગડમને તેમાં સામેલ થવાનો વારો બહુ પાછળથી આવ્યો. તેનો યશ લેબર વડા પ્રધાન હેરલ્ડ વિલ્સનને નામે જમા છે. ૧૯૭૩ સુધી તો દર વખતે, ફ્રાન્સના તત્કાલીન પ્રમુખ ચાર્લ્સ દ'ગોલ બ્રિટન પ્રવેશને અવરોધતા જ રહ્યા હતા. 'અમેરિકી અસરનો એ ટ્રોજન ઘોડો' પુરવાર થઈ શકે છે, તેવી એમની માન્યતા હતી !

આ સ્થાપક છ દેશો પછી, ૧૯૭૩માં યુનાઈટેડ કિંગડમ ઉપરાંત ડેન્માર્ક અને આયર્લૅન્ડ તેમાં જોડાયા હતા. અને તે પછી આજ સુધી, ગ્રીસ, પોર્ટુગલ, સ્પેન, ઓસ્ટ્રીઆ, ફિન્લૅન્ડ, સ્વીડન, સાયપ્રસ, ચેક પ્રજાસત્તાક, એસ્ટોનિયા, હંગરી, લટિવિયા, લિથુઆનિયા, મૉલ્ટા, પોલૅન્ડ, સ્લોવાકિયા, સ્લોવેનિયા, બલગેરિયા અને રૂમાનિયા જોડાતા ગયા. આ

## ઓપિનિયન

- "ઓપિનિયન" ગુજરાતી ભાષાનું માસિક વિચારપત્ર છે અને દર માસની ૨૬મી તારીખે બહાર પડે છે.
- "ઓપિનિયન"ના ગ્રાહક ગમે તે અંકથી થઈ શકાય છે.
- "ઓપિનિયન"માં શક્ય હોય ત્યાં સુધી જાહેરખબર ન લેવાની અમારી નેમ છે.
- એમાં વ્યક્ત થતા વિચારો માટેની જવાબદારી જે તે લેખકોની છે.
- "ઓપિનિયન"નાં ધોરણ અને સ્વરૂપને અનુલક્ષીને લેખકોએ પોતાની કૃતિઓ મોકલવી. હાલ પુરસ્કારનું ધોરણ નથી. પરંતુ છપાયેલી કૃતિના લેખકને જે તે અંક ભેટ મોકલવાની પ્રથા છે.
- લખાણ શાહીથી ચોખ્ખા અક્ષરે અને કાગળની એક જ બાજુએ લખવું. નનામા લેખો અસ્વીકૃત બનશે.
- ભાષા સારી નહીં હશે તેને વિશે લખનારે જરા પણ અચકાવાનું નથી. અમારી શક્તિ પ્રમાણે અમે સુધારી લઈશું. ઓછામાં ઓછી ગુજરાતી જાણનાર વાચક પણ સામયિકની મારફતે જેટલી દાદ લઈ શકે તેટલી દાદ દેવી એ અમે અમારી ફરજ સમજશું.
- જેઓ લખી ન શકતા હોય તેઓ બીજાની પાસે લખાવીને લખાણ મોકલી શકે છે.

### લવાજમના દર

વાર્ષિક લવાજમ આ દેશ માટે **£25** તેમ જ પરદેશ માટે **£40** છે. ચેક યા પૉસ્ટલ ઑર્ડર અથવા ડ્રાફ્ટ Parivaar Communicationsને મોકલવો.

•

### લવાજમ - સંપાદકીય પત્રવ્યવહાર

"ઓપિનિયન"

'Kutir', 4 Rosecroft Walk, WEMBLEY,
Middlsex HA0 2JZ [U.K.]

Tel. : [-44] 020 - 8902 0993

e.mail :
vipoolkalyani.opinion@btinternet.com

•

### ભારત માટે લવાજમ ભરવાનું ઠેકાણું

Villa Bellevue
30, Avantikabai Gokhale Street,
Opera House, MUMBAI - 400 004

Tel. : [022] 2386 2843

Fax : [022] 2826 1155/1166

e.mail : bharti_parekh@hotmail.com

સંપર્ક : ભારતીબહેન પારેખ

•

માત્ર ભારતમાંના ગ્રાહકોએ જ. ફક્ત Rs. 2,000ની રકમ, Vipool Kalyani ને નામે લખી મોકલવી

### ગ્રાહક પત્રિકા :

Name : ..................................................

Address : ..................................................

..................................................

Post Code : ..................................................

Telephone : ..................................................

e.mail : ..................................................

Subscription : £25 / £40

Date : ..................................................

૨૭ દેશો પછી, નજીકમાં, તૂર્કસ્તાન, ક્રોશિયા, મેસિડોનિયા પ્રજાસત્તાક તેમાં જોડાઈ જશે અને આલ્બેનિયા, બોસનિયા અને હરઝેગોવિના, મૉન્ટેનિગરો તથા સરબિયા તેમાં દાખલ થવાની તૈયારીમાં છે. જ્યારે યુરોપના ભારે મહત્વના ત્રણ દેશો - નોરવે, સ્વિત્ઝરલૅન્ડ તથા આઈસલૅન્ડ તેમ જ રશિયાનો યુરોપીય વિભાગ આ સંઘમાં સામેલ નથી.

આ ૨૭ દેશોનું કુલ ક્ષેત્રફળ ૪૪,૨૨, ૭૭૩ કિલોમિટરનું થાય છે. તે મુલકોમાં ૨૩ જેટલી ભાષાઓની બોલબાલા છે. એક અંદાજ મુજબ ૪૯,૪૦,૭૦,૦૦૦ની વસ્તી છે. હાલમાં પંદર જેટલાં વિવિધ ચલણો છે. મોટા ભાગના દેશોમાં જો કે યૂરોનું ચલણ રહ્યું છે. માસ્ટ્રીકનું કરારનામું સ્વીકારાયું અને વિદેશ નીતિ, સલામતી અને સુરક્ષા, નિરાશ્રિત તથા આપ્રવાસી બાબતો તેમ જ ન્યાયોચિત સહકારના ખાતાઓને સંઘ હેઠળ આમેજ કરવામાં આવ્યાં છે. બેલ્જિયમના બ્રસેલ્સ નગરમાં આ યુરોપીય સંઘનું વડું મથક છે. સ્ટ્રાસબર્ગ ખાતે સંયુક્ત સંસદ બેસે છે. જ્યારે લક્સમબર્ગમાં સંયુક્ત ઉચ્ચ ન્યાયાલયનું મથક છે અને ફ્રેન્કફર્ટમાં યુરોપીઅન સેન્ટ્રલ બેન્કનું મુખ્ય થાણું નંખાયું છે.

આ વિસ્તારના સામાન્ય નાગરિકોને માટે દસેક ક્ષેત્રોમાં તો દેખીતો ફાયદો થયાનું જણાય છે : અડોશીપડોશી મુલકોમાં, અરસપરસ, સરળતાથી આવનજાવન થઈ શકે છે. સેન્ઝાન નિયમોનો તો પંદર દેશોએ સ્વીકાર કર્યો છે. તેથી એ દેશો વચ્ચે સીમાઓનો ચોકીપહેરો નહીંવત્ જ રહ્યો છે. આશરે દોઢ કરોડ યુરોપીઅનો પોતાના મુલકમાંથી અન્યત્ર રહેતાં થયાં છે. બ્રિટનની જ વાત કરીએ તો આશરે ત્રણેક લાખ લોકો મોટે ભાગે સ્પેન, આયરલૅન્ડ જેવા મુલકોમાં વસે છે અને ત્યાં જ એમનું નિવૃત્તિવેતન જમે થાય છે. વળી, કામદારો સારુ પગારધોરણ લગભગ સરખું છે અને ભેદભાવોને કોઈ સ્થાન દેખાતું નથી. ચડતે પગારે લેવાતી રજાઓ માટેનું એક સરખું ધોરણ છે. વિદેશમાં ભણવા જવાની સગવડ સહેલી બની છે. વિમાની પ્રવાસ સોંઘો બન્યો છે. ટેલિફોનનાં બિલમાં પણ સોંઘારત આવી છે. ગ્રાહકોને રક્ષણ મળતું થયું છે. ખોરાકની સામગ્રીઓ પર સ્પષ્ટ લેબલ લગાડવાનાં થાય છે. નદીનાળાં તેમ જ દરિયાકિનારાઓ વિશેષપણે સ્વચ્છ થવાં માંડ્યાં છે. આ પ્રસંગે, આ દેશના અગ્રિમ રાષ્ટ્રીય દૈનિક, "ધ ઇન્ડિપેન્ડન્ટે" ખાસ અંક બહાર પાડ્યો છે, જેમાં એક નહીં પચાસ પચાસ ફાયદાઓની વિગતો ચિતરી બતાવાઈ છે ! વળી, આ સમૂળી ઘટના 'શાંતિ અને એકતાનું શક્તિપૂત ચિહ્ન' હોવાનું પણ તે પોતાના તંત્રીલેખમાં ઘોષિત કરે છે.

યુરોપીય સમાન બજારના એ દિવસોમાં, પરિસ્થિતિ તદ્દન જુદી હતી. એક તરફ અમેરિકાનું વર્ચસ્ હતું, બીજી બાજુ, સોવિયેત રશિયાની તાકાત સ્ટાલિનના સમયગાળામાં મધ્યાન્હે તપતી હતી. આઝાદ થતા બીજાત્રીજા મુલકો જવાહરલાલ નેહરુ, યુ એન લાઈ, સુકર્ણો, નાસર, ટીટો વગેરે વગેરે આગેવાનો બિનજોડાણની નીતિ અપનાવીને તે ઉભય પક્ષોથી ઊફરેટા પોતીકા મુલકોમાં શાસન કરતા થયા હતા.

જ્યારે બ્રિટન તથા આયરલૅન્ડ વચ્ચે હવે પહેલા જેવો અવિશ્વાસ પણ દેખાતો નથી. એનું એક પરિણામ એ પણ છે કે ઉત્તર આયરલૅન્ડમાં પેઢીઓથી એક બીજાને પોતાનાં દુશ્મન ગણતાં પ્રૉટેસ્ટન્ટ ઈસાઈઓ અને રોમન કેથલિક ઈસાઈઓ વચ્ચે વાર્તાલાપ થઈ શકે છે. ડેમોક્રેટિક યુનિયનિસ્ટ પાર્ટીના વડા ઈયન પૈઝલી તેમ જ સિન્ન ફ્રિયેન પક્ષના વડા જેરી એડમ્સ, ૨૬ માર્ચના, પહેલવહેલા, મળ્યા હતા અને પછી સંયુક્ત પત્રકાર પરિષદને પણ તેમણે બંનેએ સંબોધિત કરી હતી. આ ખુદ એક અભૂતપૂર્વ ઐતિહાસિક ઘટના ઘટી છે. એક વેળાના બંને દુશ્મન પક્ષો સાથે મળીને હવે શાસનતંત્ર પણ ઊભું કરી રહ્યા છે. તે પણ આજની પરિસ્થિતિનું દ્યોતક છે.

જર્મનીના વિખ્યાત પત્રકાર અને સરકારના અગત્યના એક સલાહકાર થિયો સોમરે, હાલ, "ઇન્ડિયન એક્સપ્રેસ"ને આપેલી એક મુલાકાતમાં કહેલું તેમ, શીતયુદ્ધના યુગ પછી, મહાસત્તાધીશ અમેરિકાએ દાટ વાળ્યો છે અને આપણે હવે અ-ધ્રુવવાળા જગતમાં વસીએ છીએ; અને તે સાથે સાથે બીજી અનેક ધરીઓ આજે ઊભી થઈ છે જેવી કે, યુરોપ, ભારત અને ચીન. ત્રીસેક વરસમાં તો આપણે બહુ-ધરીય જગતમાં રહેતા હોઈશું, એવી એમણે દલીલ માંડી હતી. આજનાં વાતાવરણમાં, અમેરિકાના આધિપત્ય સામે યુરોપને સમાંતર સત્તા જોવાનું જર્મની, ફ્રાન્સ જેવા દેશોનું સ્વપ્ન રહ્યું જ છે. વળી, એશિયા ખંડમાં ચીન તથા ભારત અધિક વિકાસને માર્ગે ફંટાતા એમની જોડે ય સરસાઈ કરવાની થવાની છે. બીજી પાસ, રશિયા પોતાની તાકાતનું જોર પણ ફેર બતાવતું થયું છે. આ સંદર્ભમાં, હવે પછીના વરસો કેવાં હશે, તે જોવાનું રહેશે. આંતરરાષ્ટ્રીય સમજદારી માટેનું જવાહરલાલ નેહરુ પારિતોષિકનો નવી દિલ્હીમાં સ્વીકાર કરતાં કેનિયાનાં મુઠી ઊંચેરાં શહેરી વાંગારી માથાઈએ કહેલું, તે ખસૂસ ધ્યાનાસન છે : 'જેમની પાસે સત્તા છે તે સાધનસામગ્રીઓ કોણ કોણ વાપરે તે નક્કી કરે છે. પરંતુ સત્તાવિહીન લઘુમતીઓનું સન્માન જળવાય તેવું શાસન આપણને ખપે છે.'

# 'શું હું માણસ અને ભાંડું નથી કે ? ...'

૦ વિપુલ કલ્યાણી

હેં ભઈ ! ... કહીને કોઈ પૂછે : 'વિલિયમ વિલ્બરફોર્સ', 'ઔલાડા ઈક્વાઈનૉ', 'ગ્રેનવિલ શાર્પ', 'ટૉમસ ક્લાર્કસન', 'હાના મૂર' અને 'ઈગ્નેશિયસ સાંચો' હતાં કોણ ? ... તો આપણે દરેક, કદાચ, માથું ખંજવાળીએ ! બંને હાથના પંજા ઊંધાચત્તા કરતાં કરતાં દેહભાષાની કોઈક વાતમાં લપેટાઈ પડીએ; તેમ જ પછી, મોં વકાસીને એકાબીજા સામે જોયા કરીએ. પરંતુ કાચોપાકો ઈતિહાસ ક્યારે ય જો ભણવાને થયો હોય, તો, ભલા, વિલિયમ વિલ્બરફોર્સ'નું નામ, કદાચ, સાંભરે, તો લગીર નવાઈ નહીં !

બ્રિટિશ ફિલાટેલી વિભાગે, ૨૨ માર્ચ ૨૦૦૭ના રોજ, ખાસ પાંચ ડાક ટિકિટો જારી કરી છે. પ્રથમ આવરણ પરબીડિયાં પરેનાં ખાસ એક સ્મૃતિ- ચિહ્નનું આ વાક્ય ચોમેર ધ્રુવવાક્ય, જાણે કે, ઠરતું હોય તેમ આંખે ફરી ફરી વળગી જાય છે : **'Am I not a man and a brother ?'** ('શું હું માણસ અને ભાંડું નથી કે ? ... ')

ગુલામીના વેપારની નાબૂદીનો ખરડો પસાર થયો તેની બસોમી જયંતી જગત ભરમાં અનેક જગ્યાઓએ મનાવવામાં આવી રહી છે. તે ટાંકણે આ ડાક ટિકિટો બહાર પડી છે. તે પરે પાયાનાં આ છ પથ્થરોને જાણે કે આબરુભેર જડવામાં આવ્યા છે. યૉર્કશરના હલ નગરના સંતાન વિલિયમ વિલ્બરફોર્સ (૨૪.૮.૧૭૫૯ - ૨૯.૭.૧૮૩૩) એ સૌમાં ધ્યાનાસને છે. પોતાની કાર્યપદ્ધતિથી, નિષ્ઠાથી અને આગેવાનીથી એ ચોમેર છવાઈ રહ્યા. એક વેળાના બ્રિટિશ વડા પ્રધાન, વિલિયમ પીટ્ટ, ધ યન્ગરના જિગરી દોસ્ત પણ ખરા. ૨૫ માર્ચ ૧૮૦૭થી બ્રિટને આ પ્રથા હેઠળ ગુલામીના વેપારનો જો કે નિષેધ કરેલો; પરંતુ બ્રિટને આ પ્રથાને ત્યારે સરિયામ તિલાંજલિ આપી નહોતી. તેને સારુ ૧૮૩૩ની તવારીખ જ જાણે કે લખાઈ હતી. વળી, બીજાત્રીજા દેશોની આગેવાની હેઠળ બાકીસાકી જગતમાં આ પાપાચાર તો એ પછી પણ વકરતો જ રહેલો.

તે દિવસોમાં, 'સોસાયટી ફૉર ઈફેક્ટીંગ ઑફ ધ આફ્રિકન સ્લેવ ટ્રેડ સપોર્ટ'ની અહીં રચના થયેલી અને ૧૭૮૭ સુધીમાં તો તે સંસ્થા બ્રિટન ભરમાં સક્રિય બની ગઈ હતી. એક પાસ, વિલિયમ વિલ્બરફોર્સ આ સંસ્થાના એક પ્રવક્તા તરીકે સંસદ ગજવતા હતા. બીજી પાસ, ઔલાડા ઈક્વાઈનૉ તો પોતાની આત્મકથા માટે જાણીતા છે. આ શ્યામવર્ણી લેખક આ આંદોલનમાં પૂરેવચ્ચ રહેલા. ગ્રેનવિલ શાર્પ ખુદ એ આંદોલનમાં સક્રિય તો હતા, પણ કાનૂની માર્ગદર્શન આપવામાં જેમ તે આગળ રહ્યા તેમ નાનીમોટી આર્થિક સહાયતા આપવામાં પણ તેમણે આગેવાની કરેલી. ટૉમસ ક્લાર્કસન સંશોધનકામમાં ખૂંપી રહેલા અને દેશ ભરમાં ઘૂમી વળીને નમૂના-દાખલાઓ, દૃષ્ટાન્તો ભેગા કરવાનું તેમણે જબ્બર કામ કરેલું. 'ફૉર ધ લવ ઑફ ફિલ્થી ગોલ્ડ' નામની કેટલીક કવિતાઓનાં કવયિત્રી હાના મૂરને નામ 'ધ સોરોઝ ઑફ યામ્બા' નામનો કાવ્યસંગ્રહ પણ જમે પડ્યો છે. તેમણે આ પ્રથાની ખિલાફ અનેક નાટકો લખેલાં અને ભજવાવ્યાં ય હતાં. એક ગુલામનું સંતાન એટલે ઈગ્નેશિયસ સાંચો. તે તો તેના પત્રલેખનથી જાણીતા થયા છે. તેણે આ દેશમાં ગાંધિયાણું ય કરેલું અને આ ગુલામીની પ્રથા સામે સક્રિયપણે માથું ય ઊંચકેલું.

એડવર્ડ જુબા નામના એક ગુલામની રસપ્રદ કહાણી મળે છે. તેને લેસ્ટરશરના પરગણાંમાં લાવવામાં આવેલા, પણ નસીબે તેને યારી આપી અને પાછળથી એ ખુદ 'ફ્રીમેન ઑફ ધ સિટી ઑફ લેસ્ટર'નું બિરુદ મેળવનાર પહેલવહેલા શ્યામ નબીરા બનેલા. રોબર્ટ ટેમ્પલ, ઈલિઝાબેથ હેયરિક, ટૉમસ બેબિંગ્ટન તથા સુઝાના વૉટ્સ જેવાં લેસ્ટરનાં નામવર શહેરીઓએ પણ આ ક્ષેત્રે બહુ જ ઉદારદિલી સક્રિય કામ કર્યું છે. વિલ્બરફોર્સ અવારનવાર એમને ત્યાં ય આવી ચડતા.

ગુલામીના વેપારની આ પ્રથામાં, એ સમયે, એક ગોરા પાદરી ય, આફ્રિકા ખંડના પશ્ચિમ કિનારે, સિયેરા લિયોનમાં, સક્રિય હતા. જ્હોન ન્યુટન નામના આ પાદરીને અનુભવે જ્ઞાન લાધ્યું. અને પછી, આ પ્રથા વિરોધી આંદોલનમાં તે સક્રિય બની જાય છે તેમ જ ઈસાઈ ધર્મનો ત્યાં નવો પંથ કાઢે છે. એમણે લખેલી એક દેવસ્તુતિની પહેલી કડી પરથી, 'એમેઝીંગ ગ્રેઈસ' નામે એક સરસ મજાની અંગ્રેજી ફિલ્મ હમણાં અહીં બની છે. તેમાં આ વિલ્બરફોર્સની જીવનકથા આલેખાયેલી છે. એટિનબરૉની જગપ્રસિદ્ધ 'ગાંધી'ની યાદ અપાવે તેવી આ કચકડે મઢી ગાથા થઈ જ હશે.

---

દાયકાઓ પહેલાં, ભારતના ઋષિતૂલ્ય દાર્શનિક વિનોબાએ 'એ.બી.સી.'ના ત્રિકોણની વાત વખતોવખત ઉચ્ચારી હતી. એ તો ગણિતી ય હતા અને વળી રચનાત્મક આગેવાન પણ હતા. એમની આવી રજૂઆતમાં રામમનોહર લોહિયા જેવા કેટલાક આગેવાનોની તથા વિચારકોની દલીલો ય ભળતી હતી. 'એ' એટલે અફઘાનિસ્તાન. 'બી' એટલે બ્રહ્મદેશ. અને 'સી' એટલે સિલોન, આજનું શ્રીલંકા. આ સઘળા મુલકોનું સમવાયતંત્ર રચાવું જોઈએ, એવી વાતનો સૂર એમનાં લખાણોમાં અને પ્રવચનોમાંથી ઊઠતો રહેતો. વિનોબાજી ત્યારે ય સાચા હતા; આજે એથી પણ ક્યાં ય વધારે સાચા છે. ભારતના વિદેશ પ્રધાન પ્રણવ મુખરજીએ, તાજેતરમાં, બ્રિટિશ બ્રોડકાસ્ટીંગ કોરપોરેશનની હિન્દી સેવાઓ માટે એક મુલાકાત આપી છે. એમાં જે સવાલજવાબ થયા હતા તેને આ સંદર્ભમાં લેવા રહે. તે રસપ્રદ મુલાકાત હતી. 'આશિયાન'ની સરખામણીમાં 'સાર્ક'ની તાકાત વધારવા અને વિસ્તારવા માટેના તેમાં કેટલાક વહેવારુ સૂચનો આમેજ છે.

આ 'સાર્ક'ને પગલે પગલે, કાશ્મીર સહિત ભારત પાકિસ્તાન વચ્ચેના સઘળા કોયડાઓનો ઉકેલ આવી રહે, વળી બંગલાદેશ જોડે પાણીનો પ્રશ્ન ઉકેલાય તો દેશ ભરમાં ત્સુમાની જેવો કોમવાદી વેરઝેરનો જે પવન સતત સૂસવાટા મારે છે તેને અંકુશમાં લાવીને નિર્મૂળ કરી શકાય તેમ છે. વળી, પશ્ચિમના હથિયાર ઉત્પાદકો જે ગાડાંમોઢે નાણાં ઓરી લે છે, તેને, બદલામાં, સામાન્ય નાગરિકોના લાભો માટે વાપરી શકાય. મુક્ત વેપારથી જેમ ભારત અને શ્રીલંકાને ફાયદો થયો છે, તેવો ફાયદો પાકિસ્તાન સહિતના દેશોને પણ મળી શકે. ભુતાન સાથે વીજળી અંગે જે સમજૂતી થઈ છે તેને કારણે બંને દેશોને જ ફાયદો થયો છે. બાંગલા દેશ અને ભારત વચ્ચે રેલવ્યવહાર ઊભો થાય અને પાવર ગ્રિડની ગોઠવણ થાય તો બંને દેશોને પારાવાર લાભ થાય તેમ વકી છે.

ભારતના પૂર્વ વિદેશ સચિવ શશાંક શેખરના મત મુજબ, 'સાર્ક' દેશો વચ્ચે બધા મુદ્દે સહમતી નથી. પરંતુ વાતચીત યોગ્ય માર્ગે આગળ વધી રહી છે, તેમ તે કહેતા હતા. 'આપણે સકારાત્મક મુદ્દાઓ પર જ ધ્યાન આપવું રહ્યું. આ જુઓ ને, એમાં સામેલ થવા માટે નવા દેશોમાં કેવી તડપન છે. અહીં કંઈક બદલાવ આવી રહ્યો છે તેવું તેમને લાગી રહ્યું છે.' આ વિદ્વાન અધિકારીના મતે કાશ્મીર બાબતે ભારત અને પાકિસ્તાન વચ્ચે વાતચીત જારી છે અને સમજદારી વધતી જાય છે. 'સાફ્ટા' વિશેની બાબતમાં ધીરે ધીરે ઊકેલ આવી રહેશે, એમ પણ તે માનતા હતા.

ઈતિહાસના એક ચોખંભે, એકદા, હિન્દુસ્તાનમાં વેપારઉદ્યોગ ક્ષેત્રે વાર્તોપજીવી સંઘ હતો. કૌટિલ્યે કહેલું તેમ વળી રાજશબ્દોપજીવી સંઘ પણ રચી શકાય તેમ છે. આજના જાગતિક સંદર્ભમાં ભૂ-રાજકીય સમીકરણોની આ માગ રહી છે. ભારતે, ફરીવાર, પડોશી દેશોનો વિશ્વાસ સંપાદન કરવાનો છે અને દૂરંદેશ આગેવાની બતાવવાની છે.

**પાનબીડું :**

*કભી કભી યૂં ભી હમને જી કો બહલાયા હૈ*
*જિન બાતોં કો નહીં સમઝે ઔરોં કો સમઝાયા હૈ.*

**- નિદા ફાઝલી**

(ભારતીય દૈનિક, "ઈન્ડિયન એક્સપ્રેસ", ૪ એપ્રિલ ૨૦૦૭ના સૌજન્યે, પહેલે પાને હસ્તચિત્ર લીધું છે.)

'ગુજરાતી વિશ્વકોશ'ના ખંડ છમાં, ઇતિહાસકાર જયકુમાર શુક્લ તથા શિક્ષણકાર અને "ગેઝેટિયર"ના એક વેળાના સંપાદક શિવપ્રસાદ રાજગોરને, નામે 'ગુલામી પ્રથા' નામક એક વિસ્તૃત અધિકરણ અપાયું છે. 'માણસની માણસ ઉપરની માલિકી તથા તેનું નિરંકુશ શોષણ કરતી પ્રથા' જેવી વ્યાખ્યા એ બંનેએ આપી છે. અને પછી એ અધિકરણનો પહેલો જ ફકરો સ્ફૂટ કરે છે : 'જંગમ મિલકત તરીકે ગુલામ ખરીદાતો - વેચાતો, ભેટ અપાતો અને તેનો વિનિમય થઈ શકતો. ગુલામોનાં સંતાનો પણ ગુલામીમાં સબડતાં હતાં અને તેમને દેહાંતદંડની શિક્ષા કરી શકાતી. સ્ત્રી ગુલામો સાથે માલિક દુરાચાર કરી શકતો.' આ બંને વિદ્વાનોએ આ પ્રથાનો ઇતિહાસ વિસ્તારથી આપ્યો છે. ભારતના ઇતિહાસમાં પણ ગુલામીની પ્રથાના અનેક દાખલાઓ નોંધાયા પડ્યા છે. તેની વિગતો પણ આ વિદ્વાનોએ અહીં આમેજ કરી છે. એક અંદાજ પ્રમાણે, કેટલાક આરબ વેપારીઓ જોડે, ધંધારોજગારની શોધમાં પરિભ્રમણ કરતા રહેલા કેટલાક ગુજરાતીઓ પણ આ પ્રથાનો લાભ લેવામાં એ દિવસોમાં સક્રિયતાએ પ્રવૃત્ત હતા.


આપણી આ વાતનું ફલક ક્ષિતિજને પેલી પાર વિસ્તરી જાય, તે હાલ, જોવું નથી અને આથી તેને, એક તરફ, બ્રિટન સહિતના યુરોપ અને બીજી બાજુ, આફ્રિકા ખંડ સુધી જ કેન્દ્રસ્થ રાખવું મુનાસિબ લેખીએ તો કેવું ? ... વારુ, આ સમૂળી પ્રથાના મૂળમાં અર્થતંત્ર રહેલું છે. વેપારધંધાના વિકાસમાં પાણીને મૂલે દહાડિયાની જરૂરત રહી છે. એ નપાણિયા મૂડીવાદના દિવસોમાં ધર્મકારણ, રાજકારણ અને સમાજકારણ પણ તેમાં લપેટાયું રહ્યું. તેમાંથી શોષણ પેદા થયું. શાસકોના ઓઠા હેઠળ, ધર્મ પ્રચારકોના ઓછાયામાં આ મૂડીવાદીઓ, સાવ્વેસાવ, સસ્તી પ્રથાની શોધમાં એશિયા, આફ્રિકા સમેતના દેશો ખૂંદી વળેલા. એમાંથી આ ગુલામીની પ્રથા ઉદ્દભવી હોય, એમ દેખીતું લાગે.



**આ નઠારા કિલ્લાનું એક દૃશ્ય**

સન ૧૪૮૨ના અરસામાં, ફિરંગી (પોર્ટુગલના વતનીઓ) વેપારીઓએ, પશ્ચિમ આફ્રિકામાં આવેલા હાલના ઘાનામાં, દરિયા કાંઠે, એલ્મિના કાસલ નામે એક કિલ્લો બાંધેલો. વલંદાઓ (ડચ લોકો) અને ત્યાર પછી અંગ્રેજોના તાબામાં આ કિલ્લો, એ પછી, આવી પડે છે. એ ગોઝારા કિલ્લામાંથી આ ગુલામી પ્રથાનો પાપાચાર આરંભ થયેલો, તેમ ઇતિહાસ નોંધે છે. આફ્રિકાના સહરા નામે મહા રણ હેઠળના પ્રદેશોમાંથી ગુલામો એકઠા કરી કરી પશ્ચિમમાં મોકલી આપવાનું આ મુખ્ય થાણું બની રહેલું. 'ધ ડૉર ઑફ નો રિટર્ન' તરીકે હાલ જાણીતા આ થાણા વાટે, ઘણાના મતે એકાદ કરોડ આફ્રિકીઓને આ પ્રથા હેઠળ ગુલામ બનાવાયા હતા. જ્યારે કેટલાક એ આંક છ કરોડનો અંદાજે છે.

બ્રિટિશ કાઉન્સિલ હેઠળ, આ એલ્મિના કિલ્લાના પરિસરમાં, આ દિવસોમાં, એક જાહેર સ્મૃતિસભાનું આયોજન થયું હતું. ત્યાં બ્રિટિશ સરકારનાં એક પ્રધાન, ગુયાનાનાં વંશજ પણ મૂળગત આફ્રિકી ઓલાદ, બેરોનેસ એમોસ સહિત આફ્રિકાનાં કેટલાં ય શાસકો, રાજકારણીઓ સામેલ હતાં. બ્રિટિશ વડા પ્રધાન ટૉની બ્લેરનો અવાજ પણ ત્યાં પડઘાતો હતો : *'અમારી ઊંડી વેદનાની લાગણીઓ તથા અમારા રાષ્ટ્રની એ બૂરી કામગીરી બાબત ખેદ વ્યક્ત કરવાનું યુનાઇટેડ કિંગ્ડમ માટે આ ટાણું છે.'* ... અહીં, લંડન ઉપરાંત, હલ, લિવરપુલ, બ્રિસ્ટલ, લેસ્ટર, કાર્ડિફ, ગ્લાસગો જેવાં જેવાં અનેક મથકોમાં અનેક પ્રકારના સ્મૃતિ કાર્યક્રમો થયેલા. પ્રોટેસ્ટન્ટ ઈસાઈઓના ધર્મગુરુઓની આગેવાનીમાં, વળી, જાહેર ખેદ દર્શાવવા અને જાહેરમાં દિલગીરી વ્યક્ત કરવા એક સરઘસ પણ નીકળેલું.



**ગુલામોની હેરાફેરી કરતા એક હોડકાનું આલેખન**

વારેપરબે જ્યાં કોમી દંગલો ફાટી નીકળે છે તેવા આપણા મુલકમાં આજના આપણા શાસકો અને વિધવિધ ધર્મ ફિરકાઓનાં સાધુસાધ્વીઓ, સ્વામીસ્વામિનીઓ, ગુરુઓ, પારાયણીઓ, બાવાબાવીઓ, મુલ્લા - મૌલવીઓ કે પછી પાદરીઓ જાહેરમાં આવી ક્યારેક માફામાફી કરે તો ખરેખર આનંદ જ થાય. ... દોસ્ત મારા ! હવે તો તે સારુ પલોંઠ લગાવી છે કેમ કે એ રાહની તલપ લાગી છે. ... સ્વાભાવિક, છેવટે તો દરેક સામાન્ય નાગરિકનો એ જ એક પ્રશ્ન-નાદ રહ્યો છે તથા રહેવાનો છે : 'શું હું માણસ અને ભાંડુ નથી કે ? ... '

સંસ્થાનવાદી શાસકો સામે 'નાની' નામની એક મર્દાનગીવાળી આગેવાન બાઈનું નામ કેરેબિયાઈ ટાપુઓમાં આજે આદરભેર સાંભળવા મળે છે. જમૈકાની મરૂન કોમની આ બાઈએ, ૧૭૩૦ના અરસામાં, અંગ્રેજોને હંફાવવામાં અને હરાવવામાં ભારે મોટો ફાળો આપેલો. મૂળ આફ્રિકાથી આવેલી આ વીરાંગનાએ સમયસૂચકતાથી દૂરંદેશ આગેવાની કરેલી. ઘરઘરમાં દેવીસ્વરૂપ લેખાતી આ નાનીબાઈ વિશે, ત્યાં અનેક લોકવાયકાઓ, લોકગીતો આજે સાંભળવા મળે છે. જમૈકન મરૂને કેવો જંગ આદરેલો તેનું દિલધડક એક દૃશ્ય હાલમાં જોવા સાંપડ્યું છે. આ ઘટનનાનું ૧૭૯૫ના અરસામાં આ ચિત્રીકરણ થયેલું, જે બીબીસીના સદભાવે હાલ જોવા મળેલું.



**બ્રિટિશ સેનાને ખડેદવા તૈયાર જમૈકન મરૂનો : ૧૭૯૫**

આજકાલ, કોન્ડલિસા રાઈસ, અને તે પહેલાં, કોલિન પાવૅલ જેવાં મહાનુભાવોને યુનાઇટેડ સ્ટેટ્સ ઑફ અમેરિકાના શાસનમાં ઉચ્ચ હોદા પર જોઈએ છીએ. વળી, જેસી જેક્સન, બરાક ઑબામા, જેવાઓની રાષ્ટ્રીય સ્તરની કામગીરી ઊડીને આંખે વળગે તેવી છે. આ દેશમાં પણ, પોલ બોટાન્ગ, બેરોનેસ એમોસ, બેરોનેસ સ્કૉટલૅન્ડ, ડેવિડ લામી શાં પ્રધાનોને ઉચ્ચ સ્થાને ભાળ્યાં છે. બીલ મોરિસ શા કામદાર આગેવાન પણ છે. આ દરેક આ 'નાની' જેવાં, રોઝા પાર્ક્સ, માર્ટિન લ્યુથર કીંગ જેવાં

# 'મારી જિંદગી ક્યારે ય સ્વાભાવિક બની શકશે નહીં !'

○વિપુલ કલ્યાણી

... ... અને એ એક વાત એમ બની : અમર્યાદ મારઝૂડ કરતા ધણીને તેણે ઊંઘતા સળગાવી દીધો. ત્યાર પછી, કાનૂને તેનું કામ કીધું, ને અદાલતે તેને જનમટીપની જેલમાં ધકેલી દીધી. ... પરંતુ હવે પ્રતિક્રિયા તો જુઓ : આ એક દાખલાએ જ, ઘરેલું હિંસાચાર અંગેના બ્રિટનના કાયદાકાનૂનની રસમમાં, ધરખમ ફેરફાર આણ્યો છે.

---

એ સન ૧૯૮૯ની ઘટના છે. હા, પશ્ચિમ લંડનમાં આવ્યા, લઘુ પંજાબ તરીકે વિખ્યાત, સાઉથહોલની જ આપણે વાત માંડીને બેઠા છીએ. અહીં વસતી કિરણજિત આહલુવાલિયા નામની એક તદ્દન સાદીસીધી બાઈમાણસની આ વાત છે. તે બાઈની કથની, ખુદ કિરણજિતે અને રાહિલા ગુપ્તાએ 'સર્કલ ઑફ લાઈટ'નામે લખી, અને તે પરથી 'પ્રૉવોક્ડ' નામે અંગ્રેજીમાં અહીં એક ફિલ્મનું નિર્માણ થયું છે. ગઈ ત્રીજી એપ્રિલે તેનો પ્રિમિયર શૉ પણ અહીંના જગપ્રસિદ્ધ લેસ્ટર સ્ક્વેર ખાતે, હવે, થઈ ગયો. જગમોહન મુન્દ્રાએ ફિલ્મનું દિગ્દર્શન આપ્યું છે. જ્યારે ઐશ્વર્યા રાયે કિરણજિતની ભૂમિકા તેમાં ભજવી છે. નવીન એન્ડ્રયુઝે પતિ દીપકની, મિરાન્ડા રિચાર્ડસને જેલમાં બનેલી સખી - વગવસીલી વેરોનિકા સ્કોટની તથા નંદિતા દાસે 'સાઉથહૉલ બ્લેક સિસ્ટર્સ'નાં અધિકારીની પાત્ર-ભજવણી કરી છે. રૉબી કૉલટ્રેન, તથા સ્ટીવ મેકફેડન જેવા કલાકારોએ પણ આ ફિલ્મમાં અગત્યની પાત્ર-ભજવણી કરી છે. કેઈન્સના ફિલ્મ મેળામાં, આ પહેલાં, આ ફિલ્મની રજૂઆત પણ કરવામાં આવી હતી.

ઘરગથ્થુ અપરાધ એ કોઈ એક વિસ્તારની નવી નવાઈ નથી. જગતભરમાં, ઠેર ઠેર, તેનો ગંદો અને બિભત્સ ચાલ સૈકાઓથી ચાલ્યો આવ્યો છે. પરંતુ કોઈ તેની જાહેરમાં ચર્ચા કરતું નથી. ભારતમાં અને પશ્ચિમમાં પણ સિનેમાને પડદે ય તેની કોઈ વાત, ઝાઝી, કોઈએ મૂકી નથી. ખેર ! દુરાચારી પતિના હાથે સતત હિંસાચારનો અનુભવ કરતી કિરણજિતની સાચ્ચેસાચી ઘટના આ ચોપડીમાં ભરી પડી છે. અને હવે તેને આધારે આ ફિલ્મ બની છે. ઘરેલુ હિંસાચાર અંગે એમ જોવા જઈએ તો લોકજાગૃતિ લાવવાનો નુસખો હોય તેમ દેખીતું લાગે. ઉચ્ચ ભાવનાઓ સાથે ફિલ્મ બનાવાઈ છે, તે ખરું; પરંતુ તેની લાગણીશીલતાને સારુ જરૂરી વાચા તેમાં અપાઈ નથી. અગત્યનો વિષય કેન્દ્રવર્તી હોવા છતાં, તેને યોગ્ય ન્યાય અહીં મળતો નથી, તેમ અપરાજિતા ઘોષ સહિતનાં વિવેચકોએ નોંધ્યું છે.

જેનાં જીવનની ઘટનાઓને કારણે બ્રિટિશ કાનૂનમાં ફેર આવી શક્યો છે, તે કિરણજિત આહલુવાલિયાએ એક મુલાકાતમાં કહેલું : 'સાઉથહૉલ બ્લેક સિસ્ટર્સ'નો હૂંફટેકો; અને બ્રિટનભરની અનેક મહિલા જૂથોનો સહકાર ટેકો; મારા દાખલા બાબતનું એક પુસ્તક; અને હવે આ ફિલ્મ ... આ બધું પોરસાવે છે ખરું. પરંતુ તેથી મારી માનસિક ઈજાઓના કાપાઓમાં ક્યારે ય રૂઝ આવી શકે તેમ નથી. 'મારી જિંદગી ક્યારે ય સ્વાભાવિક બની શકશે નહીં !' અને પછી, લાગલા, તેમણે ઊમેરેલું : 'મારા બે દીકરાઓએ બહુ કાઠું કાઢ્યું છે તેનાથી મને આનંદ થાય છે. તે બંને યુનિવર્સિટીમાં અભ્યાસ કરે છે. અને મને જે અમર્યાદ ઈજાઓ પહોંચી છે તેની પીડામાં, આ હકીકત ઝાઝેરી શાતા આપે છે.'

કિરણજિત આહલુવાલિયાની ઘટનાઓ ઉપરાંત, વરસો પહેલાં, કામદાર ક્ષેત્રે, જયાબહેન દેસાઈએ આપી આગેવાનીને કારણે, આ દેશના કાયદાઓમાં બદલાવ આવ્યો હતો. એ જ રીતે, થોડાક વખત પહેલાં, રેડીંગની એક ગુજરાતી મહિલા, તૃપ્તિ પટેલ પર ચાલેલી અદાલતી કાર્યવાહી પછી ય આ દેશના કાયદાઓમાં બદલાવ આવ્યો છે.

વારુ, કિરણજિત સોળની થઈ ત્યાં સુધીમાં તો તેનાં માવતરનું મરણ થયેલું ને ભાઈઓનાં દબાણને વશ બની, ગોઠવણીનાં લગ્ન કરવા તે તૈયાર થયેલી. આમ, ૨૩ વર્ષની વયે કાયદાનો અભ્યાસ કરતી હતી તે છાંડીને દીપક આહલુવાલિયા સાથે તેને પરણી જવું પડ્યું. અને પછી, લગ્નના ત્રીજા દિવસથી જ હિંસાચારનો તેને સામનો કરવાનો આવ્યો. તે સિલસિલો તેણે દસદસ વરસ સહ્યે રાખ્યો. કિરણજિતને અંકુશમાં રાખવા દીપકે મરચાં ન ખાવાં પર તેમ જ કૉફી નહીં પીવા પર પણ પ્રતિબંધ ઘોષિત કરેલો ! સગાંસંબંધીઓ, સખીઓ તેમ જ ભાઈભાંડુંનાં પરિવારને હળવામળવા જવાની પણ તેને મનાઈ હતી. કિરણજિત સાથેનો સમૂળો વહેવાર જાણે કે તે ગુલામ હોય તેમ થતો રહ્યો.

લગ્ન પછી, દીપક બીજી સ્ત્રીઓને હળતો મળતો, પણ

---

જેવાંના કાર્યોને કારણે અને બલિદાનોને પરિણામે આ ફળ ભોગવી શક્યાં છે, તે નિર્વિવાદ વાત છે.

રાગીઆ ઓમાર જેવા બ્રિટિશ બ્રોડકાસ્ટીંગ સર્વિસીસના એક વેળાના ખ્યાતનામ પત્રકાર બાળ ગુલામીની વિગતોનાં તથા જાતીય ગુલામીની પ્રથા વિષે સંશોધનકામમાં ઝંપલાવે છે. ડાયનામાઈટ જેવી ગાયિકા મૂળ પ્રદેશોની મુલાકાતે જઈને આ પ્રથાની સામે લલકાર કરનારાંઓની વાતો એકઠી કરે છે, તો મોઈરા સ્ટ્યુઅર્ટ શાં ટેલિવિઝનનાં ઉત્તમ ન્યૂઝકાસ્ટર પોતનો વૈભવ અને વારસોની તલાશમાં ખૂપી જાય છે. લેની હેન્રી, ઓપરા વિનીફ્રે, બીલ કોસ્બી, ટ્રેવર ફિલિપ્સ તેમ જ ટ્રેવર મેકડોનલ્ડ જેવાં ઉત્તમ પત્રકારો અને રેડિયો-ટીવીનાં પ્રવક્તાઓને પણ ભૂતકાળ વિશે કંઈ કહેવાનું હોય પણ ખરું. રાહ જોઈશું. ઓપરા વિનીફ્રેએ, થોડા વખત પહેલાં કહેલું સાંભરે છે : *રોઝા પાર્ક્સે એ દિવસે સત્યાગ્રહ કર્યો અને બસમાંથી એ ઊભાં થયાં નહીં, એટલે જ આજે હું જે કંઈ છું, તે છું.* ... બડી મોટી વાત છે. મુઠ્ઠી ઊંચેરાં તપેશ્રીઓએ કરેલાં તપને કારણે, આપણે સૌ એમને ખભે ઊભાં છીએ માટે જ આપણે દરેક શોભીએ છીએ, સોહીએ છીએ.

ખેર ! ગુણવંતરાય આચાર્યની 'દરિયાલાલ' જેવી કેટલીક નવલકથાઓમાં, ચન્દ્રશંકર અમૃતલાલ બૂચ 'સુકાની'ની 'દેવોધાંધલ' તથા બળવંત નાયકની નવલકથા, 'મૂગા પડછાયા', 'વેડફાતાં જીવતર', ઇ.ને બાદ, આપણાં સાહિત્યમાં આ પ્રથા અંગે કેટલી સામગ્રી મળે ? આપણા સમાજમાં દેખાતી, અનુભવાતી શોષણોની અનેક વાતો અંગે કેટલાં લખાણ મળે ? ગુજરાતે ભોગવેલાં અનેક કોમવાદી દંગાફસાદ અંગે ય ઝાઝેરું સાહિત્ય મળતું નથી ! આવી તે આ કેવી બલિહારી ?! ભારતના પડોશી દેશ નેપાળમાં છોકરીઓને આજે ય વેઠની પ્રથાનાં ભોગ બનવું પડે છે. ભારતીય ઉપખંડના અનેક પ્રદેશોમાં પણ પરિસ્થિતિ બહુ કદાચ સારી નહીં હોય. એ વિશે આપણો લેખકગણ ક્યારે જાગે ? બી.બી.સી.ના સદ્દભાવે, નાઈજિરિયન કવિ ટોલુ ઓગૂનલેસીએ એક સરસ કવિતા, 'લોરેન્ઝો એન્ડ મરિયા' ઈન્ટરનેટ પર હમણાં તરતી મૂકી હતી. આપણી ગુજરાતીમાં આવું કેમ ન થઈ શકે ? ... ગુજરાતી સાહિત્ય પરિષદની વેબસાઈટે આવું લાભવા મળી ન શકે ?

એકવીસમી સદીને ઉંબરે, આજે સાપ ગયા અને લિસોટા રહ્યા હોય, તેમ પહેલી નજરે લાગે છે. પણ તેમ કહેવું તે સો ટકા સાચું ન ય ઠરે. આજે ગુલામીની પ્રથા રહી નથી, તેમ ખરેખાત કહી શકાય ? સમયના વહેણમાં, તેની અર્થછાયાઓ તો બદલાઈ જ છે ને ? સામાજિક ક્ષેત્રે, રાજકીય ક્ષેત્રે તેનાં અનેક વરવાં રૂપો આજે જોઈ શકાય છે. આજે ય શોષણનાં અનેક રૂપો, સ્વરૂપો આપણને ચોમેર જોવા મળે છે. વિલાયતના આપણાં આ સમાજમાં પણ ઠેર ઠેર તેના નમૂનાદાખલાઓ છે. ગુજરાત સહિત, ભારતમાંથી પેટિયું રળવા આવેલા હજારો યુવાનો સાથેનો આપણાં લોકોનો ય જે વર્તન વર્તાવ રહ્યો છે તેને, વારુ, શું કઈશું ? ક્યાંક શોષણની ચાડી તે શું ખાતો નથી ? વળી અન્યત્ર જોવા સાંપડતી 'બૉન્ડેડ લેબર' પ્રથા ય તેનું એક નવું રૂપ જ છે ને ? સ્ત્રીઓ સાથેનો વર્તનવ્યવહાર, વિધર્મીઓ સાથેની ગ્રંથિઓ, દલિતો, આદિવાસીઓ, વિચરતી જનજાતિઓ ઉપરાંત અન્ય વર્ણના લોકો પ્રત્યેની સમજ, ગેરસમજ અને દૃષ્ટિમાં પણ છેવટે જે સમાયું છે તે સઘળું આ અને આવી પ્રથાની જ દેણગી માનવી. આ વર્ણભેદ, આ રંગભેદ, આ જાતિભેદ, આ લિંગભેદ, આ ધર્મભેદ પણ આમ આવી આવી કોઈક પ્રથાનાં જ દ્યોતક છે.

(બી.બી.સી.ની વેબસાઈટના સદ્દભાવે આ ત્રણેય આલેખનો અહીં લેવાયાં છે.)

કિરણજિતને લાતો મારતો, ધોલધાપટ લગાવતો, પાટલૂનના પટ્ટાથી, ખાસડા વડે તેમ જ રાચરચીલાથી તે તેની પીટાઈ પણ કરતો રહેતો. ટૂંકામાં, તે પોતાની પરણેતરને 'પશ્ચિમી' બનવા દેવા ઇચ્છતો જ નહોતો ! વળી, તે કિરણજિતને નાગી છરીથી ડરાવતો. ધગધગતી ઈસ્ત્રીના દામ દઈ દેવાની પેરવી કરતો અને તેને રહેંસી કાઢવાની કે બાળી મૂકવાની વાત સતત કહ્યા કરતો. તેનાં પર બળાત્કાર પણ તેણે અનેક વાર કરેલાં. આવી માનસિક આને શારીરિક વેદાનાઓ અને પીડાઓમાં શાતા મેળવવા કિરણજિતે દારૂ પીવા માંડ્યો. ... અને આવા જ કોઈ વાતાવરણમાં, ૯ મે ૧૯૮૯ના, પોતાને હવે હદ આવી ગઈ છે તેવી યાતનાઓના અનુભવો બાદ, પોતાના સૂતેલા ધણીની રજાઈ પર પેટ્રોલ છાંટીને મારી નાખવાનું આખરી પગલું તે ભરે છે. તેની પાસે કોઈ ચારો ય રહ્યો નહોતો. બળવાઝળવાના દસેક દિવસે દીપકનું અવસાન થયું અને કિરણજિતને પોલીસે મારી નાખવાના આરોપ હેઠળ અટકમાં લીધી. અંગત જીવનના જાતીય હુમલાઓ વિશે જાહેરમાં વાતચીત કરવા, સંસ્કારગત, તેને શરમ આવતી હોવાથી અદાલતમાં તે વિશે જરૂરી રજૂઆત તે કરી ન શકી અને પરિણામે અદાલતે તેને કસૂરવાર ઠેરવીને જનમટીપની સજા ફટકારેલી.

૧૯૯૨ના અરસામાં, 'સાઉથહૉલ બ્લેક સિસ્ટર્સે' તેની વિગતોનો અભ્યાસ કરી, કિરણ આહલુવાલિયાનો કેસ હાથમાં લીધો. તેમણે ચોમેરે જનમત ઊભો કરવા આંદોલન પણ ચલાવ્યું. અનેક સભાબેઠકો કરી; લેખો ય કર્યા. 'સાઉથહૉલ બ્લેક સિસ્ટર્સનાં' પ્રજ્ઞા પટેલ, મીના પટેલ, વગેરેની આગેવાની હેઠળ સફળ ઝૂંબેશનું આદરણ પણ થયું હતું. અદાલતે અપીલ માટે પરવાનગી આપી. રોહિત સંઘવી જેવા કાબેલ સોલિસિટરના માર્ગદર્શક હેઠળ કેસ આગળ ચાલ્યો અને અદાલતે અપીલને મંજૂર રાખતાં, કિરણ આહલુવાલિયાને છોડી મૂકવાનો ચૂકાદો જાહેર થયો હતો.

કિરણજિત આહલુવાલિયાનો આ દાખલો ઉપરાંત, ડાયના બટલર, ક્રિસ્ટીન દેવાની, પેટ્રીશિયા ગાલાઘર, જેનેટ ગાર્ડનર, એમ્મા હમ્ફ્રીસ, ઝૂરા શાહ, જોસેફાઈન સ્મિથ, સારા થોર્નટન, ડોના ટિન્કર, વગેરે વગેરેના દાખલાઓ પણ કાયદાકાનૂનમાં ફેરફાર લાવવા કામે લાગ્યા હતા.

'સાઉથહૉલ બ્લેક સિસ્ટર્સ'નાં સાંપ્રત અધ્યક્ષ પ્રજ્ઞા પટેલે, અબીહાલ, 'ચેનલ ફોર'ને આપેલી એક મુલાકાતમાં કહેલું : ઘણાં બધાં સ્તરે આ ઘટનાને કારણે અર્થપૂર્ણ મહત્ત્વ ઊભું થયું છે. વળી, મહિલાઓ પ્રત્યે કાનૂનમાં જે વલણ હતું તેમાં ય આ દાખલો નવું પરિમાણ લાવતો થયો છે. વળી, કોઈ પણ પ્રકારની સામાજિક રીતરસમ હોય ત્યાં પણ મહિલાઓ પ્રત્યે ઘરેલુ અત્યાચારનું જે આચરણ થતું રહ્યું છે તે ભણી લોકોનું વિશેષ લક્ષ, હવે, દોરાયું છે.

'પ્રોવોક્ડ : મેરેજ, માર, મર્ડર' નામે, હમણાં, કાના બાટવાનો એક લેખ જોવા સાંપડ્યો છે. તેમાં તે કહે છે તેમ, 'લગ્ન નામની સંસ્થા એટલી બધી કૉમ્પ્લેક્સ્ડ - ગૂંચવણભરી છે કે તેના કોઈ એક છેડાને પકડીને તારણ ઉપર આવવું જોખમી બની જાય. લગ્ન પહેલાં ડાહ્યાંડમરાં લાગતાં સ્ત્રી-પુરુષ લગ્ન પછી કૂતરાં-બિલાડાંની જેમ ઝઘડવા માંડે છે. ઘણી સ્ત્રીઓ એવું માને છે કે લગ્ન પછી પુરુષનું ભયાનક પ્રાણીમાં રૂપાંતર થઈ જાય છે. સામા પક્ષે, સ્ત્રીઓ માટે એવું કહેવાય છે કે લગ્ન પછી રમણી રણચંડી બની જાય છે.

ત્રણ વર્ષ કેદમાં રહ્યાં બાદ, અપીલ સામે જીત મેળવીને બહાર આવ્યા પછીની દરેક મુલાકાતમાં, કિરણજિત કહેતી રહી છે : 'મેં કર્યું એવું કોઈ કરશો નહીં. લગ્નમાં તકલીફ હોય તો છૂટા પડી જાઓ.' ગુજરાત હોય, ભારત હોય કે પછી દેશપરદેશ ગયેલા ગુજરાતી અને ભારતીય માહોલનો સમાજ હોય, તે સઘળે અણગમતાં લગ્નમાંથી સરળતાએ છૂટવું શક્ય છે ખરું કે ? છૂટાછેડા લેવા ય દુર્લભ છે. હકીકતમાં, લગ્નસંસ્થા ખુદ ખરાબ નથી; તેમાં ઘૂસી ગયેલાં દૂષણો અને માન્યતાઓ ખરાબ છે. પત્ની પતિની ગુલામ નથી જ નથી. તે સંસારરથનું એટલું જ હકદાર બીજું પૈડું છે. આપણી સમાજવ્યવસ્થામાં આ વિશે ગંભીરપણે વિચારવિમર્શ થવો જોઈએ. સમાજે દંભ છોડીને, હકીકતમાં, સુધરવું જોઈશે.

બીજી તરફ, 'અમદાવાદ વિમેન્સ એક્શન ગ્રૂપ'નાં આગેવાન ઈલાબહેન પાઠક હમણાં આ દેશની ઊડતી મુલકાતે આવી ગયાં. એમણે તેમ જ એમની આ સંસ્થાએ પણ આ ક્ષેત્રે અત્યંત અગત્યનાં તેમ જ પાયાનાં નક્કર કામો કર્યાં છે. આ 'સાઉથહોલ બ્લેક સિસ્ટર્સ', આ 'અમદાવાદ વિમેન્સ એક્શન ગ્રૂપ' (અવાજ) જેવી જેવી આપણી અનેક આગવી સંસ્થાઓ વિશે પણ આપણા સમાજે વિગતવાર જાતમાહિતીઓ મેળવતાં મેળવતાં તેમને પુષ્ટિકારી કાર્યો પણ હાથ ધરવા જરૂરી છે.




Swamiji called....., he says no matter what, unless we perform "Maha Yagna" our chances of winning the World Cup are very slim.

# નમુનેદાર બેસણું

૦ જગદીશ શાહ

ગયે મહીને મુંબઈમાં એક વીશીષ્ટ પ્રકારનું બેસણું થયાના સમાચાર છાપાના એક ખુણેથી વંચાઇ ગયા. ખરેખર મારા જેવો તંત્રી હોત તો તો આ લબાડ રાજકારણીઓના વાણી-વીલાસને બદલે આ ક્રાંતીકારી સમાચારને પહેલે પાને આકર્ષક મથાળું બાંધીને આપત.

પાકટ વયે એક રસીક બહેન ગુજરી ગયાં. તેમને ફુલનાં કુંડાંનો. જુની ફીલ્મોનાં ગીતોનો અને વીવીધ વાનગીઓ બનાવી જમવા-જમાડવાનો શોખ. તેમના મૃત્યુ પછી તેમના. તેવા જ રસીક અને ક્રાંતીકારી પતીએ વીશીષ્ટ પ્રકારનું બેસણું રાખ્યું.

બેસણાના સ્થળે પહોંચવાના રસ્તાની બન્ને બાજુ ફુલનાં કુંડાંઓની હારમાળા કરવામાં આવી હતી. ભજનોની કેસટ કે ભજનીકોની ભજન-સંધ્યાને બદલે જુની ફીલ્મોનાં ગીતોની કેસેટ વાગતી હતી. ત્યાં બોર્ડ મુકવામાં આવેલું હતું કે. 'સ્વર્ગસ્થને ગમતાં ફુલનાં કુંડાં અને વીસરાતા સુરને માણ્યા પછી તેમને ગમતી વાનગીનો આસ્વાદ કરીને જશો તો સદ્દગતના આત્માને શાંતી મળશે.'

હા જી. બેસણામાં ભોજના અને ફીલ્મીગીતો! આ સમાચારથી હું તો અત્યંત પ્રસન્ન થઇ ગયો! વાચક છાતી ઉપર હાથ મુકીને કહે કે બેસણામાં જવાનું થાય છે ત્યારે શી લાગણી થાય છે? સફેદ કપડાં પહેરીને. સોગીયું મોં રાખીને (અને વળી કેટલાંક ભાઈ-બહેનો તો તે માટેનો મેકઅપ બ્યુટી પાર્લરમાં કરાવીને) જવાનું. ત્યાં મુકેલ ફુલો કે પાંખડીઓ લઈ મૃત શરીરના ફોટાને ચડાવવાનાં અને એક ખુણે બેસી શાંત-પરલોકને યાદ કરાવે તેવુ ભક્તીસંગીત સાંભળવાનું. સતત પ્રવૃત્તીમાં રહેનારને તો ૧૦-૧૫ મીનીટ મુગા બેસી રહેવાનું મુશ્કેલ હોય છે; તેથી આ પ્રસંગેય બાજુની વ્યક્તી સાથે વાત કર્યા વગર રહેવાતું નથી. પતી-પત્ની સાથે ગયાં હોય તો, ૫-૭ મીનીટ થઈ ન થઈ અને એક બીજા સામે જોયા કરે. ક્યારે ઉઠે ને અહીંથી વીદાય થઈએ. હાથ જોડીને ઉભા થઈ રસ્તે પડવાનું. તદ્દન નીર્જીવ. દંભી દેખાડો આવાં બેસણામાં હોય છે.


તેને બદલે સમાચારમાં જણાવ્યા મુજબનું બેસણું નવી ભાત પાડનારું ગણાય. આ ચીલો પાડવા જેવો ખરો. મુંબઇ જેવા શહેરમાં કે ગામડામાં બે-ચારકલાક જવા-આવવાના થતા હોય ત્યાં પાણી અને કંઈ ખાવા-પીવાની ચીજ પહોંચતા માણસોએ રાખવી જોઈએ. નહીં તો બેસણામાં જનાર કે નીકળનાર બહાર કાંઈક ને કાંઈક પેટમાં ઓરીને જ જાય છે.

આવી બધી વીધીઓને જીવતી-જીવંત કરવાની જરુર છે. સામાન્ય માણસથી આ નહીં થાય. વીચારકો અને સામાજીક કાર્યકરોએ સમાજને આંચકો આપવા આવા ક્રાંતીકારી ફેરફારો કરવા જોઈએ.

બેસણામાં કરવા જેવો એક સુધારો સુચવું. સદ્દગત વીશે બે શબ્દો લખી શકાય. તે માટે બે- ત્રણ ઠેકાણે પ્રવેશદ્વારે ઉંચાં ટેબલ ઉપર નોટબુક અને પેન રાખવાં જોઇએ. તે સાથે ટપાલપેટી જેવી પેટીઓ પણ રાખી શકાય. ઘરેથી લખીને લાવનાર તેમાં તે નાખી શકે. વળી. મૃત વ્યક્તીની ઓળખાણ સૌને એક સરખી નથી હોતી નથી. તેથી તેમની જીવન-ઝરમર અને શક્ય હોય તો જીવનમાંથી પ્રેરણા લેવા જેવી બાબતો-પ્રસંગોને સમાવતી નાનકડી પુસ્તીકા(ઉપર તેમના ફોટા સાથેની) આપી હોય તો પ્રાસંગીક થાય. સફેદ વસ્ત્રો અને સોગીયાં મોઢાંનીયે જરુર ન ગણાય.

અલબત. બેસણું કરવું એ જરુરી ન લેખાવું જોઈએ. જેમ સમારંભો-સંમેલનોમાં 'રુબરુ ન આવી શકો તો સંદેશો મોકલી આપશો' એવું લખાણ ઘણા કરે છે તેમ; બેસણાની જાહેરાતમાં જ 'રુબરુ આવવાની પ્રતીકુળતા હોય તો આપનો સહાનુભુતીપત્ર મોકલી આપશો' એવું તા.ક.માં છાપી શકાય.

## લેખક પરિચય:



૧૯૩૪માં ટાંગુ(મ્યાંમાર-બ્રહ્મદેશ)માં જન્મેલા જગદીશ શાહ ત્રણ વર્ષની ઉંમરે પરીવાર સાથે વડોદરા આવી સ્થીર થયા. અભ્યાસ વડોદરામાં. ઈન્ટર સાયંસમાં કૉલેજ છોડી. ત્યારે પણ અભ્યાસમાં. સામાજીક કાર્યોમાં. અખાડામાં અને નેતાગીરીમાં અગ્રીમ હતા. આજે પણ જનહીત ધરાવતા કોઈ પણ નવા વીચારને અપનાવવા સદા તત્પર. તે કારણે જ કદાચ આ સર્વોદયી નેતા અલગ પડવાના ભય વીના શરુઆતથી જ 'ઉંઝાજોડણી'ના ચુસ્ત સમર્થક રહ્યા.

આઝાદીની લડત વેળા ઉંમર નાની; પણ પછી વીનોબાજી જોડે ભુમીસમસ્યાના ઉકેલના કામે જોડાયા. પરીવારને આ કદમ ન રુચતાં ૧૫ ઑગસ્ટ ૧૯૫૩ના દીને ઘર ત્યજ્યું અને વીનોબાજી જોડે દેશભ્રમણ કર્યું. પછીથી તે સંદેશ લઈ રવીશંકર મહારાજથી માંડી નારાયણ દેસાઈ જોડે ગુજરાતયાત્રા કરી. ગુજરાત અને ભારતના 'સર્વોદયમંડળ'ના પ્રમુખ-મંત્રી તરીકે યશસ્વી કામગીરી કરી. શીક્ષણ. આરોગ્ય. જનજાગૃતી માટેનાં કામો સતત કરતા રહ્યા છે.

૧૯૭૫ની કટોકટી દરમયાન નીર્ભયલેખન બદલ જેલવાસ પણ ભોગવ્યો. 'ભુમીપુત્ર'ના તંત્રી તરીકેના લેખનથી ગુજરાતના જાહેરજીવન સાથે સવીશેષે સંકળાયા. વડોદરાનાં કોમી રમખાણો વેળા શાંતીસૈનીક તરીકેની એમની સાહસપુર્ણ ભુમીકા નીર્ભયતાનું ઉદાહરણ બની રહી.

'ભુમીપુત્ર'માં એમની લોકપ્રીય કટાર 'સમાચારને સથવારે' ઉંઝાજોડણીમાં પ્રકાશીત થાય છે. દેશવીદેશ બહોળો વાચકવર્ગ ધરાવતા 'શીવામ્બુ' નામના માસીકના તેઓ તંત્રી છે અને તે પણ ઉંઝાજોડણીમાં પ્રકાશીત થાય છે. નીર્ભય. સાદા. અપરીગ્રહી. સરળ. નીખાલસ અને આ સર્વોદયી રેશનાલીસ્ટ(વીવેકબુદ્ધીવાદી) ગાંધીજન ગુજરાતનું ઘરેણું છે.

૧૯૬૦માં જીવનસંગીની બનેલાં મંજુલાબહેન પ્રવૃત્તીમય પળોમાં હરક્ષણ સાથે જ હોય. દીકરા કપીલભાઈએ સજીવખેતીનાં સંશોધન-પ્રયોગોમાં અને ડૉ. ભરતભાઈએ કુદરતી ઉપચાર ક્ષેત્રે નેત્રદીપક કામગીરી આરંભી છે. બંને ભાઈઓએ પણ આશ્રમને જ પોતાની કર્મભુમી બનાવી છે.

બેસણામાં આવનાર અને આવી ન શકાતાં સંદેશો મોકલી આપનાર સૌને મૃત વ્યક્તીને ગમતી કોઈ એક કે અનેક ચોપડીઓ પૈકીની એક-એક ચોપડી ભેટ આપી-મોકલી શકાય. તેમાં ચારેક પાનાં ફોટા અને જીવનઝરમરનાં ચોંટાડી શકાય.


આની સાથે મરવાના અયોજનનુંયે વીચારવા જેવું છે. નામ તેનો નાશ નીશ્ચીત છે. સૌને વહેલા-મોડા આ દેહ છોડીને જવાનું જ છે. એટલે શાણા માણસો મરતાં પહેલાં વસીયતનામું કરી નોંધાવી રાખે છે. આ વસીયતનામું મોટે ભાગે સ્થાવર જંગમ મીલકતોની વહેચણીનું જ હોય છે. આ અંગેય વીચારવા જેવું છે. માનવ-જીવનમાં માત્ર અર્થનો જ પુરુષાર્થ કરવાનો નથી. ધર્મ-અર્થ-કામ અને મોક્ષ એમ ચાર પુરુષાર્થ કરવાના હોય છે. એ ચાર પૈકી પોતે શું શું કર્યું અને શું શું કરવાનું બાકી છે. તેનું ચીંતન સાઠીમાં આવ્યા પછી દરેકનું થવું જોઈએ. સાઠી એટલે ઓગણસાઠથી અડસઠ વરસ-- એવી મારી સમજ છે. સાઠીમાં પ્રવેશતાં આ ચીંતન શરુ થાય ને નવ વરસમાં તેનું સુરેખ આયોજન થઈ જાય. સામાન્ય રીતે સીત્તેર ટકા લોકો સાઠીમાં દેહમુક્ત થઈ જાય છે.

સાઠીમાં પ્રવેશ્યા પછી અર્થ અને કામનો પુરુષાર્થ સમેટી લેવો ઘટે. ધર્મ અને મોક્ષનો પુરુષાર્થ બેવડા જોરથી શરુ થવો જોઈએ. ધર્મ એટલે મંદીરે જવું, ઘરમાં પાઠ-પુજા કરવાં, જાત્રાએ જવું કે કથાવાર્તા સાંભળવા જવું કે ઘરમાં તેવું વાંચવું એટલા પુરતો મર્યાદીત અર્થ ન ઘટાવવો. 'આત્મા જ અમર છે ને દેહ નાશવંત છે. આત્મા પરમાત્માનો અંશ છે. સૌમાં આત્મા છે, જેમ મારામાં આત્મા છે. એ રીતે સૌ પરમાત્માના અંશો છે.'-આવી ભાવના પ્રબળ રીતે ઘુંટવી. વ્યવહારમાં જાગૃતીપુર્વક આચરવી. એટલે લોહીની સગાઈ નથી તેવાં સગાં-પડોશી-મીત્રો કે તદ્દન અજાણ્યામાંયે પરમાત્માનો અંશ છે, તે સૌ આપણાં જ છે, એવી ભાવના કેળવવી અને તે નોકર-ચાકર-મજુર સુધી પહોંચાડવી. વાણીને પણ તેને અનુરુપ કેળવવી. ધન હોય તો બને ત્યાં સુધી સદ્કાર્યમાં તેનો વ્યય કરવો. અત્યાર સુધી પુત્રો- પૌત્ર-પૌત્રીઓ માટે મીઠાઈ-રમકડાં-પુસ્તકો લાવતાં હવે તેનું વર્તુળ વીસ્તારવું. મોંઘી ચીજો નહીં તો સીંગચણાયે વહેંચી શકાય. નજીકનું બાલમંદીર, ગરીબ અને પછાત બાળકોનાં છાત્રાલય, ગરીબોની ઝુંપડપટ્ટી કે વાસ સુધી તે પહોંચાડવાનો પુરુષાર્થ કરવો જોઈએ. દાદા કે બા કોના? તો સૌ કહે, 'આપણાં', એવો રણકો ચોમેરથી સાંભળવા મળે તો આપણો પ્રયત્ન ફળ્યો. કોઈ માંદું આપણા થકી દવા- સારવાર પામે. કોઈ ગરીબ વીદ્યાર્થી પુસ્તકો, નોટ, ફી કે શીષ્યવૃત્તી પામે, વાર-તહેવારે ભુખ્યાઓ ભોજન પામે એવું આયોજન કરવું જોઈએ

જીવતાં જે કંઈ થયું તે જ સાચું. વીલમાં લખેલું પરમાર્થમાંનું કામ, આપણા જેટલી જ લગનથી, તીવ્રતાથી આપણા વારસદારો કરવાના નથી, નથી ને નથી જ- એ વાસ્તવીકતા સ્વીકારી લેવી જોઈએ.

વૃદ્ધાવસ્થા પછી દેહને જવા માટે કોઈ બહાનું તો જોઈએ જ. તેથી કોઈક ને કોઈક વ્યાધી આવે તેમ બને. સાઠી વટાવી દીધી હોય, કરવાનું કામ કોઈ બાકી ન હોય, ધંધો-વ્યવસાય પુત્રોએ સંભાળી લીધો હોય તો પછી આ દેહને ટકાવી રાખવાના નાહક ઉધામા ન કરવા જોઈએ. હૉસ્પીટલમાં દાખલ કરવાનું, વાઢકાપ કરવાનું, શરીરને ખેંચાવા ઑક્સીજન કે ગ્લુકોઝના બાટલા ચડાવવા, આઈ.સી.યુ. માં દાખલ કરવા વગેરેની પળોજણ મોત બગાડનારી છે. પુત્રો અને વારસદારોનો નાહકનો ખર્ચ અને દોડધામ બચાવવાં જોઈએ. શાંતીથી સદ્ચીંતન કરતાં આહાર ઓછો કરતા જવું જોઈએ. જીંદગીભર જાતજાતનું ખાધું-પીધું છે. હવે તેમાંથી મનને વાળી લેવું જોઈએ. સગાં-વહાલાંઓએ પણ દુનીયાદારી ના ડરથી હૉસ્પીટલ-દાક્તરો-દવાઓ દોડાદોડી ન કરવી જોઈએ.

છેલ્લું આયોજન દેહના વીસર્જનનું છે. ભાગ્યે જ કોઈ તેનું આયોજન કરે છે. હમણાં મૃત વ્યક્તીનું નેત્રદાન પ્રચલીત થતું જાય છે. રડ્યોખડ્યો કોઈ દેહદાન પણ કરે છે. ખરેખર, આ બાબત જેટલું ઉંડાણથી વીચારવું જોઈએ તેટલું વીચારાતું નથી. શબનો નીકાલ સામાન્ય રીતે બાળીને, દાટીને, નદી-દરીયામાં વહેડાવી અને પારસીઓમાં પક્ષીઓને ખોરાક તરીકે આપીને થાય છે. બાળવામાં લાકડું, છાણાં, ગેસ, વીજળીનો ઉપયોગ થાય છે. આજના જમાનામાં પર્યાવરણને પ્રાધાન્ય આપીએ તો મડદાં પાછળ લાકડાં વેડફવાનું યોગ્ય નથી. આમેય છાણાંનો ઉપયોગ બાળવામાં ન થવો જોઈએ. તેનો ઉપયોગ ખેતરમાં ખાતર માટે જરુરી છે. ગેસ અને વીજળી પણ મોંઘાં છે. દાટવાનું એક જ જગ્યાએ કરવાથી કબ્રસ્તાનમાં ઘણી જગ્યા રોકાઈ જાય છે. જ્યાં વાડી-ખેતર કે પડતર જમીન હોય ત્યાં મડદાં દાટવાથી વખત જતાં તે માટીમાં એકાકાર થઈ જાય છે. અને તેની ઉપર વૃક્ષ પણ



'.....જરા પણ રીબાયાં નહીં. એમની ઉંમરના પ્રમાણમાં મારી સાસુને મોત સારું આવ્યું. 'ક્યોં કી સાસ ભી કભી બહુ થી' સીરીયલ જોતાં જોતાં આંખ મીંચાઈ ગઈ...!

મહેન્દ્રભાઈનો ઈ-મેઈલ સંપર્ક : mahendraaruna@msn.com : web site : www.ameamericanamdavadi.com

વાવી શકાય તો એક સ્મરણ રહી શકે છે. પાણીમાં વહેડાવવામાંયે પ્રદુષણ તો થાય જ.

આમ, મૃતદેહના નીકાલ માટે જમીનમાં દાટીને ઉપર વૃક્ષ વાવવાનો વીકલ્પ સારો છે. હા, મેડીકલ કૉલેજના વીદ્યાર્થીઓને ભણાવવામાં કે શરીરનાં ઉપયોગી અવયવોનો ફેર ઉપયોગ કોઈ જરૂરીયાતવાળાને માટે થતો હોય તો દેહ-દાન કરવું ખોટું નથી; પણ તે સર્વજન માટે સુલભ નથી .

આમ, જીવન જીવતાં સૌને ખપમાં આવવું ને કોઈને નડવું નહીં તથા જીવનની સમાપ્તી પછી મૃતદેહ પણ કોઈને નડે નહીં, તે નીમીતે સૃષ્ટીની સંપતી વેડફાય નહીં એવું ચીંતન જરૂરી છે.

મરનારને વરસોવરસ યાદ કરી છાપામાં તેમના ફોટા છાપવાનો કુરીવાજ હમણાં હમણાં વ્યાપક થતો જાય છે. આવો દેખાડો શાનો ? પૈસા ખર્ચીને છાપામાં દર વરસે યાદ કરવાની શી જરૂર? આવું જો બધાં જ દર વર્ષે કરવા માંડે તો છાપામાં વાંચવાના કોઈ સમાચાર કે લેખની જગ્યા જ ન બચે અથવા તો અનેક પાનાંઓનું છાપું નીકળે ને કાગળનો નર્યો વેડફાટ જ થાય. કાગળ પણ વાંસ અને વનસ્પતીમાંથી બને છે. એટલે વનોનું નીકંદન નીકળી જાય. મરનારના ગુણો સ્મરીને આપણું જીવન સમૃદ્ધ બનાવવાનો સંકલ્પ દર વર્ષે ઘરના કુટુંબીજનો ભેળા મળી કરી શકે-જો બહુ લાગણી હોય તો. કેટલીક વાર તો મરનારે જીવનભર યેનકેન પ્રકારેણ પૈસો ભેગો કર્યા સીવાય બીજું કોઈ કામ ન કર્યું હોય; તેવાને દર વરસે છાપે ચડાવી તેમને મનોમાન ગાળો દેવડાવવાની જરૂર નથી હોતી. જેણે સેવાનાં ,પરમાર્થનાં કાર્યો કર્યાં હશે, તેમને તો દુનીયા આમેય યાદ કરવાની છે જ.

સાઠીમાં પ્રવેશ્યા પછી 'બુદ્ધી નાઠી' એવી કહેવતને સાચી ન પાડવાનો પ્રબળ પુરુષાર્થ સૌએ કરવો જોઈએ. ઉલટું, વૃદ્ધની બુદ્ધી અને અનુભવ તો વધે છે. તેનો માત્ર કુટુંબીજનોને જ નહીં, સમાજ સમસ્તને લાભ મળવો જોઈએ. બે કાન પરમાત્માએ આપ્યા છે; પણ જીભ તો એક જ આપી છે !તેનો ખ્યાલ રાખી વૃદ્ધે વાણી ઉપર સંયમ રાખવાથી પરીવારમાં શાંતી રહે છે. હા, પુછનારને તેઓ જરુર જવાબ આપે, સલાહ ન આપે. નાછુટકે જ બોલવાનું રાખે તો વૃદ્ધો અકારા ન થાય. પૌત્ર-પૌત્રીઓ સાથે હળવા-મળવાનું, તેમને વાર્તા કહેવાનું, ફરવા લઈ જવાનું, શાળાએ મુકવા-લેવા જવાનું, તેમની દૈનીક ક્રીયામાં તેની માને(તે ઈચ્છે તેટલુ) મદદરુપ થવાનું, શાક લાવી આપવાનું, સમારી આપવાનું, બજારની નાની મોટી ખરીદી કરી લાવવાનું, પુત્રવધુ ચીંધે તે અને તો કરવાનું રાખવાથી વૃદ્ધો ઘરમાં ઉપયોગી થશે. તેઓ પોતાની વયના મીત્રો-સગાંઓ વચ્ચે વધુ હળેમળે ને કાવ્ય, શાસ્ત્ર, વીનોદ કરે તે સારુ છે ; પણ પુત્ર-પુત્રવધુ કે ઘરના અન્યની નીંદા-કુથલીમાં ન પડી જવાય, તેનો ખ્યાલ રાખે તો મરણ સુધરે.

ઘરમાં મર્યાદીત આવક હોય તો વૃદ્ધો પુત્રો પાસે અનાવશ્યક માંગણીઓ કરવાનું ટાળે. 'ઈન્દ્રીયોને સમેટી લેવાની છે' તેવી જાગતી રહે તો તેના ભોગ માટેની સામગ્રી ન ખરીદાવે તો સારું. મનોરંજન-ભોજન ઘરમાં જે કાંઈ પીરસાતું હોય તેમાં ફાવશે-ચાલશે-ગમશે-ભાવશેની વૃત્તીથી ભળી જવાય તો તેનાથી રુડું બીજું કાંઈ નહીં.

અત્યારે સમાજમાં વૃદ્ધોની સંખ્યા વધતી જાય છે. વૃદ્ધાશ્રમો કરવાની પ્રવૃત્તી શરુ થઈ છે; પણ વૃદ્ધાશ્રમ અનીવાર્ય અનીષ્ટ છે એમ માનવું જોઈએ. ઘરમાં-કુટુંબમાં જ વૃદ્ધ રહે ને સૌને ઉપયોગી ને પ્રીય થઈ શકે, તે જ આદર્શ વ્યવસ્થા છે. ગાયને માટે પાંજરાપોળ અને વૃદ્ધ માટે વૃદ્ધાશ્રમ સરખાં છે. હા, જેનો પરીવાર જ ન હોય, તેઓ જરુર વૃદ્ધાશ્રમને નીવાસ બનાવે.

વૃદ્ધાવસ્થા, બીમારી, મરણ, મરણ પછીનું બેસણું અને અન્ય ક્રીયાઓ વીશેનું આ ચીંતન સાઠી પસાર કરનારાં અને પસાર કરી ગયેલાં વૃદ્ધ વાચક ભાઈ-બહેનોને ખપ લાગશે, તેવી આશા છે. સીનેમાના એક ગીતની કડી અત્રે યાદ આવે છે :-

*જીયો તો ઐસે જીયો જૈસે સબ તુમ્હારા હૈ,*
*મરો તો ઐસે કી જૈસે તુમ્હારા કુછ ભી ન થા ....*

અસ્તુ !

(સંપર્ક : જગદીશ શાહ, 'નીસર્ગોપચાર કેન્દ્ર', વીનોબા આશ્રમ, ગોત્રી, વડોદરા-390 021 : ફોન : (0265) 237 0489 મોબાઈલ : 98243 26037)

(તા. ૧ ફેબ્રુઆરી ૨૦૦૬ના 'ભુમીપુત્ર'ના અંકની એમની 'સમાચારને સથવારે' કૉલમમાંથી સાભાર)

(સદ્ભાવ : 'સન્ડે ઈ-મહેફીલ' - વર્ષ : બે - અંક : 94 - માર્ચ 25, 2007 ) 'સન્ડે ઈ-મહેફીલ' માટે 'ઊંઝા.જોડણી' અને 'વીજયા' ફોન્ટ'માં : અક્ષરાંકનઃ દીશાલ ભાલાળા, સુરત

## જળ

○ પ્રદ્યુમ્ન તન્ના

*જળ આગળ, જળ પાછળ, હેઠળ, અરતેફરતે જળ !*
*પર વિસ્તરતું આભ અતલ કંઈ નીલું ને નિરમળ !*

*વીત્યા ભરચક ભીડ અને*
*ઘોંઘાટભર્યા બે માસ,*
*દરિયો માણી સહુ સહેલાણી*
*વળ્યાં પરત નિજ વાસ.*

*ખાલી સૂના તટને માણે*
*અવ તો અહીંતહીં ઊડતાં ગલ*
*ને અમ શાં એકલદોકલ !*

*જળ આગળ, જળ પાછળ, હેઠળ, અરતેફરતે જળ !*

*શેષ રહી મોસમનો માદક*
*અલસભર્યો આ ગાળો,*
*સમોય જાણે વીસરી સઘળું*
*પડ્યો રહે અહીં આડો !*

*તળ શા સમથળ જળ પે સૂતો*
*ફરી ફરી પરમાણું ખેલા*
*પંચભૂતની નવલ નવલ.*

*પળ સળવળ, પણ ઝળહળ ઝળહળ સભર સભર છલછલ !*

*જળ આગળ, જળ પાછળ, હેઠળ, અરતેફરતે જળ ! ...*

[Via Tomaso Grossi - 36, COMO - 22100, Italy]

●

કવિ, ખુદ, અહીં પ્રસ્તાવના માંડે છે :

માનું છું કે સંસ્કૃત જેવી સમૃદ્ધ કોઈ ભાષા નહીં હોય. વળી એની આગવી ખાસિયત તે લિપિના મૂળાક્ષરો – સ્વર અને વ્યંજનોનાં મિશ્રણ વિનાના નિશ્ચિત આકારો, જેને કારણે પ્રથમથી જ ઉચ્ચારણ અને વાંચન સરળ અને સ્પષ્ટ રહે. નથી માનતો કે જગતની અન્ય ભાષાઓમાં આવી સુયોજના હોય. ઝાઝાભાગે બહુધા નહીં સ્વર-વ્યંજન મિશ્રિત અક્ષરો જ જડે. તેમાં ય ઇટાલિયન કે બંગાળી નહીં તો ખાસ, જેને કારણે એ વધુ કર્ણપ્રિય લાગે એ પણ એટલું જ સાચું. એની સરખામણીમાં હિંદી કે પછી આપણી ગુજરાતીમાં કેવળ વ્યંજનોનાં બન્યાં સેંકડો શબ્દ-ઝૂમખાંઓ સાંપડે, ને નાનાવિધ વાક્યો પણ રચી શકાય ! એવે ઉનાળે, અતિક્રાંતિકનાં જળ પર ચત્તોપાટ તરતા, પંચમહાભૂતોની સંગ સંધાણની એક અનુપમ પળે, સહજ ઊભર્યાં આવાં વ્યંજન ઝૂમખાંઓ થકી જગતત્ત્વનાં પ્રવાહી સ્વરૂપની સળવળ, ઝળઝળ, છલકાટ થકી ઊઠતાં જળ હિલોળને પ્રથમ વેળા પ્રમાણજો !

# મળ્યાં વર્ષો તેમાં અમૃત લઈ આવ્યો અવનિનું

ડૉ. ધીરુભાઈ ઠાકર 'અર્વાચીન ગુજરાતી સાહિત્યની વિકાસરેખા - આધુનિક અને અનુઆધુનિક પ્રવાહો' પુસ્તકમાં લખે છે તેમ, 'ગુજરાતી પ્રજાની બે ખાસિયતો, એક, સાહસ અને બીજું, દેશાટન.'

સમયના પ્રવાહ સાથે આંતરરાષ્ટ્રીય વ્યવહારમાં મોટાં પરિવર્તનો જોવા મળે છે. સાહસ, સંશોધન અને સંદેશાવ્યવહાર વધતાં અનેક નવાં ક્ષેત્રો ઊઘડે છે. વિદેશમાં વસતા ગુજરાતી સમાજના શિક્ષિત વર્ગમાંથી સાહિત્યસર્જનની શક્તિ ધરાવતાં લેખકોનો જુદો તરી આવે એવો વર્ગ ઊભો થયેલો છે.

એની એકાદ સરખી અમસ્તી ઝાંખી આ ચિત્ર પણ આપણને આપી જાય છે.

આજના આફ્રિકા ખંડને સામે રાખતારાખતા, નોસ્ટાલજિયાની પાંખે, કલ્પનાને ઠીક પચાસ વર્ષ પાછળ ધકેલી મૂકીએ ત્યારે કદાચ એ દિવસો સમજવા સહેલા થાય.

કેનિયામાં ત્યારે બ્રિટિશ સંસ્થાનવાદ પૂરેવચ્ચ હતો. 'માઉ માઉ' ચળવળનાં છમકલાં થતાં રહેતાં. રાષ્ટ્રવાદનો બૂંગિયો ગાજતો. તેમાં ગુજરાતી વર્તમાનપત્રો પણ સામેલ હતાં. ફક્ત છાપાં જ નહીં, સમાજ પણ તેમાં શરીક.

વળી, ગુજરાતી ભાષા, સાહિત્ય, સંસ્કૃતિ તેમ જ વારસો જાળવવા સારુ અનેકવિધ પ્રવૃત્તિઓ અહીં પણ થતી. સમાજને સ્તરે તો એ થતી અને ચોમેર પથરાયેલી અનુભવવા મળતી. તે સમયની નિશાળો પણ તેનાથી બાકાત નહોતી.

પાટનગર નાયરોબીમાં, એ દિવસો દરમિયાન, 'ગવર્નમેન્ટ ઇન્ડિયન હાઇ સ્કૂલ' અસ્તિત્વમાં હતી. આજે તે નિશાળનું બીજું જ નામ હોઈ શકે છે. એ સમયે, સન ૧૯૫૦ના અરસામાં, તે નિશાળમાં 'ગુજરાતી લિટરરી સર્કલ' નામે એક જૂથ પણ સક્રિય હતું. આવી આવી પાયાગત પ્રવૃત્તિઓને કારણે ય વિદેશવાસમાં લેખનકાર્ય વિકસતું રહ્યું હોય. ... કોને ખબર ?

'ધ ફોટો સ્ટુડિયો' દ્વારા ઝિલાઈ, આ છબિ પણ, "ઓપિનિયન"ને, હેરોનિવાસી આપણા અગ્રગણ્ય શહેરી - વિચારક અને લેખક, રમેશભાઈ બાબુભાઈ પટેલ પાસેથી મળી છે.

આ છબિમાંના મોટા ભાગનાઓનાં નામઠામ જડતાં જ નથી. રમેશભાઈને જે કંઈ સાંભરે છે તે આમ છે :


આગલી હરોળમાં, બેઠેલા, ડાબેથી ત્રીજા નંબરે ઈશ્વરભાઈ એસ. પટેલ નામે શિક્ષક છે. ચોથે નિશાળના ઉપ આચાર્ય આર. ડી. દિક્ષિત છે, જે પંજાબીભાષી છે. પાંચમા રામભાઈ સી. પટેલ તથા છઠ્ઠા ગોરધનભાઈ ઉ. અમીન નજરે પડે છે.

વચલી હરોળમાં પણ દરેક ઊભેલા જ છે અને તેમાં ડાબેથી બીજા નંબરે કૃષ્ણકાન્ત ઉમરિયા તેમ જ દસમા સ્થાને, હાલ 'સરદાર પટેલ સોસાયટી' સાથે સંકળાયેલા રમેશભાઈ બી. પટેલ દષ્ટિમાન થાય છે.

છેલ્લી હરોળમાં, ડાબેથી પાંચમાં સ્થાને આ છબિ મોકલનારા આપણા 'સ્વાહિલી પંડિત' રમેશભાઈ બાબુભાઈ પટેલ અને સાતમે હિમ્મત દેવાણી જોવા મળે છે.

બહુ મોડું થાય તે પહેલાં, દોસ્તો, આળસ ખંખેરીને તમારી કને જે આવી આવી છબિઓ છે તેની વિગતમાહિતીઓ જોડાજોડ મોકલી આપો તો કેવું ?

આ પ્રયાસ કરવા જેવો છે. ... અને તમે સક્રિયપણે તેને સારુ મંડી પડશો તેવી આસ્થા ય રાખીએ છીએ.



# ગુજરાતનાં કૃષ્ણ પ્રણામી ધર્મ નિજાનંદ સંપ્રદાયનું સામાજિક ઉત્કર્ષમાં પ્રદાન

○ અબ્દુલકાદર કાસમભાઈ મેતર

મહાભારત કાળથી પ્રખ્યાત બનેલા 'સૌરાષ્ટ્ર' નામધારી આ પ્રદેશના લોકસંતોનો સમાજ ઉપરનો આવો મોટો ઉપકાર વિશાળ અર્થમાં નિહાળીએ તો ભારતના અને તેની સાથે સૌરાષ્ટ્રના હાડમાં સમસ્તના કલ્યાણની જે લાગણી વિકાસ પામતી ગઈ એમાંથી જ અહિંસાનો અને 'આત્મવત્ સર્વભૂતેષુ'ની ભાવનાઓનો ઉદ્‌ભવ થયો. કલ્યાણની ભાવના થકી જ સૌંદર્યનો ઉગમ થયો છે અને તે જ સત્ય છે.

સમગ્ર રીતે તપાસીએ તો આપણા દેશના ધર્મોનાં હાડમાં જ સંત સંસ્કૃતિ રહેલી છે. લોથલ સંસ્કૃતિ પૂર્વેના કાળથી માંડી ગાંધીયુગ સુધી સંતોની પરંપરા જ વહ્યા કરી છે. આપણે ત્યાં અવતારો, તીર્થંકરો, સંતો, જતિ, સતી, પીર, ઓલિયાઓના જે જીવનપ્રસંગો જાણીતા છે તેનું વસ્તુગત સત્ય ગમે તે હોય, પણ ભાવગત સત્ય સમાન છે. ઉત્તરથી દક્ષિણ અને પૂર્વથી પશ્ચિમ સમગ્ર ભારતના તમામ સંતો તળ ધરતીમાંથી ઊભા થયા છે. તેની હૈયાસૂઝમાં ધરતીની તાકાત અને સુગંધ ભરેલાં છે. આવા કસદાર તથા પાણીદાર માનવીઓએ ભારતના લોકસમૂહનું ઘડતર અને ચણતર કર્યું છે.

મધ્ય યુગના ભારતમાં સામાન્ય પ્રજા ધર્મને સન્માનતી; તેનું પાલન કરતી. સંતો, મહંતોનાં પ્રવચનો, ભજનો વગેરે સાંભળતી. પરંતુ જ્યાં આચરણ અને સુધારણાની વાત આવે ત્યાં મોટે ભાગે ચારે બાજુ વ્યાપેલા અજ્ઞાન અને રૂઢિગ્રસ્તતામાં ખોવાયેલી રહેતી હતી. ઈસ્લામ ધર્મના પ્રચારની પ્રવૃત્તિ સામે સ્વના રક્ષણ માટે પણ પ્રથમ જાણે સંકુચિતતાનાં આવરણ ઓઢી લીધા હતાં. સાચા ભક્તો, સંતો, મહંતોના હૃદય ભેદાઈ જાય તેવી આ પરિસ્થિતિ હતી. આને લીધે અમુક સંપ્રદાયોએ ધર્મના અંચળા હેઠળ, પ્રભુને નામે જે કોઈ સમાજ સેવા, સમાજ સુધારણા, સાચો ધર્મ અને દર્શન અને તેની પાછળ સંસ્કાર સિંચન કર્યાં તેમા વૈશ્નવ સંપ્રદાય, સ્વામીનારાયણ સંપ્રદાય, કૃષ્ણ પ્રણામી - નિજાનંદ સંપ્રદાયનાં કામ મોટાં છે. આ અને આવા અનેક સંપ્રદાયોએ ધર્મ અને ભક્તિના પ્રભાવ હેઠળ સમાજ સુધારણા અને સંસ્કાર સિંચનનું કામ કરી હિન્દુ ધર્મના શાશ્વત્ મૂલ્યોની જાળવણી, તેનું પુનરુત્થાન કરવામાં મોટો ફાળો આપ્યો અને તે રીતે ભારતની હિન્દુ પ્રજા આત્મવિશ્વાસ અને અસ્મિતા ખોઈ ન બેસે એ દિશાની જ પ્રશસ્ય પ્રવૃત્તિ કરી અને આ પ્રવૃત્તિનો પ્રભાવ કેટલો દીર્ઘકાલીન અને વ્યાપક હોય છે તેવી પ્રતીતિ એક હકીકતથી થશે કે હેમચન્દ્રાચાર્યની પ્રેરણા હેઠળ કુમારપાળે અહિંસા, જીવ દયાનો મંત્ર ફેલાવ્યો હતો તેને જ પરિણામે આજે પણ સમગ્ર ગુજરાત અહિંસક શાકાહારી બની રહ્યું છે.

સત્તરમી સદીમાં, આરંભે, મૂળ સૌરાષ્ટ્રમાં પ્રવર્તન પામી, ધીમે ધીમે વ્યાપક રીતે પ્રભાવશાળી અને સમૃદ્ધ બનનાર પ્રણામી સંપ્રદાય અને તેના આદ્ય સ્થાપક દેવચન્દ્રજીના શિષ્ય પ્રાણનાથના પ્રભાવ હેઠળ (ઈ.સ. ૧૬૧૯થી ૧૬૯૫) કૃષ્ણ પ્રણામી ધર્મ કે નિજાનંદ સંપ્રદાયે લોક સંગઠનનું ઘણું મોટું કાર્ય કર્યું છે. આ સંપ્રદાય વિશેષ વિખ્યાત 'પ્રણામી ધર્મ' તરીકે થયો છે. કારણ કે તેમાં માનવ માનવ પરસ્પર વંદના કરે, પ્રણામ કરે અને એ રીતે એક માનવ બીજાનું અને સૌનું સન્માન કરે એ કેન્દ્રસ્થ ભાવના છે. પ્રાણનાથજીનાં જીવન, કવન, પ્રવૃત્તિ અને સર્વ માનવ સમભાવ સ્થાપવાના પ્રયત્નોને લીધે તેના આદ્યસ્થાપક દેવચંદ્રજી મહારાજના અનુગામી તરીકે આ સંપ્રદાયને દઢબળ બનાવવાનું પ્રસંશનીય કાર્ય પ્રાણનાથજીએ કર્યું હતું.

**સ્થાપના - એક ઝલક :** સૌરાષ્ટ્રમાં જામનગર 'છોટી કાશી' તરીકે ઓળખાય છે, ત્યાં અનેક મંદિરો, મઠો અને આશ્રમો આવેલાં છે. કબીરપંથની ગાદી, આણંદાબાવાનો આશ્રમ, તળાવની પાળે બાલા હનુમાનના મંદિર છેલ્લાં ૪૩ વર્ષથી ચોવીસે કલાક રામધૂન અને ૫ નવતનપુરી ધામ ધર્મ પ્રવૃત્તિમાં અગ્રેસર છે. આ છોટી કાશીમાં, ૧૭મી સદીમાં, 'નિજાનંદ સંપ્રદાય' અથવા 'કૃષ્ણ પ્રણામી ધર્મ'ની સ્થાપના આચાર્ય દેવચંદ્રજીએ કરેલી. તેઓ મૂળ મારવાડના ઉમરકોટ ગામના રહેવાસી હતા. ઉમરકોટથી રણપ્રદેશમાં યાત્રા કરતા કરતા દેવચન્દ્રજી કચ્છ ભૂજ પહોંચ્યા. જ્યાં ઘણાં સંપ્રદાયો, મત મતાન્તરો, પંથ, મઝહબમાં જઈ અનુસંધાન કર્યું. તેમને ક્યાંય સંતોષ ન થયો. ત્યાર બાદ તેઓ સ્વામી હરિદાસને ત્યાં પહોંચ્યા જ્યાં સંતોષ અને આનંદનો આભાસ મળ્યો. સાતઆઠ વર્ષની લાંબી શોધ બાદ જામનગર પહોંચ્યા. જ્યાં માતાપિતા સાથે રહીને કાનજી ભટ્ટ કથિત શ્રીમદ્ ભાગવત્‌ની કથા સાંભળતા રહ્યા. ભટ્ટજી વર્ષોથી જ્ઞાનપિપાસુઓને કૃષ્ણલીલા રસનું પાન કરાવતા હતા. તે સમયમાં જ વિક્રમ સંવંત ૧૬૭૮ (ઈ.સ. ૧૬૨૨) ભાદરવા વદ ચૌદશ, રવિવારના દિવસે પરબ્રહ્મ પરમાત્મા અક્ષરાતીત કૃષ્ણજીએ સાક્ષાત્ દર્શન આપી તારતમ મંત્ર આપ્યો. માટે એ દિવસ કૃષ્ણ પ્રણામી ધર્મ નિજાનંદ સંપ્રદાયની સ્થાપનાનો દિવસ માનવામાં આવે છે.

દેવચન્દ્રજી મહારાજે સંપ્રદાયના પ્રચાર પ્રસાર માટે જામનગરમાં વિ. સં. ૧૬૮૭ કાર્તિક માસમાં ધર્મપીઠની સ્થાપના કરી. આ મંદિર પાસે કરકમળથી સિંચિત ખીજડાનું વૃક્ષ ૪૦૦ વર્ષ બાદ આજે લીલુછમ્મ મોજૂદ છે. આ ખીજડાના વૃક્ષને કારણે સ્થાનિક જામનગરની જનતા આજે પણ આ મંદિરને કૃષ્ણ પ્રણામી ખીજડા મંદિરના નામે ઓળખે છે. કૃષ્ણ પ્રણામી ધર્મ નિજાનંદ સંપ્રદાયની આદ્યપીઠ છે અને ૫ નવતનપુરી ધામ તરીકે વિશ્વમાં પ્રસિદ્ધ છે.

**મુખ્ય સિદ્ધાન્તો :** જગતના માનવો પોતાના આત્મા અને પરમાત્માને સારી રીતે ઓળખી આ દુઃખદ વિશ્વ - સંસારના બંધનથી મુક્ત થઈ અખંડ મોક્ષનો અનુભવ કરે તે હેતુથી આ સંપ્રદાયનો ઉદ્‌ભવ થયો છે.

સમગ્ર સૃષ્ટિના કર્તા અક્ષરબ્રહ્મ છે તેમને પણ પ્રેરણા આપનાર અક્ષરાતીત બ્રહ્મ છે તે બ્રહ્મને પ્રાપ્ત કરવાનું મુખ્ય સાધન અનન્ય પરા પ્રેમ લક્ષણા - ભક્તિ છે. આ ભક્તિ વડે જ આપણું મૂળ વતન - પરમધામ - સ્વર્ગ અનુભવી શકાય છે. પરમધામ પ્રાપ્તિ અથવા પરમધામની અનુભૂતિ એ જ મોક્ષ છે.

જે કોઈ આ પૂર્ણ બ્રહ્મ, પરમ ચૈતન્ય, પરમ સત્ય, અનાદિ અક્ષરાતીત કૃષ્ણને અનન્ય ભાવથી પ્રેમપૂર્વક પ્રણામ કરે છે, તેઓ કૃષ્ણ પ્રણામી છે. તે ખરું ધર્મદર્શન છે. સંપ્રદાય દ્વારા, ધર્મ અને સંપ્રદાય એક સિક્કાની બે બાજુ છે. મંજિલ માર્ગનો અંતિમ છેડો છે અને માર્ગ તે મંજિલની શરૂઆત છે. જે રસ્તા પરથી યાત્રા કરીએ છીએ તે છે સંપ્રદાય અને જે મૂળ ગંતવ્ય સ્થળ સુધી પહોંચીએ છીએ તે છે ધર્મ. ધર્મ વગર સંપ્રદાય અધૂરો રહી શકે છે પણ સંપ્રદાય વગર ધર્મ અધૂરો રહી શકતો નથી. ધર્મ સત્ય છે. હંમેશાં સ્વયંમાં પૂર્ણ થાય છે. નિજાનંદ સંપ્રદાય વડે કૃષ્ણ પ્રણામી ધર્મ સુધી પહોંચી શકાય છે. આથી આ બધાં મંદિરોને કૃષ્ણ પ્રણામી મંદિર તરીકે ઓળખવામાં આવે છે. વિ.સં. ૧૭૩૫ના હરિદ્વારના કુંભમેળામાં પ્રાણનાથજીએ બીજા મતમતાન્તરવાળાઓને બતાવવા માટે આ સંપ્રદાયને નિજાનંદ સંપ્રદાય તરીકે પરિચય કરાવ્યો હતો. સદ્‌ગુરુ દેવચંદ્રજી નિજાનંદ(આત્મિય આનંદ)ને પ્રાપ્ત કર્યા છે, તેથી તેઓ નિજાનંદ સ્વામી કહેવાયા. તેમના મતાનુસાર ચાલવાથી નિજાનંદ સંપ્રદાય કહેવાયો. કોઈ પણ સંપ્રદાયને સ્વતંત્ર ગ્રંથ ન પણ હોય, તેથી ગીતા અને ઉપનિષદની પોતાના મતાનુસાર ટીકા કરી સંપ્રદાય પુષ્ટ કરવામાં આવે છે. તેથી નિજાનંદ સ્વામીના મતાનુસાર ચાલવાથી નિજાનંદ સંપ્રદાય તરીકે પ્રાણનાથજીએ પરિચય કરાવ્યો. નિજાનંદ સંપ્રદાયનું પૂર્ણ વિકસિત રૂપ કૃષ્ણ પ્રણામી ધર્મ છે. સંપ્રદાય બહારનું લેવલ છે, ધર્મ અંદરનું મૂળ તત્વ છે.

કૃષ્ણ પ્રણામી ધર્મમાં ધર્મ સમન્વય ભાવ મુખ્ય છે. હિન્દુ મુસ્લિમ ઐક્ય, તેમાં વેદ પુરાણ અને કુરાનનાં સમાન તત્વોનું વિશ્લેષણ કર્યું છે. જાતિભેદ અને બાહ્ય આચારોનું ખંડન કરી સમાજ સુધારણાનાં ઉમદા કાર્યો થયાં છે. આ સંપ્રદાયમાં પરમ આરાધ્ય તો પૂર્ણ બ્રહ્મ પરમાત્મા કૃષ્ણ છે. તેમાં વલ્લભાચાર્યજીના સુદ્ધાદ્વૈત મતનો પ્રભાવ જોવા

મળે છે. આ સંપ્રદાય મૂર્તિપૂજક નથી. પણ એમાં કૃષ્ણ પરમાત્માના વાઙમય સ્વરૂપની અર્ચના જોવા મળે છે. શીખ ધર્મની માફક સિંહાસન પર 'તારતમ સાગર'(ગ્રંથ)ની સ્થાપના કરી તેનું પૂજન અને અર્ચન કરવામાં આવે છે.

કૃષ્ણ પ્રણામી ધર્મ અથવા નિજાનંદ સંપ્રદાયનો પ્રવાહ જામનગરમાંથી ઉદભવ પામીને સૌરાષ્ટ્ર - ગુજરાતને વિંધી, પૂર્વમાં ઓરિસ્સા, બંગાળ, આસામ અને નેપાળ સુધી વિસ્તર્યો છે. ઉત્તર તથા મધ્ય ભારતમાં પણ તેના અનુયાયીઓ થયા છે. આજે ૭૦ લાખથી વધારે સુંદર સાથ (અનુયાયીઓ) અને ૬૦૦ મંદિરો ધરાવતા આ સંપ્રદાયના પાયામાં પ્રાણનાથજીનાં તપ તેમ જ તેજ સીંચાયેલાં છે. આ પંથના પ્રવર્તક આચાર્ય દેવચંદ્રજી છે. પરંતુ તેને પ્રચલિત કરવાનું શ્રેય મહામતિ પ્રાણનાથજીને ફાળે ય છે.

સંત પરંપરા મુજબ પ્રાણનાથજી પણ ગૃહસ્થ હતા. લોક સેવા પરાયણ આ સંત કશા જ બદલાની આશા અપેક્ષા વિના નામ, કીર્તિ, પ્રતિષ્ઠા, સેવાના કોઈ દાખડા કે આડંબર વગર સંસાર વચ્ચે રહીને. સામાન્ય માનવીની જેમ જીવીને અસામાન્ય લોકસેવા કરી ગયા છે.

**મહામતિ પ્રાણનાથજી - જીવન અને કવન :** મહામતિ પ્રાણનાથજીનું બાલ્યાવસ્થાનું નામ મિહિરરાજ (મહેરાજ) હતું. જન્મ ઈ.સ. ૧૬૧૯, સપ્ટેમ્બરની ૨૬મી તારીખે લોહાણા ઠક્કર પરિવારમાં થયો હતો. તેઓ જામનગરના દીવાન પરિવારના હતા. પિતા કેશવરાયના પાંચ પૈકી ચોથા પુત્ર હતા. મોટા થતા, આ સંતાન અજ્ઞાન રૂપી અંધકારને દૂર કરનાર મિહિર એટલે કે સૂર્ય પ્રકાશ બની રહેશે એવું નિર્માણ હતું. તેથી મિહિરરાજ નામ રાખવામાં આવ્યું. આ નામ મોટા થતા પ્રાણનાથજીએ પોતાનાં જ્ઞાન, સેવા અને પ્રવૃત્તિથી રોશન કર્યું.

તેમના પરમ ગુરુ બન્યા નિજાનંદ સંપ્રદાયના સ્થાપક સદ્દગુરુ દેવચંદ્રજી મહારાજ. મિહિરરાજને પિતા તરફથી વૈષ્ણવી સંસ્કાર મળ્યા હતા. જેમાં ધર્મ, દયાભાવ, ભક્તિભાવનો ઉદાત્ત સાંસ્કૃતિક વારસો હતો. તેઓ થોડા મોટા થયા પછી ગુરુ અને જ્ઞાનની શોધમાં ચાર વર્ષ લગી ફરી. સમ્યક દર્શન પ્રાપ્ત કરનાર ગુરુ દેવચંદ્રજીને શરણે સ્થિર થયા અને સદ્દગુરુ દેવચંદ્રજી પાસેથી પરમાત્માના દિવ્યધામનું તારતમ્ રહસ્ય મેળવ્યું હતું. આવો વારસો સ્વાભાવિક રીતે જ પ્રાણનાથજીને ગુરુ પાસેથી મળ્યો.

ઈ.સ. ૧૬૫૫માં સદ્દગુરુ દેવચંદ્રજીના દેહ વિલય પછી પ્રાણનાથજી પોતે ગાદીએ ન બેઠા, પણ દેવચંદ્રજીના પુત્ર બિહારીજીને બેસાડ્યા અને પોતે જામનગર રાજ્યના દીવાનપદની જવાબદારી સંભાળી.

મહેરાજ દીવાન હતા, વળી શાસ્ત્રોના સમર્થ જ્ઞાતા હતા અને સુંદર વાક્છટા ધરાવતા હતા. તેમના ઉપદેશ સ્થળે સામાન્ય જનતા ઉપરાંત બૌદ્ધિકો પણ ઊભરતા. તેમના પ્રભાવથી ઘણાં લોકોએ પ્રણામી ધર્મની દીક્ષા ગ્રહણ કરી હતી. મહેરાજ માત્ર ઉપદેશ આપીને બેસી ન રહેતા પણ સામાજિક ક્ષેત્રે પ્રવર્તતી વિષમતાઓનું પૃથક્કરણ કરીને તેના ઉકેલ માટે સંતો અને આચાર્યોએ ચીંધેલા માર્ગોની તેઓ સાહિત્યમાંથી શોધ કરતા રહેતા.

આ દરમિયાન. બનેલી એક ઘટનાએ પ્રાણનાથજીના જીવનમાં વળાંક આણ્યો. દીવાન મહેરાજ (પ્રાણનાથ) પોતાના ગુરુની પાછળ સંપ્રદાયના સૌ અનુયાયીઓને એકત્ર કરી મેળો કરવાનું વિચાર્યું. આ માટે જરૂરી સીધું, સામાન તેમણે રાજના ભંડારમાંથી ઊઠાવ્યાં છે, તેવો આરોપ મહેરાજ પર મૂકવામાં આવ્યો. જામ રણમલજીના વઝીરે ઈ.સ. ૧૬૫૮માં મહેરાજ અને તેમના બે ભાઈઓને નજરકેદ કર્યા. આ અરસામાં દિલ્હીમાં તખ્તપલટો થયો. શાહજહાંને કેદ કરીને ઔરંગઝેબ ગાદીએ આવેલો. અમદાવાદના મોગલ સૂબા સામે જામ રણમલ અને તેના વઝીરને અમદાવાદ જવું પડ્યું. આથી મહેરાજના મુકદમાનો તત્કાલ કોઈ નિવેડો આવી શક્યો નહીં અને તેમને એક વર્ષ નજરકેદમાં રહેવું પડ્યું. પોતાનાં સેવાકાર્યમાં વિક્ષેપ પડવાથી મહેરાજના મનને ઘણી ઠેસ પહોંચી. નજરકેદમાં તેમને પરમાત્મા વિરહની વ્યથા અનુભવવા મળી. દુઃખ અને કરુણામાંથી ઉપજતી પ્રવૃત્તિ હંમેશાં રચનાત્મક માર્ગે વળે છે. જેલમાં મહેરાજે રાસ, પ્રકાશ, ષટ્ઋતુ નામના ત્રણ ગ્રંથોની રચના કરી.

એક વર્ષ પછી, જામ રણમલે મહેરાજ પરના આરોપોની તપાસ કરી. તે બધા ખોટા નીકળતા રાજવીએ દીવાનની ક્ષમા માંગી અને તેમને આગ્રહ કરી રાજ્યની સેવામાં રોક્યા. દીવાન મહેરાજ પાંચ વર્ષ સુધી, આ ઘટના બાદ, રાજ્યના દીવાનપદે તો રહ્યા. પણ તેમનું મન ઊઠી ગયું હતું. રાજના ધણીને બદલે ધામ ધણીની સેવામાં જ જીવન વ્યતીત 'કરવાનો મેહરાજે દૃઢ નિશ્ચય કર્યો. ૧૬૬૫માં ૪૭ વર્ષની ઉંમરે પદ, પ્રતિષ્ઠા અને ધનદોલતનો ત્યાગ તેમણે કર્યો અને ધર્મ પ્રચારાર્થે દેશાટને નીકળ્યા. દીવાન મહેરાજમાંથી સંત પ્રાણનાથનો પ્રાદુર્ભાવ થયો. જામનગરનું દીવાનપદ છોડી મહેરાજે પ્રાણનાથ તરીકે ધર્મ પ્રચારાર્થે પર્યટન આરંભ્યું.

પ્રાણનાથજીએ ધર્મ પ્રચારની(જાગણી) શરૂઆત દીવ બંદરેથી કરી હતી. ત્યાંથી નવી બંદર, પોરબંદર, માંડવી, ભૂજ, નગરઠઠ્ઠામાં વિહાર કર્યો. નગરઠઠ્ઠાથી ઈ.સ. ૧૬૬૮માં તેઓ અરબસ્તાન ગયા હતા. તે પ્રદેશમાં કોઈ હિન્દુ સંત જવલ્લે જ જતા. પ્રાણનાથજીએ મસ્કત અને અવાસી (અબ્બાસી) બંદરમાં બે વર્ષ સુધી રહી હિન્દુ જનતામાં આચારવિચારનો પાયો નાંખ્યો. તેમનું આ કાર્ય આજથી ૩૨૫ વર્ષ પહેલાંના જમાનામાં ઘણું મુશ્કેલ અને વિરલ હતું.

ઈ.સ. ૧૬૭૦માં તેઓ હિન્દ પાછા ફર્યા. નલિયા, માંડવી, ધોરાજી, ઘોઘા બંદરેથી જળમાર્ગે પ્રાણનાથજી સુરત પહોંચ્યા. સુરતમાં મોગલો અને અંગ્રેજોના પ્રભાવ નીચે લોકો આવી ગયા હતા. પ્રાણનાથજીએ મોહમયી માર્ગ છોડી ધર્મના પંથે વળવાનો ઉપદેશ આપ્યો. સુરતમાં તેમણે કૃષ્ણ પ્રણામી ધર્મની પીઠ સ્થાપી. સૈયદવાડામાં આવેલી આ પીઠ મોટા મંદિરના નામે આજે પ્રસિદ્ધ છે.

ઈ.સ. ૧૬૭૫માં તેમણે સુરતથી દિલ્હીની ઐતિહાસિક કૂચનો પ્રારંભ કર્યો. પ્રાણનાથજી ભરૂચ અને સિદ્ધપુર થઈ મેડતા પહોંચ્યા. અહીં પુરાણો અને કુરાનના સિદ્ધાન્તો વચ્ચે તાત્ત્વિક એકતા હોવાનો ખ્યાલ આપ્યો. ઈસ્લામના કલમા 'લા ઈલાહ ઈલિલ્લાહ'નો અર્થ તારતમ પરક જણાયો. તેમના પ્રવચનોમાં આ પછી ફારસી અને અરબી શબ્દોનો તે છૂટથી ઉપયોગ કરવા લાગ્યા. કબીર અને નાનકની જેમ બે ધર્મો વચ્ચે ખાઈ પુરવાનો પ્રયાસ આદર્યો. ઈ.સ. ૧૬૭૭માં દિલ્હી આવી તેઓ ઔરંગઝેબને પોતાનો ધર્મ સંદેશ પહોંચાડવા માટે પ્રયત્નશીલ બન્યા. તે માટે મરજીવા સમાન બાર શિષ્યો તેમણે તૈયાર કર્યા. તેમાંથી શેખ બદલ અને મુલ્લા કાયમ નામના બે મુસ્લિમ પણ હતા. દિલ્હીમાં આઠ મહિના રહી. તેમણે ધર્મની જાગણીનું કાર્ય ચાલુ રાખ્યું. તેમણે ઔરંગઝેબના નજીકના અમીરોને પત્ર લખ્યા તથા સુલતાનને સમજાવવા મુલાકાતની માંગણી કરી. સુલતાને મુલાકાતની સંમતિ તો આપી, પરંતુ સુલતાનના અંગત કાજીઓને તે મુલાકાતથી સુલતાનના કટ્ટર ધાર્મિક વિચારોમાં પરિવર્તન આવી જશે તેવો ભય લાગતા, તેમણે આ મુલાકાત થવા દીધી નહીં.

આમ સમજાવટ અને સમાધાનની નીતિ નિષ્ફળ જતાં મહામતિ પ્રાણનાથજીએ ઔરંગઝેબની કટ્ટર નીતિનો સામનો કરવા ઈ.સ. ૧૬૭૭-૮૦ દરમિયાન તેમણે ઉત્તર ભારતના અનેક રાજપૂત રાજ્યોનો પ્રવાસ કરી તેમને એકઠા થઈ ઔરંગઝેબનો મુકાબલો કરવા પડકાર્યા.

પરંતુ રાજપૂત રાજાઓ શક્તિશાળી મોગલ સત્તાનો સામનો કરવા અંગે ભયભીત હતા. તેથી પ્રાણનાથજી પોતાના ૫૦૦ શિષ્યો સાથે ૧૬૮૨માં બુંદેલખંડના પન્ના શહેરમાં આવ્યા. તેમણે ત્યાંના વીર શાસક છત્રશાલ બુંદેલાને ઔરંગઝેબની કટ્ટર ધર્માંધતાથી હિન્દુઓને રક્ષણ આપવા સમજાવ્યા. આમ પ્રાણનાથ મહારાજે રાજકીય અને રાષ્ટ્રીય 'જાગૃતિનું બ્યૂગલ ફૂંક્યું. એ રીતે તેમણે સંત ઉપરાંત મહાન દેશભક્તની ભૂમિકા ભજવી હતી.'

મોગલ સમ્રાટ ઔરંગઝેબે કટ્ટર ધર્માન્ધતાની નીતિ અપનાવી હિંદુઓ પર જજિયા વેરો નાખ્યો હતો. ઉપરાંત હિન્દુ વેપારીઓના માલ પર પાંચ ટકા અને મુસ્લિમ વેપારીઓ ઉપર ૨.૫ (અઢી) ટકા કર નાખ્યો હતો. તે હિન્દુઓનો જ નહીં પરંતુ શિયાઓ અને સૂફી મુસ્લિમોનો પણ વિરોધી હતો. તે કટ્ટર સુન્ની મુસલમાન હતો.

રાજપૂત સિવાયના હિન્દુઓને પાલખી, હાથી કે ઘોડાના ઉપયોગની કે હથિયાર રાખવાની મનાઈ ફરમાવી હતી.

આથી મહામતિ પ્રાણનાથજીએ છત્રસાલના સમકાલીન અને તેના જેવા જ હિન્દુ ધર્મરક્ષક શિવાજીની કારકિર્દી ઘડવામાં તેમના ગુરુ રામદાસે જે રીતે મહત્ત્વનો ભાગ ભજવ્યો હતો તે રીતે છત્રસાલે પણ મહામતિ પ્રાણનાથજીની પ્રેરણા અને પ્રોત્સાહનથી હિન્દુ ધર્મના રક્ષણની કામગીરી ઝનૂનપૂર્વક ઉપાડી હતી. મહામતિ પ્રાણનાથજી તેમના ગુરુ, મિત્ર, માર્ગદર્શક અને તત્વચિંતક બન્યા હતા. આ બે મહાન વિભૂતિઓનું પન્નામાં થયેલું મિલન એ તત્કાલીન ઇતિહાસને નવો આયામ આપનાર ઐતિહાસિક બનાવ હતો.

આમ મહામતિ પ્રાણનાથજીની પ્રેરણા, પ્રોત્સાહન અને માર્ગદર્શન હેઠળ હિન્દુ ધર્મના રક્ષણ માટે ધર્મયુદ્ધ કરી લેવાનો દૃઢ સંકલ્પ કરી લીધો હતો. પરિણામે પ્રાણનાથજીનું ઔરંગઝેબ સાથેનું આંદોલન પ્રથમ અસંમતિદર્શક હતું. તે હવે વિરોધદર્શક બન્યું. એ રીતે તેમણે એક 'ક્રાંતિકારી સંતની ભૂમિકા ભજવી હતી. રાજકીય ઊથલપાથલના તે યુગમાં તેઓ ક્રાંતિકારી રાષ્ટ્રભક્ત બની રહ્યા. પોતાના જીવનનાં છેલ્લાં ૧૦ વર્ષ સુધી તેઓએ પન્નામાં રહી સામાજિક ઉત્કર્ષનું ઘણું જ કાર્ય કર્યું હતું. ત્યાં ત્રીજી ધર્મપીઠ સ્થાપી હતી.

(૧) ૫ નવતનપુરી ધામ, જામનગર, ગુજરાત

(૨) ૫ મંગલપુરી ધામ, સુરત, ગુજરાત

(૩) ૫ પદ્માવતીપુરી ધામ, પન્ના, મધ્ય પ્રદેશ

મહામતિ પ્રાણનાથજીનો ઇ.સ. ૧૬૯૫માં ૭૬ વર્ષની ઉંમરે, અષાઢ વદ ત્રીજના રોજ પન્નામાં દેહવિલય થયો હતો.

મહામતિ પ્રાણનાથજીનાં કાર્યોની સમીક્ષા આજથી ત્રણસોથી વધુ વર્ષ પૂર્વની પરિસ્થિતિના સંદર્ભમાં કરવામાં આવે તો જ તે ઐતિહાસિક પરિપ્રેક્ષ્યમાં થયેલી ગણાય. તેમણે વિવિધ ક્ષેત્રે કરેલાં કાર્યો આજે એકદમ સામાન્ય કે મહત્ત્વહીન લાગે. પરંતુ ૩૦૦થી વધુ વર્ષો પૂર્વેની ભારતની તત્કાલીન રાજકીય, સામાજિક, ધાર્મિક અને સાંસ્કૃતિક પરિસ્થિતિની પશ્ચાદ્‌ભૂમાં તેનો અભ્યાસ કરવાથી તેનું સાચું, તટસ્થ, નિષ્પક્ષ, આધારભૂત અને વિશ્વનીય ઐતિહાસિક મૂલ્યાંકન થઈ શકે.

પ્રાણનાથજીએ પ્રગટાવેલ સમાજ જાગૃતિ અને સાંસ્કૃતિ આંદોલનની નોંધ ઇતિહાસે પૂરતા પ્રમાણમાં લીધી નથી. આપણા પ્રસિદ્ધ વિવેચક અને 'ગુજરાતી સાહિત્યકોશ'ના સંપાદક જયંતભાઈ કોઠારીએ પણ પ્રાણનાથ સ્વામી વિશેની કેટલીક હકીકતો સાહિત્યકોશમાં સમાવી નથી શકાઈ, તેમ કહ્યું છે.

આજે ભારતમાં – જગતમાં ધર્મનાં નામે કટ્ટર ધર્માન્ધતા પ્રવર્તે છે. તેનાથી રાજકીય, સામાજિક, ધાર્મિક અને સાંસ્કૃતિક ક્ષેત્રે તનાવો પેદા થાય છે. વિશ્વશાંતિ ભયમાં છે. ત્યારે સર્વ ધર્મ સમન્વયની આ સંપ્રદાયની શીખ દૃષ્ટાંતરૂપ બની રહે છે. તે દૃષ્ટિએ ત્રણસોથી પણ વધુ વર્ષો પછી આજે પણ આ સંપ્રદાય તેના સિદ્ધાન્તોની દૃષ્ટિએ પ્રસ્તુત છે. તે પ્રજા કલ્યાણકારી બની રહે તેમ છે.

હિન્દુ ધર્મ અને ઇસ્લામ ધર્મ વચ્ચે સમાનતા દર્શાવવાનું કાર્ય કરી તેમણે બંને ધર્મો વચ્ચે સામંજસ્ય સ્થાપવા પ્રયત્નો કર્યા. ઉપરાંત હરિદ્વારમાં યોજાયેલા કુંભમેળામાં જઈ હિન્દુ ધર્મના જ વિવિધ સંપ્રદાયોના વડાઓ સાથે ચર્ચા કરી મતભેદ દૂર કરી, હિન્દુ ધર્મમાં એકતા લાવવા પ્રયાસ કર્યો. એટલું જ નહીં પરંતુ તેમણે સર્વ ધર્મ સમન્વયના પ્રયાસ પણ કર્યા હતા. તેમણે યહૂદીઓના તોરેત, ખ્રિસ્તીઓના બાઇબલ, દાઉદના ઝબુર, મુસલમાનોના કુરાન અને હિન્દુઓના ઉપનિષદ ગ્રંથોનો ઊંડો અભ્યાસ કરી તેમાં રહેલાં સમાન તત્ત્વો શોધી કાઢી વિશ્વ ધર્મ કે માનવ ધર્મ સ્થાપવાની તેમણે જે પૂર્વ ભૂમિકા તૈયાર કરી, તે તેમને એક 'ક્રાંતિકારી મહામાનવ'ની શ્રેણીમાં મૂકી દે છે.

મહામતિ પ્રાણનાથજીની આ ચિંતનધારામાં સર્વ ધર્મ સમન્વયતાત્મક દૃષ્ટિકોણ પ્રચુર માત્રામાં જોવા મળે છે. તેમની યાત્રા માનવ ધર્મ યાત્રા હતી. કોઈ જાતિ વિશેષ કે એક પક્ષીય નથી. મહાત્મા ગાંધીએ પણ તેમની જ પ્રેરણાથી *'ઈશ્વર અલ્લાહ તેરો નામ, સબ કો સન્મતિ દે ભગવાન'* કહીને હિન્દુ મુસલમાનને એક કરવાનો પ્રયાસ કરેલો.

મહાત્મા ગાંધીના સંસ્કારમાં કૃષ્ણ પ્રણામી ધર્મ અથવા મહામતિ પ્રાણનાથજીની ચિંતનધારાનો પ્રભાવ અવશ્ય હતો. ગાંધીજી કૃષ્ણ પ્રણામી ધર્મના અહિંસા તેમ જ સમન્વાત્મક દૃષ્ટિકોણથી કદી અલગ ન હતા. તેમની માતા પૂતળીબાઈ પ્રણામી હતાં. પ્રાધ્યાપક સ્ટીફને લખ્યું છે કે 'ગાંધીજીનાં માતા દાત્રાણા - નાવદ્રા ગામના પ્રણામી પરિવારના પુત્રી હતાં. જો આપણે ગાંધીજીને જાણવા સમજવા હોય તો તે પહેલાં તેમની માતાના ધર્મને જાણવો જરૂરી છે. ત્યારે જ આપણે ગાંધીજીના સંસ્કારને જાણી શકીશું.'

રિચર્ડ એટિનબરૉની "ગાંધી' ફિલ્મમાં ગાંધીજી કહે છે કે 'હિન્દુ ધર્મની એક શાખા પ્રણામી પંથ છે. મારી મા સાથે નાની ઉંમરમાં તે પ્રણામી મંદિરમાં મારે જવાનું થતું હતું. તે મંદિરના પૂજારી એક મોટો ગ્રંથ વાચતા હતા. તેમાં કુરાન અને પુરાણની વાતો આવતી હતી. ઘડીકમાં સંસ્કૃત, ઘડીકમાં અરબીમાં વાંચવામાં આવતું હતું. બંનેનો સમન્વય થયો હોય તેમ લાગતું હતું.'

આ વાતોના અવલોકન પરથી લાગે છે કે મહાત્મા ગાંધીમાં કૃષ્ણ પ્રણામી ધર્મના સંસ્કાર અવશ્ય પડ્યા હતા. જે વાત મહામતિ પ્રાણનાથજીએ ત્રણસો વર્ષ પહેલાં કરી હતી, તે જ વાતો ગાંધીજીએ દોહરાવી છે. તફાવત એટલો જ ગાંધીજીએ રાજનીતિક પક્ષનો આશરો લઈ લોકો સમક્ષ મૂકી. ગાંધીજીના માનસ પર પ્રાણનાથજીનાં જ્ઞાનબીજ પથરાયાં હતાં. ગાંધીજીએ 'ઈશ્વર અલ્લાહ તેરો નામ' કહી હિન્દુ મુસલમાન એક હોવાનો સબક શીખવ્યો. ત્રણસો વર્ષ પહેલાં પ્રાણનાથજીએ લખ્યું છે કે, *'જિન કોઈ ઝગડો આપ મેં ધની સબો કા એક, સોઈ ખુદા સોઈ બ્રહ્મ.'*

આજથી ત્રણસો વર્ષ પૂર્વે તેમણે આ પ્રવૃત્તિઓ પૈકી ઘણી બધી અપનાવી. પોતાના પ્રણામી ધર્મને અને તેના તારતમ્ ભાવને સમૃદ્ધ કર્યા છે. તેથી જ તો ...

આ પ્રણામી ધર્મમાં પ્રવેશ માટે કોઈ જ્ઞાતિ ભેદ ન હતા. હિન્દુ વિચારધારાથી બહાર મુસલમાનોને પણ આ સંપ્રદાયમાં પ્રવેશ હતો. મસ્કતના અધઃપતિત હિન્દુઓને ઉપદેશ આપનાર પ્રાણનાથજીએ તેમને હિન્દુ જીવન પદ્ધતિનો ઉપદેશ આપી તેમને માંસ ભક્ષણ, મદ્યપાન અને વ્યભિચાર ન કરવા, અસત્ય ન બોલવાના શપથ લેવડાવ્યા હતા. આ રીતે જ મહાત્મા ગાંધીની માતા પૂતળીબાઈએ જ્યારે સૌ પ્રથમ ગાંધીજી વિલાયત જતા પહેલાં ત્યારે જ આ જ શપથ ગાંધીજીને લેવડાવ્યા હતા.

પ્રાણનાથજીએ હિન્દુ સંત મહંતોને કબીર પંથીઓને, પ્રણામી ધર્મમાં જોડ્યા હતા. જેમાં ચિન્તામણિ, કુલ્લુ મિશ્ર અને લાલદાસનાં નામ જાણીતા છે. જાતિ ભેદો અને અસંખ્ય સંપ્રદાય ભેદોના તે વિરોધી હતા. તે જ રીતે હિન્દુ મુસલમાન એકતાના આગ્રહી હતા. ધર્મનાં ક્ષેત્રમાં સૌ કોઈ સમાન છે અને કોઈ એક વર્ણ કે જાતિનો સર્વાધિકાર નથી, એમ કહી એક બાજુ હિન્દુ વિચારધારાના કિલ્લા બળવત્તર બનાવવાનો પ્રયત્ન કર્યો. તે જ રીતે પોતાના સંપ્રદાયમાં મુસ્લિમોને પણ આવકાર્યા. તેમણે સ્પષ્ટ કર્યું કે નીતિમાન, પવિત્ર, શુદ્ધ, સાદુ જીવન જીવનાર ચાંડાળ અપવિત્ર બ્રાહ્મણ કરતાં ઉચ્ચ ગણાય.

સ્ત્રી વિશેના તેમના વિચારો પણ અતિ ઉદાર હતા. સ્ત્રી સાથેનાં જીવનથી પુરુષના ધાર્મિક અને આત્મિક ઉત્કર્ષમાં અવરોધ

ઊભો થાય છે એ માન્યતાને તેમણે ખોટી ઠેરવી. કુટુંબ જીવન નિભાવીને ઉચ્ચ કામ દાર્શનિક સિદ્ધિ મેળવી શકાય છે તે તેમણે સિદ્ધ કરી બતાવ્યું. તેઓ ધાર્મિક પ્રવૃત્તિ અને પ્રચારમાં બાઈજીરાજને સદાય સાથે રાખતાં.

અછૂતો અને હલકી ગણાતી કોમોના લોકોને તેમણે પોતાના સંપ્રદાયમાં પ્રવેશ આપીને એક ભારે હિંમતભર્યું કામ કર્યું હતું, એમ કહી શકાય. તેથી જ આવા ઘણા અસ્પૃશ્યોએ આ સંપ્રદાયમાં જોડાઈને ધર્મનો લાભ લીધો હતો. ૩૦૦ વર્ષ પૂર્વે આવી પ્રવૃત્તિ કરવાની પ્રાણનાથજીની હિંમત ખરેખર જ ક્રાંતિકારી અને બિરદાવવા જેવી હતી. અસ્પૃશ્યતાએ માનવોએ પોતે ઊભી કરેલી એક વિકૃતિ છે અને તે ખરેખર સમાજ જીવનને પરિશુદ્ધ કરવા માટે દૂર કરવા જેવું કલંક છે. તે બાબત પ્રાણનાથજી સ્પષ્ટ હતા.

આમ સામાજિક ક્ષેત્રે જાતિપ્રથાની નાબૂદી, અસ્પૃશ્યતા નિવારણ અને અછૂતોદ્ધાર, સર્વ માનવ સમભાવ, નારી અને સ્ત્રી શક્તિનો ઉત્કર્ષ, નશાબંધી અને દૂષણોનો ત્યાગ કરે. ધર્મ અને સદાચારનાં મૂલ્યો કેળવે અને સ્વમાનભેર જીવે એ એમની ભાવના હતી. આ જ ભાવનાઓને કારણે મહાત્મા ગાંધીના સત્ય અને અહિંસાનાં મૂલ્યો આના જ અનુસંધાને વિકસ્યા છે.

ગાંધીજીનું સામાજિક અને સાંસ્કૃતિક ક્ષેત્રે પ્રદાન શું તેનો વિચાર કરીએ, ત્યારે તેમની વ્યાપક ધર્મભાવના અને સર્વ ધર્મ સમાનની એટલે કે તેમની ધર્મપુરુષ તરીકેની ભાવના પોતે તેમની અન્ય પ્રવૃત્તિઓ અને પ્રભાવથી સર્વથા સ્વતંત્ર રીતે વિચારી જ ન શકાય. ગાંધીજીનાં રાજકારણ અને પ્રવૃત્તિથી પણ ધર્મપુરુષ ગાંધીજીના વ્યક્તિત્વને અલગ પાડી ન શકાય. આવી સ્થિતિ ગાંધીજીની બાબતમાં હોય તો આજથી ત્રણસો વર્ષ પૂર્વે થયેલા પ્રાણનાથજીને તો આ સત્ય ઘણું વધારે લાગુ પડે. એ યુગમાં સામાજિક ક્ષેત્રે મોટા ભાગનું પ્રભાવોત્પાદક કાર્ય સંતો, મહંતો અને તેમના સંપ્રદાયોનું જ છે. કૃષ્ણ પ્રણામી ધર્મ અને નિજાનંદ સંપ્રદાય તરીકે જાણીતા અને તારતમ્ જ્ઞાનના પ્રવર્તક અને જાગણીના ભેખધારી પ્રાણનાથજીએ જે કોઈ સેવા કાર્યો અને પ્રવૃત્તિઓ કર્યા તેમાં તેમના સંપ્રદાયનાં મૂલ્યો જ કેન્દ્રમાં રહેલાં હતાં.

પ્રાણનાથજીએ જે કોઈ પ્રવૃત્તિ અને કાર્યવાહી કર્યા, તેમાં તેમને માટે આ પ્રણામી સંપ્રદાય જ મહત્ત્વનો હતો. કેન્દ્રમાં આ સંપ્રદાય જ હતો. તેમણે જે કોઈ પ્રવૃત્તિ સમાજ સુધારણા અને ધાર્મિક એકતાને લગતી કરી, તેનાથી પ્રણામી ધર્મ વિશેષ વિકાસ પામ્યો. આમ કરવા જતા પોતાના ગુરુના પુત્ર બિહારીજીનો વિરોધ તેમને સહન કરવો પડ્યો. સ્ત્રીઓ, ખાસ કરીને વિધવાઓ અને અસ્પૃશ્યોની બાબતમાં મહામતિના વિચારો તેમને પસંદ નહોતા. મુસ્લિમ સાથેની એકતાની વાત પણ બિહારીજીને રૂચિકર લાગી નહોતી. પરંપરાગત દઢ વિચારણા પર આથી કુઠારાઘાત થતો હતો એ પણ હકીકત છે. પરંતુ મહામતિ પ્રાણનાથજીની વિચારધારા પ્રવૃત્તિ સાથે તેની સંવાદિતા અને પ્રાણનાથજીના ભવ્ય વ્યક્તિત્વને કારણે તેઓ ઘણું કરી શક્યા. તેમની સમાજ સુધારણા તેમના સમયમાં પ્રણામી ધર્મ આ નિજાનંદ સંપ્રદાયને નૂતન ચેતનાથી સભર કરી દીધો તેમાં બે મત નથી.

આધુનિક ભારતે રાજા રામમોહનરાય, મહાત્મા ગાંધી વગેરેના પ્રચાર અને પ્રવૃત્તિથી પ્રાણનાથજીના આ કૃષ્ણ પ્રણામી ધર્મ નિજાનંદ સંપ્રદાયની અછૂતોધ્ધાર, સ્ત્રીઓનો ઉત્કર્ષ, જાતિભેદનો લોપ, હિન્દુ મુસ્લિમ એકતા, સર્વ ધર્મ સમભાવ, ભક્તિમય જીવનની અનિવાર્યતા વગેરે પ્રવૃતિઓ આજે સમાજમાં પુનઃ પ્રતિષ્ઠિત થઈ છે. આવા નૂતન પ્રસ્થાનના સિદ્ધાન્તો સમયની સાથે લુપ્ત થઈ વિસ્મરણમાં પડી જાય, તેમના પર રૂઢિનું બળ ચડી બેસે એવું બન્યું છે. પરંતુ જે શાશ્વત્ છે, મૂલ્યવાન છે, માનવ સંસ્કૃતિનું ઉદ્ઘાટક છે, સમાજ જીવનની ધન્યતારૂપ છે, લાભ શુભ રૂપ છે તે પુનઃ નવીનકરણ છે. પ્રાણનાથજીની અન્ય પ્રવૃત્તિઓ આ જ રીતે સમાજમાં પુનઃ પ્રતિષ્ઠિત થઈ છે. સિદ્ધાન્તો અને તેના સંવાદો સદાચારની સાત્ત્વિકતા આ રીતે પ્રમાણિત થતી રહી છે.

કૃષ્ણ પ્રણામી ધર્મમાં મહામતિ પ્રાણનાથને ભાગવત અને ભવિષ્ય પુરાણમાં વર્ણવેલ નિષ્કલંક વિજયાભિનન્દ 'બુદ્ધ', કુરાનમાં વર્ણવેલ આખરી 'ઈમામ મહેદી', અને લોકોની સેવા કરતા 'મસિહા'ના અવતારનું પ્રતિક માને છે. જે લોકો ધાર્મિક વિશ્વાસથી આ તથ્ય માનવા તૈયાર નથી તેઓ ઐતિહાસિક દષ્ટિથી પ્રાણનાથજીના મહાન સમન્વયાત્મક દષ્ટિકોણને સમજવાની કોશિષ કરે.

આધુનિક યુગના મહા તત્વજ્ઞાની સર્વપલ્લી રાધાકૃષ્ણન્ વગેરે કુરાન અને ભારતીય તત્ત્વજ્ઞાન બંને એક જ પરમાત્માને પ્રબોધે છે, બંને ધર્મોની વચ્ચે ઘણું સામ્ય છે, એવું સિદ્ધ કરી બતાવ્યું છે તે જ પ્રકારના પ્રાણનાથજીના ત્રણસો વર્ષ પહેલાંનાં પ્રયત્નો આશ્ચર્યકારક છે. સર્વ ધર્મ સમભાવથી પ્રેરાઈને સર્વ શક્ય ધર્મોનો ઊંડો અભ્યાસ કરી કુલજમ સાહેબની રચના કરી એ પણ એમનું મોટું પ્રદાન છે. પ્રણામી ધર્મના સિદ્ધાન્તો અને સર્વ ધર્મોના પાયાના સિદ્ધાન્તો એક જ છે એ બાબત આનાથી સિદ્ધ થઈ જાય છે.

પ્રાણનાથજીએ મધ્ય પ્રદેશમાં આવ્યા પન્ના મંદિરમાં એક બાજુ તારતમ મંત્રો અને બીજી બાજુ મુસ્લિમોની કલમો કોતરાવ્યાં છે. પ્રણામી મંદિરમાં વેદ અને પુરાણોનાં પારાયણ, કુરાનની પણ ચર્ચા થાય તેવી પરંપરા વિકસાવી. મધ્ય કાળમાં આ પ્રવૃત્તિ પ્રયોગ હતો. હાલમાં એકવીસમી સદીના પ્રારંભે જેની સૌથી વધારે જરૂર આજે વિશ્વમાં છે તે કોમ કોમ વચ્ચે અનુરાગ સ્થાપવાની, સામાજિક ચેતના અને કોમી સદ્દભાવ પુષ્ટ કરવાની મહાન કામગીરી પ્રાણનાથજીના વરદ હસ્તે ત્રણસો વર્ષ પહેલાં કરવામાં આવી હતી. તે ખૂબ જ મહત્વપૂર્ણ કાર્ય થયું ગણાય છે. પંડિત સુંદરલાલ લખે છે કે, 'એ વાતમાં સહજ પણ સંદેહ નથી કે જે એક માત્ર માનવધર્મનો ઉપદેશ મહામતિ પ્રાણનાથજી કર્યા કરતા હતા અને એવો ઉપદેશ આપી ગયા છે કે નજીકના ભવિષ્યમાં સમગ્ર માનવ જાતનો એક સરખો અને એક માત્ર ધર્મ બની રહેવાનો છે. વિશ્વ ધર્મને એક માનનારાઓ માટે જે સંહિતાની આવશ્યક્તા છે તે ઘણે ભાગે તેમની 'વાણી'માંથી પ્રાપ્ત થઈ છે. મનુષ્યના વ્યક્તિગત કલ્યાણ અને સમગ્ર માનવ જાતના કલ્યાણ માટે આના સિવાય કોઈ ઉપાય નથી.'

**ઉપસંહાર** : મહામતિ પ્રાણનાથજી તથા તેમની પરંપરાના સંતો – મહાપુરુષોનું ચિંતન આ કારણે પ્રાસંગિક છે અને રહેશે, કેમ કે આખા વિશ્વમાં ચારે તરફ છવાયેલ અંધકારની વચ્ચે તેઓ એવો પ્રકાશ પૂંજ રૂપ છે જે માનવ અને માનવતાને અંધકારથી ઉગારીને પ્રકાશને પંથે દોરી શકે છે.

મહામતિ પ્રાણનાથજીએ પ્રણામી ધર્મને તેના બુનિયાદી અને તાત્ત્વિક રૂપમાં લઈને તેને ત્યાગ, સેવા, સાદાઈ, સચ્ચાઈ, પ્રેમ અને શ્રેષ્ઠ સાત્ત્વિક કર્તવ્ય રૂપે પરિભાષિત કર્યો. આત્મ તત્ત્વ, આત્મ શુદ્ધિ અને ભીતરના મળ તેમ જ વિકૃતિઓને દૂર કરવાને બદલે રૂપ, વેષ, છાયા, તિલક વગેરેને જ ધર્મરૂપે પ્રચાર કરનાર, બાહ્યાચારોનો સખત વિરોધ કર્યો. તેમણે લોકોના મનને બરાબર અહંકાર રહિત કરવાનો આગ્રહ કર્યો. પ્રેમને સર્વસ્વ માન્યો, બહારના સ્નાન અને બહારની શુદ્ધિ કરવાને બદલે ભીતરનાં સ્નાન અને ભીતરની શુદ્ધિ પર ભાર આપ્યો. વૈષ્ણવોને તેમણે સાચા વૈષ્ણવ થવાની સલાહ આપી. મઝહબી મુસલમાનોને દીન અને ઈમામ પર યકીન કરનારા સાચા મુસલમાન થવાની શીખ આપી. વર્ગ, વર્ણ, જાતિ અને ધર્મ અને સંપ્રદાયના ભેદોને આધાર બનાવીને મનુષ્ય નાના મોટા, છૂત - અછૂત જેવા ટૂકડાઓમાં વિભાજિત થવાને બદલે માણસાઈના આધારે મનુષ્યની પિછાણ કરવા પર જોર આપ્યું. તેમણે વારંવાર કહ્યું કે જ્યારે એક જ નૂરથી બધા ઉપજ્યા છે, જ્યારે બધાના ખાવિંદ એક જ છે, જ્યારે બધા તેની જ જાતિના છે તો પછી માનવ વચ્ચેનો ભેદ કેવો ??? તેના કેટલા ય નામ રાખો પણ તત્ત્વતઃ તો તે એક જ છે. ઈશ્વર અને કર્તાને નામે લોકોને વિભાજિત કરતા અને એવા ભેદોને કારણે થતા ધાર્મિક વિગ્રહો અને જેનાથી મનુષ્યનું રક્ત વહેતું હોય તેવા બધા રીતરિવાજોનો વિરોધ કર્યો. આ રીતે સામાજિક ઉત્કર્ષમાં તેમણે ઘણું જ પ્રદાન કર્યું છે.

મહામતિ પ્રાણનાથજી મહારાજે નિજાનંદ સંપ્રદાય મારફત કોઈ પણ ધર્મનો કોઈ પણ પયગંબર કે અવતારનો વિરોધ કર્યો નથી અને બધાને એક જ સમાન ગણ્યા છે. જો કે મધ્ય યુગમાં મુખ્ય સંઘર્ષ હિન્દુ ધર્મ અને ઈસ્લામ ધર્મ વચ્ચે હતો. તેમણે ગહન અધ્યયન કરીને હિન્દુ

# ગુજરાતી પુસ્તકનાં ૨૦૦ વર્ષ

○ દીપક બી. મહેતા

૧૮૬૬માં ચાર મહત્ત્વનાં ગુજરાતી પુસ્તકો પ્રગટ થયાં, તો ૧૮૬૭નું વર્ષ એ ગુજરાતી પુસ્તકોના ઇતિહાસમાં અત્યંત મહત્ત્વનું વર્ષ છે. ગુજરાતી પુસ્તકોના મુદ્રણનો આરંભ થયો ત્યારથી માંડીને ૧૮૬૭ સુધી ન તો તેની કોઇ વ્યવસ્થિત, સર્વગ્રાહી યાદી તૈયાર થઇ કે ન તો એ પુસ્તકોનો કોઇ એક ઠેકાણે સંગ્રહ થયો. પરિણામે ૧૮૬૭ સુધીમાં કેટલાં પુસ્તકો પ્રગટ થયાં, ક્યાં પુસ્તકો પ્રગટ થયા તે અંગે આજેય આપણે ખાતરીપૂર્વક કશું કહી શકતા નથી. પણ ૧૮૬૭ પછી આ પરિસ્થિતિ બદલાઇ, અથવા બદલાય એવો સરકારી પ્રયાસ થયો. સરકારે આ પ્રયાસ કર્યો એક કાયદા દ્વારા. આપણા ઘણા જાણકારોના મનમાં પણ એક ખોટો ખ્યાલ ઘર કરી ગયો છે કે આ કાયદો તે કોપીરાઇટનો કાયદો.

''ગુજરાતી આદિમુદ્રિત ગ્રંથની સૂચિ''ની પ્રસ્તાવનામાં તેના સંપાદકો અચ્યુત યાજ્ઞિક અને કિરીટ ભાવસાર કહે છે: ''સન ૧૮૬૭થી હિંદની બ્રિટિશ સરકારે કોપીરાઇટનો કાયદો ઘડ્યો તેમ જ મુદ્રિત પુસ્તકોની નોંધણી કરાવવાનું ઠરાવ્યું તેને કારણે ત્યાર પછીનાં પુસ્તકો પદ્ધતિસર નોંધાયા અને સચવાયાં. ''પણ ૧૮૬૭માં જે કાયદાને પ્રતાપે પરિવર્તન આવ્યું તે કોપીરાઇટનો કાયદો નહીં, પણ ''રજિસ્ટ્રેશન ઓફ બુક્સ એન્ડ પિરિયોડિકલ્સ એક્ટ'' નામનો કાયદો. પુસ્તકની નકલ સરકારને મોકલવાનું કે કોપીરાઇટ રજિસ્ટર કરાવવાનું કોપીરાઇટના કાયદા હેઠળ આપણા દેશમાં ક્યારેય

ફરજિયાત નહોતું. આજે પણ નથી જ. અમેરિકા જેવા કેટલાક દેશોમાં કોપીરાઇટ રજિસ્ટરમાં નોંધણી કરાવી હોય તો જ કોપીરાઇટના કાયદાનું રક્ષણ મળે એવી કાયદાકીય જોગવાઇ છે. પણ આપણા દેશમાં નથી. પણ આપણા દેશમાં સરકારને પુસ્તકની નકલો મોકલવાની જોગવાઇ છે તે આ ૧૮૬૭ના રજિસ્ટ્રેશન ઓફ બુક્સ એન્ડ પિરિયોડિકલ્સ એક્ટ હેઠળ.

## પુસ્તકોને લગતો પહેલો કાયદો

વળી ૧૮૬૭માં આ કાયદો પસાર કરવા પાછળ બ્રિટિશ સરકારની રાજકીય લાભની કોઇ ગણતરી નહોતી કે નહોતો આ સેન્સરશીપનો આડકતરો પ્રયાસ. આ કાયદા પાછળનો મુખ્ય હેતુ બ્રિટિશ ભારતમાં પ્રગટ થતાં પુસ્તકોની જાળવણી કરવાનો હતો. વળી આવા કાયદાની માગણી હિંદીઓએ કરી નહોતી, પણ ઇંગ્લેન્ડની એક સંસ્થાએ કરી હતી. ૧૮૬૩માં ધ રોયલ એશિયાટિક સોસાયટી ઓફ ગ્રેટ બ્રિટન એન્ડ આયર્લેન્ડના અધિકારીઓએ સેક્રેટરી ઓફ સ્ટેટ ફોર ઇન્ડિયાને એક પત્ર લખ્યો હતો. હિંદુસ્તાનમાં સંસ્કૃત અને બીજી ભાષાઓમાં જે પુસ્તકો પ્રગટ થાય છે તેની માહિતી યુરોપિયન અભ્યાસીઓને મળતી નથી એવી ફરિયાદ આ પત્રમાં કરવામાં આવી. આ ખામી દૂર કરવા માટે અત્યાર સુધીમાં ભારતમાં પ્રગટ થયેલાં પુસ્તકોની બને તેટલી સંપૂર્ણ સૂચિ તૈયાર કરાવવી અને ભવિષ્યમાં આવી યાદીઓ નિયમિત રીતે તૈયાર થાય એવી જોગવાઇ કરવી એમ પણ આ પત્રમાં સૂચવ્યા. બ્રિટિશ સામ્રાજ્યમાં પ્રગટ થતા પ્રત્યેક પુસ્તકની પાંચ નકલો બ્રિટનની પાંચ અગ્રણી લાયબ્રેરીઓને મોકલવાનું તો કાયદા દ્વારા ફરજિયાત હતું જ. પણ આ કાયદો હિંદુસ્તાનને લાગુ પાડવામાં આવ્યો નહોતો.''

આ પત્રના અનુસંધાનમાં બ્રિટિશ સરકારે ૧૮૬૭નો ૨૫મો કાયદો પસાર કર્યો. આ કાયદા હેઠળ બ્રિટિશ હિંદુસ્તાનમાં પ્રગટ થતા પ્રત્યેક પુસ્તકની ત્રણ નકલ સરકારને મોકલવાનું ફરજિયાત બનાવવામાં આવ્યું. એક ખાસ ધ્યાનમાં રાખવાની વાત એ છે કે આ કાયદો માત્ર બ્રિટિશ ઇન્ડિયાને જ લાગુ પડતો હતો, ભારતમાંના દેશી રાજ્યોને નહીં. અને ગુજરાતીભાષી પ્રદેશનો ઘણો મોટો ભાગ દેશી રાજ્યોની ધૂંસરી નીચે હતો. એટલે ૧૮૬૭ પછી પણ ગુજરાતના દેશી રાજ્યોમાંથી પ્રગટ થયેલાં પુસ્તકોની નોંધણી કે જાળવણી થઈ નથી. બીજી બાજું ૧૮૬૭ના જુલાઇની પહેલી તારીખથી નવાં પ્રગટ થયેલાં પુસ્તકોની ત્રૈમાસિક સૂચિઓ સરકાર દ્વારા પ્રગટ થવા લાગી. પરિણામે પુસ્તક ન સચવાયું હોય તોય તેની માહિતી સચવાઈ રહે એવું બન્યું. વળી સરકારને મળતી ત્રણ નકલોની જાળવણીનું કામ પણ ધાર્યા કરતાં વધુ મુશ્કેલ બન્યું. ત્રણમાંની એક નકલ હિંદની બ્રિટિશ સરકાર દ્વારા લંડનની ઇન્ડિયા ઓફિસ લાયબ્રેરીને અને બીજી નકલ ત્યાંના જ બ્રિટિશ મ્યુઝિયમને મોકલવામાં આવતી હતી. પણ પુસ્તકની ત્રીજી નકલનું શું કરવું? ૧૮૬૭માં કાયદો ઘડાયો ત્યારે આ અંગે કશી જોગવાઇ કરી નહોતી. છેક ૧૮૭૧ના જુલાઇની ૨૦મી તારીખે સરકારે ઠરાવ્યું કે ત્રૈમાસિક સૂચી તૈયાર કરી લીધા પછી ડાયરેક્ટર ઓફ પબ્લિક ઇન્સ્ટ્રક્શનને બીજી નકલ મુંબઇ યુનિવર્સિટીને મોકલી આપવી.

પુસ્તકો ક્યાં રાખવા એની સમસ્યા તો હતી જ એટલે સરકારે ઝડપભેર પુસ્તકો યુનિવર્સિટીને મોકલી આપ્યા. પુસ્તકો મોકલ્યા એટલે સરકારનું કામ પૂરું થયું. પણ ૧૮૯૦માં સરકાર એકાએક જાગી. તેણે યુનિવર્સિટીને પૂછાવ્યું કે અમે જે પુસ્તકો તમને મોકલીએ છીએ તેની શી વ્યવસ્થા કરવામાં આવી છે તે જણાવો. તેનો જે જવાબ યુનિવર્સિટીના રજિસ્ટ્રાર ડી. મેકડોનાલ્ડે મોકલ્યો તેમાં જણાવ્યું કે અત્યાર સુધીમાં સરકાર તરફથી અમને ૨૨૫૨૪ પુસ્તકો મળ્યાં છે. તેમાંના ૫૧૬૪ પુસ્તકોને કાં ઉધઇ ખાઇ ગઇ છે અથવા તો એ પુસ્તકો ગુમ થયાં છે. પણ બાકી રહેલાં ૧૭૩૬૦ પુસ્તકોની જાળવણી કરવા માટે અમે અશક્ત છીએ એટલે સરકાર જેને જણાવશે તેને અમે આ પુસ્તકો મોકલી આપશું. સરકાર સપડાઇ. સરકારે રોયલ એશિયાટિક સોસાયટીને પૂછાવ્યું કે આ પુસ્તકો રાખવા તમે તૈયાર છો? ૧૮૯૦ના ઓક્ટોબરની આઠમી તારીખે સોસાયટીના સેક્રેટરી ઝવેરીલાલ

---

અને ઇસ્લામ ધર્મના એકાત્મનાં સૂત્રો શોધી કાઢ્યાં. તેને વિશદપણે સમજાવ્યા. તેમનાં સિદ્ધાન્તો, રિવાજો, રીતો, ઉપાસના પદ્ધતિ, કથાઓ, ભવિષ્યવાણીઓ બધાને એક સૂત્રમાં ગૂંથ્યાં અને પ્રતિપાદન કર્યું કે બંનેમાં તત્ત્વતઃ કોઈ ભેદ નથી. કેવળ નામ જુદાં છે, જે મહત્ત્વનાં નથી. એમાંથી આગળ વધીને સંસારના સઘળા પ્રમુખ ધર્મો અને તેમનાં સિદ્ધાન્તો, નીતિઓ, રિવાજો, પુરાણકથાઓ, ઉપાસના, પદ્ધતિઓમાં પણ તેમણે એકાત્મનાં સૂત્રો શોધ્યાં. અને તેમને વિશદપણે સમજાવ્યા. જેને આજે સેક્યુલર સમાજ કે સર્વ ધર્મ સમભાવ કહેવામાં આવે છે. મહામતિ પ્રાણનાથજી એવા સંત છે જેમાં પોતાના સમયમાં આ પરિકલ્પનાને લઈને આગળ આવ્યા. તેઓ એવા વિશ્વ ધર્મના પ્રવક્તા બન્યા, જે વર્તમાન વિશ્વની વિસંગતિઓના સંદર્ભમાં વિશ્વ સદ્દભાવ તેમ જ વિશ્વ શાંતિનો એક માત્ર માર્ગ છે. અને આ રીતે સમાજનો ઉત્કર્ષ થવાનો છે.

આમ વ્યક્તિથી લઈ સમાજ, સમાજથી રાષ્ટ્ર અને રાષ્ટ્રથી વિશ્વ સુધીની મહામતિ પ્રાણનાથની વિચારધારા તેમના જીવનભરની ફળશ્રુતિ છે. જે અંધકારની શક્તિઓથી આચ્છાદિત વર્તમાન વિશ્વની સમસ્યાઓનું એક માત્ર સમાધાન છે. એ જ વિશ્વ મૈત્રી, વિશ્વ સદ્દભાવ અને વિશ્વ પ્રેમનું પ્રસ્થાન બિંદુ છે.

મહામતિ પ્રાણનાથજીનું ચિંતન, ભક્તિ, સમાજ, રાજનીતિ, ધર્મ, અધ્યાત્મ તેમ જ દર્શન આ બધા માટે આજે ય એટલું જ પ્રાસંગિક છે જેટલું એ સમયે હતું. તેમ જ હવે પછીના સમયમાં પણ તેની જરૂરિયાત રહેવાની છે. આ રીતે ગુજરાતના કૃષ્ણ પ્રણામી ધર્મ – નિજાનંદ સંપ્રદાયનું સમાજના ઉત્કર્ષમાં બહુ જ મોટું પ્રદાન છે.

*જુદે જુદે નામે ગાવહી, જુદે જુદે ભેષ અનેક,*

*નિજ કોઈ જગડો આપમે, ધની સબોકા એક;*

*નામ સારો જુદે ધરે, લઈ સબો જુદી રસમ,*

*સબમેં ઉમ્મત ઔર દુનિયા, સોઈ ખુદા સોઈ બ્રહ્મ.*

*વાઘબકરી સંગ ચરે, કોઈ ન કરે કીસીસે વેર,*

*પશુપંખી સુખે ચરે ચુગે, છૂટ ગયો સબકો જેહેર;*

*સન્મુખ સબ એક રસ ભયે, ભાગ્યો સબ વિશ્વ ક્રોધ,*

*ઘર ઘર આનંદ ઉછવ, કુલી પોહોરો કાઢયો સબ ક્રોધ.*

('ગુજરાત ઇતિહાસ પરિષદ'ના ડિસેમ્બર ૨૦૦૬માં, આબુ ખાતે, મળેલાં અધિવેશનમાં વંચાયેલો નિબંધ)

[Ghaanchi Waad, JAMNAGAR - 361 001, Gujarat, India]

યાજ્ઞિકે જે જવાબ આપ્યો તેમાં જણાવ્યું કે અમારા પોતાના પુસ્તકોની વ્યવસ્થા કરવાનું કામ જ મુશ્કેલ બનતું જાય છે એટલે આ વધારાનાં પુસ્તકોનો બોજો ઉપાડવાનું અમારે માટે શક્ય નથી. એટલે પછી આ પુસ્તકો સરકારની રેકોર્ડ ઓફિસને મોકલી આપવા એવું સરકારે ૧૮૯૦ના નવેમ્બરમાં ઠરાવ્યું. સરકારી રેકોર્ડ ઓફિસમાં આ પુસ્તકોની કેવી દુર્દશા થઈ હશે એ કલ્પવાનું મશ્કેલ નથી. પણ આ કાયદાનો એક ફાયદો થયો તે પુસ્તકોની સૂચિઓ અંગેનો. પણ તે વિષે હવે પછી ક્યારેક વાત. ■

(સદ્દભાવ : "મુંબઈ સમાચાર" વર્ડનેટ, ૨૯ માર્ચ ૨૦૦૭)

[55. Vaikunth Co-operative Society, Lallubhai Park, Andheri(West), MUMBAI - 400 058, India]

•

## ભારત ૧૦૦ વર્ષ પહેલાં માર્કેટ લીડર બની શક્યું હોત

- મેઘનાદ દેસાઈ

આઝાદીના દસકાઓ પછી પણ સંસ્થાનવાદના અનુભવમાંથી ભારતીય જનમાનસ મુક્ત થઈ શક્યું નહોતું. ઈસ્ટ ઇન્ડિયા કંપનીના આધિપત્યમાંથી મુક્તિ પછી ભારતીયોના મનમાં સમગ્ર વિશ્વમાં ડંકો વગાડવાની ઇચ્છા પ્રબળ બનવા માંડી. ઈસ્ટ ઇન્ડિયા કંપનીને પોતાને આધિન કરવાની ઇચ્છા તે સમયે ઘણાં ખરા ભારતીયોના મનમાં જોવા મળતી હતી. આજે ૬૦ વર્ષ પછી ભારતીયો (આરએસએસ અને માર્ક્સવાદીઓ સિવાય) ગુલામ માનસમાંથી મુક્ત થયા છે.

આઝાદીના ૪૦ વર્ષ સુધીની ખરાબ આર્થિક નીતિઓના કારણે ભારતનો વિકાસ ધીમો થયો. આ વર્ષો દરમિયાન માત્ર સમાજવાદી વિચારધારાના સમર્થક હોવાનો દાવો કરતા સરકારી બાબુઓને જ ફાયદો થયો. છેક ૧૯૯૧ના વર્ષથી ભારત આળસ મરડીને બેઠું થયું. ત્યાર બાદના દસ વર્ષ તો પરિવર્તન સાથે અનુકૂળ થવામાં પસાર થઈ ગયા. જોકે હવે તો નવી સદી ચાલે છે. વ્યાપાર વિશ્વમાં ભારતની ગણતરી માર્કેટ લીડર તરીકે થવા માંડી છે.

સમગ્ર વિશ્વની કંપનીઓને હસ્તગત કરવાની દિશામાં ભારતીય બિઝનેસ ટાયકૂન્સ આગળ વધી રહ્યા છે. મિત્તલે આર્સેલર ખરીદી, ટાટાએ ટેટલી ટી અને કોરસ પર સત્તા જમાવી. રેનબક્સી મર્ક લેવાની દિશામાં છે. રિલાયન્સ પણ કોઈક જગ્યાએ હલ્લો બોલશે તેમાં શંકા નથી. ઇનફોસિસ અને વિપ્રો જેવી કંપનીઓ આખી દુનિયામાં પથરાયેલી છે. આ પ્રવાહ ટૂંક સમયમાં જ પૂરની જેમ આગળ વધશે અને ભારત ગ્લોબલ કોર્પોરેટ પ્લેયર બનશે.

શું આ ક્ષણિક ઊભરો છે? ભારતમાં ઔદ્યોગિક ક્ષેત્રે મહત્તા સિદ્ધ કરવાની શક્તિ છે ખરી? હકીકત જાણીને આશ્ચર્ય થશે, પરંતુ ૧૦૦ વર્ષ અગાઉ પણ ભારત પાસે સમગ્ર વિશ્વમાં ડંકો વગાડવાની શક્તિ હતી, પરંતુ સ્વાતંત્ર્ય આવ્યું અને આપણે ૬૦ વર્ષ પાછળ ધકેલાઈ ગયા. વ્યાપારને નુકસાન થાય તેવી નીતિઓ નવી નેતાગીરીએ અપનાવી. અલબત્ત આના ઉદ્દેશ ઉત્તમ હતા, પરંતુ પરિણામ ભયંકર આવ્યાં. અર્થશાસ્ત્રી એન્ગસ મેડિસન કહે છે કે બ્રિટિશરો આવ્યા તેની સદીઓ અગાઉ કે બ્રિટિશરોના રાજમાં પણ ભારત ગરીબ રાષ્ટ્ર નહોતું. મુઘલ સામ્રાજ્યમાં ભારત સમૃદ્ધ હતું,

પરંતુ તેનો વિકાસ નહોતો. ૧૯મી સદીના મધ્યમાં સંપૂર્ણપણે બ્રિટિશ રાજ સ્થપાયું ત્યાર બાદ આર્થિક વિકાસની શરૂઆત થઈ. ભારતમાં ૧૯મી સદીના અંત પહેલાં રેલ સુવિધા હતી. યુરોપના કે એશિયાના કોઈ પણ દેશમાં નહોતી તેવી આધુનિક ઔદ્યોગિક અર્થવ્યવસ્થા ભારતમાં હતી. વિદેશી શાસન હોવા છતાં ભારતીય ઉદ્યોગપતિઓ આધુનિક ઉદ્યોગો સ્થાપવામાં સફળ રહ્યા હતા.

તે સમયે કન્ઝ્યુમર ગુડ્સ અને ટેક્સટાઇલની શરૂઆત હતી. ત્યાર બાદ સિમેન્ટ, લેધર, સ્ટીલ અને અન્ય ઉત્પાદનોમાં ભારતનો ડંકો વાગ્યો. ૧૮૬૦થી ૧૯૧૪ની વચ્ચે વિકાસદર ૮.૪ ટકા હતો. ઉલ્લેખનીય છે કે સ્વાતંત્ર્ય પછી ઘણા લાંબા સમય સુધી આવો વિકાસદર જોવા મળ્યો નહોતો. યુદ્ધ અને અશાંતિના સમયમાં અન્ય દેશોની જેમ જ ભારતનું અર્થતંત્ર પણ ધીમું પડ્યું.

ઓછી કિંમતોના કારણે ખેતીને ફટકો પડ્યો અને ઉદ્યોગોની નિકાસ બંધ થઈ. વસતી વધતી ગઈ અને તેની સમૃદ્ધિ ઘટી. ૧૯૧૮ પછી ૩૦ વર્ષ સુધી માથા દીઠ આવક ઘટી અને ત્યાર બાદના ૪૦ વર્ષ સુધી આ સ્થિતિ રહી. ઉદ્યોગપતિઓ લાઇસન્સ રાજના બંધનમાં આવ્યા. વિશ્વકક્ષાના ટેક્સટાઇલ એકમોની હાલત ખરાબ થઈ અને નાછૂટકે તેઓ આયાત કરવા માંડ્યા.

હવે ભારત ફરી પાછું વિકાસના ઐતિહાસિક માર્ગ પર ચાલવા માંડ્યું છે. ઉદ્યોગોને સબસિડી, રક્ષણ કે ટેરિફની જરૂર રહી નથી. જેવી રીતે જૂના શાસકોમાં નિર્ણયો લેવાની અને રિસ્ટ્રક્ચરની શક્તિ હતી તેવી શક્તિ આજના નેતાઓમાં દેખાય છે. એમબીએ થયેલી નવી પેઢી ભારતમાં પોતાનું ભાગ્ય અજમાવવા પ્રવેશી છે.

ભારતમાં હવે કેપિટલ કન્વર્ટિબિલિટી અને લેબર લૉમાં સુધારાની જરૂર છે. રાજકારણીઓ લેબર લૉમાં કંઈ કરી શકે તેમ નથી. આથી સેઝની છત્રછાયા તૈયાર કરાઈ છે. જ્યાં જમીન કૌભાંડ થાય છે અને નેતાઓને ફંડ મળે છે. ઉદ્યોગપતિઓને જો જમીનની જરૂર હોય તો તેમને ખેડૂતો પાસેથી જમીન ખરીદવા દો. આમાં સરકારની મધ્યસ્થીની કોઈ જરૂર નથી. જો આમ થાય તો સેઝનો મુદ્દો રાજકીય દૃષ્ટિએ ગરમ રહેશે નહિ. (લેખક જાણીતા અર્થશાસ્ત્રી છે)

(સદ્દભાવ : "દિવ્યભાસ્કર", ૨૯ માર્ચ ૨૦૦૭)

•

## લઘુમતી અંગે ક્યાંય સ્પષ્ટ વ્યાખ્યા નથી ત્યારે કરવું શું?

○ સોલી સોરાબજી

આંતરરાષ્ટ્રીય સ્તર પર લઘુમતીની કોઈ સર્વમાન્ય પરિભાષા બની શકી નથી. ન્યાયાધીશો, ન્યાયવિદો અને રાજકારણીઓના ઘણા પ્રયાસો છતાં તે શક્ય બન્યું નથી. એટલે સુધી કે ૧૯૪૮ના માનવ અધિકાર સંબંધી સાર્વભૌમિક ઘોષણાપત્રમાં પણ લઘુમતી સંબંધી કોઈ જોગવાઈ નથી.

લઘુમતીઓના અધિકારોની વાત કરનાર પ્રથમ આંતરરાષ્ટ્રીય માનવ અધિકાર તંત્ર નાગરિક અને રાજકીય હક સંબંધી આંતરરાષ્ટ્રીય પ્રસ્તાવ પત્ર ૧૯૬૬ (આઇસીસીપીઆર) છે. આ સંદર્ભે આઈસીસીપીઆરની ધારા૨૭ કહે છે, 'જે રાજ્યમાં જાતિગત ધાર્મિક કે ભાષાકીય લઘુમતી હોય, તેમને તેમના હકથી વંચિત ન કરી શકાય.

આવા લોકો પોતાના સમુદાયના અન્ય લોકો સાથે પોતાની સંસ્કૃતિનો આનંદ ઉઠાવી શકે છે. તેમને પોતાનાં ધાર્મિક મૂલ્યોને માનવા અને પોતાની ભાષાનો ઉપયોગ કરતો કોઈ રોકી, ન શકે. જોકે આઇસીસીપીઆર પણ લઘુમતીની વ્યાખ્યા આપતું નથી. સંયુક્ત રાષ્ટ્રના ૧૯૯૨ના લઘુમતી સંબંધી ઐતિહાસિક ડિક્લેરેશનમાં પણ કોઈ વ્યાખ્યા કરવામાં આવી નથી.

ભારતીય બંધારણ પણ લઘુમતીને પરિભાષિત કરતું નથી. લઘુમતીની ઓળખ માટે અદાલતો દ્વારા કેટલાક નિશ્ચિત માપદંડ કે પરીક્ષણ વિકસાવાયો છે. આપણી સુપ્રીમ કોર્ટે રાજ્યના સંદર્ભે સંખ્યાત્મક પરીક્ષણને અપનાવ્યું છે. ૧૯૫૮માં કેરળ શિક્ષણ બિલ સંદર્ભે સુપ્રીમ કોર્ટનું મંતવ્ય હતું કે સમગ્ર કેરળમાં કોઈ કાયદો લાગુ કરવાનો પ્રશ્ન હોય તો 'લઘુમતીઓનું અસ્તિત્વ રાજ્યની સમગ્ર વસ્તીના આધારે જ નક્કી કરાશે.' અને આ આધારે કેરળમાં ખ્રિસ્તી, મુસ્લિમ અને ઍંગ્લો ઇન્ડિયન લઘુમતીની શ્રેણીમાં આવે છે.

ત્યાર બાદ ડીએવી કૉલેજના કેસમાં સુપ્રીમ કોર્ટે પોતાના ચુકાદામાં ભારતમાં હિંદુ બહુમતી હોવાથી તેમને પંજાબ જેવા રાજ્યમાં ધાર્મિક લઘુમતી ન ગણી શકાય, એવા દાવાને ફગાવી દીધો હતો. આ કેસના મામલે કોર્ટે હિંદુઓની શ્રેણી નિર્ધારિત કરવા માટે રાજ્યને એક એકમ તરીકે લીધું હતું.

વર્ષ ૨૦૦૨માં ૨૫ નવેમ્બરે સુપ્રીમ કોર્ટની નવ ન્યાયાધીશોની ખંડપીઠે ટીએમએ પાઇના કેસમાં પોતાના ચુકાદા થકી લઘુમતીઓના અસ્તિત્વને નિર્ધારિત કરવા અંગેના અગાઉનાં પરીક્ષણોને વધુ મજબૂત કરતા ફેંસલો આપ્યો હતો કે રાજ્યના કાયદાની દૃષ્ટિએ ધાર્મિક કે ભાષાકીય લઘુમતીઓને નિર્ધારિત કરનાર એકમ માત્ર રાજ્ય જ હોઈ શકે.

ત્યાર બાદ ૧૨ ઑગસ્ટ, ૨૦૦૫ના રોજ સુપ્રીમ કોર્ટ દ્વારા પી.એ. ઇમાનદારના કેસમાં અપાયેલા ચુકાદામાં પણ આવું જ મંતવ્ય આપ્યું હતું. આમ, સુપ્રીમ કોર્ટ દ્વારા અપાયેલા ચુકાદામાંથી એક વાત સ્પષ્ટ છે કે 'મામલો ભલે ધાર્મિક કે ભાષાકીય લઘુમતીનો હોય, તેનું નિર્ધારણ માત્ર રાજ્યની વસતીના આંકડાના આધારે જ થવું જોઈએ, સમગ્ર દેશની વસતીના આધારે નહીં.'

મારા મતે લઘુમતીનું ધોરણ નક્કી કરવા માટે તેમની વસતી ઓછી હોય એ તો ચોક્કસપણે એક તર્કસંગત માપદંડ હોઈ શકે, પરંતુ તે નિર્ણાયક માપદંડ ન હોઈ શકે. માત્ર આંકડાના આધારે લઘુમતીઓનું નિર્ધારણ ન થઈ શકે. તેનું તો ગુણાત્મક નિર્ધારણ થવું જોઈએ અને તેમાં બધા ઉપેક્ષિત અને નબળા સમુદાયોને સામેલ કરવાં જોઈએ. લઘુમતી કે બહુમતીના ધોરણનું નિર્ધારણ કરતી વખતે જે તે સમયે કયો સમુદાય પ્રભાવશાળી રહ્યો તે જોવું જોઈએ.

મોટા ભાગે જેની બહુમતી હોય તેનું વર્ચસ્ હોય છે, પરંતુ કોઈ વિશેષ પરિસ્થિતિમાં બહુમતીની હાલત લઘુમતી જેવી ઉપેક્ષિત હોઈ શકે છે. જેમ કે ભારતમાં અંગ્રેજી શાસનમાં કે આફ્રિકામાં ગોરાઓના સામ્રાજ્ય દરમિયાન જે સમુદાયની વસ્તી બહુમતીમાં હતી તે વધુ નબળી સ્થિતિમાં હતો. આ મુદ્દા સાથે જોડાયેલો પ્રશ્ન એ છે કે નિર્ણય લેવા, નીતિઓ ઘડવા અને તેના અમલીકરણ માટે સમુદાય કેટલો મજબૂત હોવો જોઈએ.

અલ્હાબાદ હાઈકોર્ટના એક ન્યાયાધીશ દ્વારા ઉત્તર પ્રદેશમાં મુસ્લિમો લઘુમતી ન હોવા અંગેનો જે ચુકાદો આપ્યો, તે સમજથી બહાર છે. ઉત્તર પ્રદેશમાં મુસ્લિમોનું વર્ચસ્ છે કે તેમની સ્થિતિ ઘણી મજબૂત છે એ કોઈ રીતે સાબિત કરી શકાય એમ નથી. જોકે, આ ન્યાયાધીશનો નિર્ણય સુપ્રીમ કોર્ટે અપાયેલા ચુકાદા સાથે મેળ ખાતો નથી.

ન્યાયાધીશ એવી વ્યક્તિ નથી, જેનાથી ક્યારેય કોઈ ભૂલ ન થતી હોય. તેમનાથી પણ ભૂલ થઈ શકે છે. જોકે, સમગ્ર દેશ અને મુસ્લિમ સમુદાય પર ઊલટી અસર કરી શકે એવી સંવેદનશીલ બાબતે ચુકાદો આપતી વખતે સુસ્થાપિત કાનૂની સિદ્ધાંતોની અવગણના નહોતી કરવી જોઈતી. સદ્દભાગ્યે ડિવિઝન બેન્ચ દ્વારા આ ચુકાદા પર સ્ટે આવી ગયો છે. અને મેના મધ્યમમાં હાઈકોર્ટમાં આ કેસ ચાલશે ત્યારે તેને કાઢી નાખવામાં આવશે એવી આશા છે.

(સદ્દભાવ : "દિવ્ય ભાસ્કર", ૧૬ એપ્રિલ ૨૦૦૭)

# ગોધરા પછી પાંચ વર્ષે

○ રજનીકાન્ત જે. મહેતા

## હવે હિંસા નથી, પરંતુ ભય અને પૂર્વગ્રહોનું વાતાવરણ યથાવત્

*પ્રખ્યાત અંગ્રેજી દૈનિક, "ધ હિન્દુ"ના ૨૮ ફેબ્રુઆરી ૨૦૦૭ના અંકમાં, ડીઓન બનશાનો એક લેખ પ્રગટ થયો હતો. તેનું ભાષાન્તર અહીં રજૂ કર્યું છે:*

આપણામાંથી અમુક લોકો માટે બહાર તંબૂમાં રહેવું એ એક શોખનો વિષય છે. પરંતુ આજે મહેદી હસન વણઝારા માટે તે એક જીવન બની ગયું છે. ઉત્તર ગુજરાતમાં મોડાસા શહેરની બહારના એક રિલીફ કેમ્પમાં તે અને તેના કુટુંબના આઠ સભ્યો ધૂળવાળી જમીન પરનાં એક ખૂબ નાના તંબૂમાં છેલ્લાં પાંચ વર્ષથી રહે છે.

'અહીં વીજળી નથી. રાતે તેલના દીવા વાપરીએ છીએ. મારી ત્રણે દીકરીઓ લોકોના ઘરોમાં વાસણ માંજીને મહિને રૂપિયા ૨૦૦ કમાય છે. આનાથી અમારું ગુજરાન ચલાવીએ છીએ.' મોટી ઉમ્મરના મહેદી કહે છે. ૨૦૦૨માં એના ગામમાં કોમી દાવાનળમાં જ્યારે ૬૨ ઘરો બાળી નાખવામાં આવ્યા હતાં, ત્યારે સ્વરક્ષણ માટે તેણે મોડાસા ભણી પ્રયાણ કર્યું હતું. ત્યાર બાદ એ પોતાના ગામે પાછો ફરી નથી શક્યો. સ્થાનિક મુસ્લિમ સંસ્થાઓએ ૧૦ ફૂટ x ૧૦ ફૂટના નાના ઓરડાઓ શરણાર્થીઓ માટે બાંધ્યા છે. પરંતુ તે પૂરતા નથી. મહેદીનો વારો હજી આવ્યો નથી. નર્યા અંધારામાં પાંચ વર્ષથી તે રાહ જોઈને બેઠો છે.

સમગ્ર ગુજરાતમાં આજે પણ ૩૦,૦૦૦ શરણાર્થીઓ માટે ૮૧ રિલીફ કેમ્પ ચાલી રહ્યા છે. ત્યાં રહેનાર વ્યક્તિઓ મ્યુનિસિપાલિટીનો ટેક્સ ભરે છે. પરંતુ પાણી કે વીજળી જેવી પાયાની સેવાઓ તેમને મળતી નથી. મોડાસામાં પાણી માટે એક સ્થાનિક કોન્ટ્રેક્ટરને શરણાર્થીઓ મહિને કુટુંબ દીઠ રૂપિયા ત્રીસ ભરે છે.

'અહીં ગટરો નથી. કપડાં-વાસણ ધોવાની જગ્યા નથી. તેથી અંદર અંદર ઘણી વાર ઝઘડા થાય છે. પરંતુ કેમ્પમાં થોડા ઘણા સલામત છીએ,' એક વિધવા બહેન, મુમતાઝબહેન શેખ કહે છે. 'આ કેમ્પ અમને સલામતી આપે છે - ફક્ત સલામતી - પરંતુ ૨૦૦૨ બાદ અમારા જેવી જીવિત વ્યક્તિઓ માટે આ વાત સૌથી વધારે મહત્ત્વની છે.'

ફેબ્રુઆરી ૨૭, ૨૦૦૨માં ગોધરા સ્ટેશન પર ઊભી રહેલી સાબરમતી એક્સપ્રેસમાં ૫૯ વ્યક્તિઓ એક આગની અંદર બળી ગઈ હતી. આગના કારણ માટે હજુ પણ વિવાદ છે. રેલવે મંત્રાલય આને અકસ્માત ગણે છે, જ્યારે ગુજરાત પોલીસ તેને વિશ્વ હિન્દુ પરિષદ દ્વારા અયોધ્યાના રામ મંદિરમાં કરસેવા માટે મોકલાયેલા સેવકોને મારી નાખવાનું કાવતરું ગણે છે.

ગોધરાની આ શોકજનક ઘટના બાદ થોડાક જ કલાકમાં મુખ્ય પ્રધાને આ ઘટનાને આતંકવાદી હુમલા તરીકે વર્ણવી હતી. ત્યાર બાદ હાકલ થઈ હતી : 'લોહી સામે લોહી'. બીજે જ દિવસે સમગ્ર રાજ્યમાં મુસ્લિમો વિરુદ્ધ હિંસાત્મક ચળવળ શરૂ થઈ હતી જે બે મહિના સુધી ચાલી હતી. આમાં ૧,૦૦૦ ઉપરાંત લોકો મૃત્યુ પામ્યાં હતાં અને બે લાખ જેટલાં લોકો ઘરવિહોણાં થઈ ગયા હતાં.

આજે પાંચ વર્ષ બાદ, હિંસા નથી; પરંતુ ભય અને પૂર્વગ્રહોનું વાતાવરણ વર્તાય છે. 'લઘુમતી પ્રજાને પાઠ શીખવવામાં આવ્યો છે.' 'તેઓએ હવે બીજી શ્રેણીના નાગરિક તરીકે જ ગુજરાતમાં રહેવું પડશે.' તેમ ગુજરાતમાં (હિન્દુત્વ માટેની પ્રયોગશાળામાં) વાર - તહેવારે સંભળાય છે. સમાજમાં ચોખ્ખા બે ભાગ પડી ગયા છે. આ લઘુમતી કોમને છૂટી પાડી દેવામાં આવી છે; જ્યાં તેમને સામાજિક અને આર્થિક બહિષ્કારનો સામનો દૈનિક જીવનમાં કરવો પડે છે; જ્યાં કાયમ માટે તેમણે ભયના વાતાવરણમાં જ જીવવું પડે છે.

મુસ્લિમોને 'ગેટ્ટો'[ghetto]માં ધકેલી દેવામાં આવ્યાં છે. અમદાવાદના મોટામાં મોટા 'ગેટ્ટો', જુહાપુરામાં ત્રણ લાખ લોકો વસે છે. પરંતુ કોઈ પણ પ્રકારની સ્થાનિક સેવાઓ - પાણી અને વીજળી પણ તેઓને ઉપલબ્ધ નથી. ઘણાં મુસ્લિમ ન્યાયાધીશો, ડૉક્ટરો, વકીલો, વેપારીઓને જુહાપુરામાં સ્થાયી થવાની ફરજ પાડવામાં આવી છે. કોઈ પણ હિન્દુ વિસ્તારમાં મુસ્લિમોને ફ્લેટ વેચવા દેવામાં આવતા નથી પછી ભલે તેઓ મોં માગ્યો ભાવ આપવા તૈયાર હોય. જુહાપુરામાં એક પણ બેન્ક નથી; સ્ટેટ ટ્રાન્સપોર્ટની એક પણ બસ આ વિસ્તારમાંથી પસાર થતી નથી. ૨૦૦૨ પછી આવા અનેક 'ગેટ્ટો' શહેરોની બહાર ઉપસ્યા છે, જ્યાં અપાર ગંદકી અને આજુબાજુની નાની વર્કશોપોમાં ધુમાડા વચ્ચે લોકો રહે છે. કરુણતા તો એ છે કે આવા એક 'ગેટ્ટો'નું નામ છે : 'નાગરિક નગર.'

આજે 'મસ્સલ પાવર' અને દાદાગીરી સર્વોપરી છે. નિર્દોષ લોકો જેલમાં છે. આ પરિસ્થિતિ દર્શાવતી ફિલ્મ, 'પરઝાનિયા'ને ગુજરાતમાં દર્શાવી શકાતી નથી. કારણ કે અમુક તત્ત્વોએ 'હિંસા'થી સામનો કરવાની ચેતવણી આપી છે. આ તત્ત્વો છૂટથી હરેફરે છે. જ્યાં તેમની સામે કેસ થયા છે ત્યાં જુબાની આપનાર વ્યક્તિઓને ધાકધમકી દ્વારા તાકીદ આપવામાં આવી છે કે તેઓ જુબાની ન આપે. જો તેઓ પોલીસને ફરિયાદ કરે તો તેમને જ સળિયા પાછળ ધકેલી દેવામાં આવે છે. આ પરિસ્થિતિ હોવા છતાં, અમુક સાક્ષીઓ ન્યાય ખાતર લડી લેવાની હિંમત દાખવે છે તે વાત ખરેખર અદ્ભુત છે.

બેસ્ટ બેકરી કેસના અંત વિશે સૌ જાણે છે. મુખ્ય સાક્ષીકાર ઝહીરા શેખને જ 'પર્જરી' (ખોટી જુબાની) માટે જેલ થઈ હતી. એ વખતે વિસરાઈ ગયું હતું કે એક ધારાસભ્યનાં દબાણ હેઠળ આ થયું હતું. આ ધારાસભ્યનાં વર્તન પર હજી સુધી કોઈ તપાસ થઈ નથી.

એક તબક્કે ભારતની સૂપ્રીમ કોર્ટે સરકારની ટીકા કરી હતી કે ગુજરાત બળી રહ્યું હતું ત્યારે તેમણે આંખ આડા કાન કર્યા હતા. અત્યાર સુધી કોઈ પણ 'મોટી માછલી' ન્યાયની જાળમાં પકડાઈ નથી. તેમની સામે કરાયેલી પોલીસ ફરિયાદો ગાંધીનગર પોલીસ થાણામાં જ અભરાઈ પર ધૂળ ખાતી પડી રહી છે.

ન્યાય તરફનો માર્ગ પથરાળ છે. ડિસ્ટ્રીક્ટ કોર્ટોમાં 'રેપ'ના કેસોમાં જુબાની આપનાર બળાત્કારના શિકાર પ્રતિ દોષી પુરુષો જ બિભત્સ વાતો ખૂલેઆમ કરે છે. રાજકીય સત્તાધીશોની ઓળખાણ ન હોય તો પોલીસમાં ફરીયાદ કરવી નિરર્થક બની ગઈ છે. કોમી રમખાણના ૪,૨૫૨ કેસોમાં પોલીસે અડધા ઉપરાંત કેસો 'ખરા છતાં વધુ પુરાવાઓના અભાવે' બંધ કરી દીધા હતા. પોલીસે જ પુરાવાઓ દાબી દીધા હતા. સૂપ્રીમ કોર્ટે આ કેસોની ફેરતપાસ કરવા જણાવ્યું હતું, પરંતુ આમ થયું ન હતું. ત્યારે 'માનવ હક' સમૂહોએ કાયદેસર નોટિસ મોકલી હતી. આને પરિણામે ૨,૦૦૦ જેટલા ઘણા ખરા કેસ ફેરતપાસ માટે ખોલવામાં આવ્યા છે. ગયે વર્ષે આ થયું હોવા છતાં કેસોને 'દાટી દેવાના' ગુનાસર કોઈને સજા થઈ નથી.

સમગ્ર રાજ્યમાં ઉપરની વાતો ચર્ચા માટે અતિ નાજુક ગણાવવામાં આવે છે. કહેવામાં આવે છે કે આ વાતો ભૂલી જઈ લોકોએ આગળ વધવું જોઈએ. ન્યાય અને કાયદો જ્યાં વિસરાઈ જાય ત્યાં શાંતિ અને ભાઈચારાનું વાતાવરણ ફરી કઈ રીતે સર્જી શકાય ? આવા પ્રશ્નો 'ગુજરાતી અસ્મિતા'નાં નામે પૂછવા દેવામાં આવતા નથી. ગુજરાતના મધ્યમ વર્ગના લોકોને છેલ્લાં થોડાંક વર્ષોમાં એટલો બધો 'પ્રોપેગેન્ડા'નો [propaganda] ખોરાક આપવામાં આવ્યો છે કે તેઓ આવા વિચારો કરવા માટે પણ અસમર્થ બની ગયા હોય તેવું લાગે છે.

આજે ગુજરાત ગાંધીજીના 'હિન્દુ - મુસ્લિમ ભાઈચારો' અને 'સહિષ્ણુતા'ના વિચારો ન કરતા 'હિન્દુ રાષ્ટ્ર ફક્ત હિન્દુઓ માટે જ' અને અન્ય સૌએ અહીં રહેવું હોય તો કોઈ પણ પ્રકારની માગણીઓ કે શરત ન કરતા - નાગરિક હકોની પણ નહીં - રહેવું તેવા પ્રકારના વિચારોની પ્રયોગશાળા બની ગયું છે. ચારેકોર 'હિન્દુ રાષ્ટ્રમાં આવકાર'ના પાટિયાં

લાગી ગયાં છે. આ આવકાર સૌ માટે નથી. જેઓ અંધકારમાં જીવી રહ્યા છે, તે હજી પણ પ્રકાશની રાહ જોઈ રહ્યા છે !

•

## આંખ ધન્ય છે

○ મંગુભાઈ આર. પટેલ

ગોધરાકાંડ પછી એવું તે શું જોયું, કે આંખ ધન્ય છે.
સ્વપ્નમાં જોયું વાઈબ્રન્ટ ગુજરાત, આંખ ધન્ય છે.
ગાંધારીએ છતી આંખે બાંધ્યા પાટા, આંખ ધન્ય છે.
અર્જુને જળમાં જોઈ કર્યો મત્સ્યવેધ, આંખ ધન્ય છે.
પાંચાલીનાં ચીર ખેંચાતાં જોયાં ભીષ્મે, આંખ ધન્ય છે.
પ્રિયદર્શી અશોકના પુત્ર કુણાલે આંખો ફોડી, આંખ ધન્ય છે.
બાપુના એક વાંદરાએ બે હાથે બંધ કરેલી આંખ ધન્ય છે.
ઘાણી-ચક્કીના બળદે પહેર્યાં ડાબલા, આંખ ધન્ય છે.
સીધો ચાલે ઘોડો માલિકે પહેરાવ્યા ડાબલા, આંખ ધન્ય છે.
બળવાખોરો ઊંચાનીચા થાય, થાય આંખ લાલ, આંખ ધન્ય છે.
એકાક્ષી છે કાગડો, આપણી તો બે ય આંખ ધન્ય છે.
જમણી કે ડાબી એવું કશું નથી લખ્યું, આંખ ધન્ય છે.
પથ્થરિયો કે સાદો હોય આંખે મોતિયો, આંખ ધન્ય છે.
નજીકનું ઝાંખું, દૂરનું ચોખ્ખું દેખાય તો આંખ ધન્ય છે.
દષ્ટિમાં બદલાવ આવે તો આઈ સ્પેશ્યાલિસ્ટને બતાવજો,
બેચાર ટીપાં નાખશે મોદીસાહેબ, ગુજરાત સાફ દેખાશે.
કવિઓ, વિવેચકો, બબૂચકો બોલી ઊઠ્યા એકી અવાજે :
'પ્રેમાનંદના પેંગડામાં પગ ઘાલે એવો પાક્યો મોદી ગુજરાતે.'
ગુજરાતની એસીતેસી, હવે પછી કવિતામાં ગાજશે મોદી;
નરેન્દ્રમાંથી થઈ ગજેન્દ્ર દેશ-વિદેશે વંચાશે, **'આંખ ધન્ય છે.'**
શિક્ષણમંત્રીએ વાંચી કવિતા આનંદથી, આંખ ધન્ય છે.
બોલાવો પાઠ્યપુસ્તક બોર્ડની સભા, લઈ લો બેચાર કવિતા, આંખ ધન્ય છે.
અભ્યાસક્રમે, આ તો છે આપણો સંસ્કાર વારસો.
આંખ મીંચી વિદ્યાર્થીઓ બોલી ઊઠ્યા : શિક્ષણની આંખ ધન્ય છે.
આખો સવાલ નહિ, તો ખાલી જગ્યા પુછાશે, પરીક્ષાર્થી ધન્ય છે.
ક્રાંતિવીરોએ જેલમાં લખી કવિતા, મોદી સદાબહાર, આંખ ધન્ય છે.
મુંબાઈમાં મોદીએ માર્યો મીર, હવે નહિ નડે પીર, આંખ ધન્ય છે.
શેખાવતે શેખી મારી, ઈમેજે ઈમેજ વધારી, આંખ ધન્ય છે.
પાંચ કરોડ જનતા ઊંઘે છે, હું જાગું છું, આંખ ધન્ય છે.
ઘાસ ઊગે ના, એટલાં ધર્મસ્થાનો ઊગે છે આ દેશમાં, આંખ ધન્ય છે.
પૂર્વજોએ પકડ્યો તો હળનો દાંડો, મેં પકડી કલમ, આંખ ધન્ય છે.
ગુજરાતની જનતા બોલી ઊઠશે, મંગળની 'કલમ ધન્ય છે.'

[Manthan Twins, off Aalay and Tanmay Flats, Judges Bunglows Road, Bodakdev, AHMEDABAD - 380 054, Gujarat, India]

## આપઓળખની મથામણ

"ફાર્બસ ગુજરાતી સભા ત્રૈમાસિક"ના, બે વિશિષ્ટ અંકો (71-2 અને 71-3) તાજેતરમાં બહાર પડ્યા છે. સાડા પાંચસો મુદ્રિત પાનાંમાં તેમ જ અંકો સાથે મળતી સીડી ઉપરનાં ચારસો જેટલાં પાનાંમાં ગુજરાતની 'આપઓળખની મથામણ' અંગેની, ગુજરાતના ઉત્તમ સર્જકો - વિવેચકો-સંશોધકોની કલમે લખાયેલી સામગ્રી આ બે અંકોમાં ઉપલબ્ધ છે. ક. મા. મુનશી અને બળવંતરાય ઠાકોર, 'કાન્ત' અને રમણભાઈ નીલકંઠ, ઉમાશંકર જોશી અને સુરેશ જોષી, દુર્ગાશંકર શાસ્ત્રી અને અબુ ઝફર નદવી, કે. કા. શાસ્ત્રી, અને મધુસૂદન ઢાંકી, હરિવલ્લભ ભાયાણી અને રાજેન્દ્ર શાહ, કુ. જર ડોસાભાઈ દાબુ અને કુ. વસંતપ્રભા મહિપતરામ ખાન સાહેબ, ચંદ્રકાન્ત ટોપીવાલા અને નીરવ પટેલ જેવાં લેખકોની કલમે ગુજરાતી સાહિત્ય, સ્થાપત્ય, શિલ્પ, ચિત્ર, સંગીત, ભાષા, ઇતિહાસ અને લોકપરંપરા અને રંગભૂમિ અંગેનાં ઊંડાણભર્યાં અને સંમોહક લખાણો હજારેક પાનાંમાં (મુદ્રિત તેમ જ સીડી પર) આ વિશિષ્ટ સંપાદન રજૂ કરે છે.

સંશોધકો, અભ્યાસીઓ તેમ જ સર્વ સહૃદય રસિકજનો જેને વાંચવા – વસાવવાનું ચૂકવા ન ચાહે એવા આ બે અંકોનું સંપાદન સિતાંશુ યશશ્ચન્દ્રે કર્યું છે. ગ્રંથાલયો, કૉલેજો, શાળાઓમાં સંદર્ભગ્રંથ રૂપે જાળવી લેવા જેવું આ પ્રકાશન કેવળ રૂ. 500/-માં મેળવી શકાશે (ટપાલ ખર્ચ અલગ).

મેળવવાનું સ્થાન :-

1. કાર્યાલય, શ્રી ફાર્બસ ગુજરાતી સભા, ત્રીજે માળે, શ્રી કીર્તન કેન્દ્ર, ઉત્પલ સંઘવી સ્કૂલ સામે, સંત જ્ઞાનેશ્વર માર્ગ, મુંબઈ - 400 049 ટે.ન. 022 - 2625 0910.

2. સંપાદક, A-2, ચમેલી બાગ, યુનિવર્સિટી રોડ, વડોદરા - 390 002 : ટે.ન. 922 818 7436 : ઇ.મેલ : sitanshuy@yahoo.com

રકમ મની ઑર્ડર અથવા ડ્રાફ્ટ ('ફાર્બસ ગુજરાતી સભા' એ નામે) દ્વારા મોકલવી.

**- પ્રબોધ પરીખ**

માનદ મંત્રી, શ્રી ફાર્બસ ગુજરાતી સભા

## સ્વીકારનોંધ :

**આમ અમસ્તા બેસવું : રોહિત પંડ્યા :** વાર્તાસંગ્રહ : પ્રથમ આવૃત્તિ - એપ્રિલ, ૨૦૦૪ : રન્નાદે પ્રકાશન, ૫૮/૨, બીજે માળ, દેરાસર સામે, ગાંધી રોડ, અમદાવાદ - ૩૮૦ ૦૦૧ : પાનાં ૧૩૦ : કિંમત - રૂ. ૬૫

**ફરી પાછો કોલંબસ અમેરિકામાં : રોહિત પંડ્યા :** એકાંકી નાટ્યસંગ્રહ : પ્રથમ આવૃત્તિ - જાન્યુઆરી, ૨૦૦૩ : પ્રકાશક - અસાઈત સાહિત્ય સભા, ઊંઝા - મહેસાણા : પાનાં ૯૪ : કિંમત રૂ. ૪૫

**કોઈક તો ... : મૂળ લેખક - વિષ્ણુ પ્રભાકર : અનુવાદ - રાધેકાન્ત દવે :** નવલકથા : પ્રથમ આવૃત્તિ - ૨૦૦૬ : પ્રકાશક - નવભારત પ્રકાશન મંદિર, ૧૯૧૪, નાની હિંગળોક જોશીની પોળ, બાલાહનુમાન, ગાંધી રોડ, અમદાવાદ - ૩૮૦ ૦૦૧ : પાનાં ૩૪૦ : કિંમત રૂ. ૧૬૦

**રિલ્કેનાં કાવ્યો : અનુવાદ - ચંદ્રકાન્ત દેસાઈ :** જર્મન કાવ્યોનો અનુવાદસંગ્રહ : ગંગોત્રી ટ્રસ્ટ, ૨૬, સરદાર પટેલ નગર, અમદાવાદ - ૩૮૦ ૦૦૨ : પ્રથમ મુદ્રણ - જુલાઈ, ૨૦૦૫ : પાનાં ૯૮ : કિંમત રૂ. ૫૦

**સંબંધોનો ચંદરવો : વિનય કવિ :** વાર્તાસંગ્રહ : પ્રથમ આવૃત્તિ - ૨૦૦૭ : પાનાં ૧૪૪ : પ્રાપ્તિસ્થાન, 15 Braemar Close, Rushey Mead, LEICESTER LE4 7PL, U.K. : કિંમત જણાવાઈ નથી

**અધૂરું સ્વપ્ન : નૂરબાનુ એમ. મનીઆર :** વાર્તાસંગ્રહ : પ્રકાશક - મનીઆર વેલફેર એસોસિયેશન, ૨૩૪, હલીમભાઈ સ્ટ્રીટ, મોટા તાઈવાડ, વલસાડ - ૩૯૬ ૦૦૧, ગુજરાત, ભારત : પ્રથમ આવૃત્તિ - જુલાઈ, ૧૯૮૯ : પાનાં ૧૨૮ : કિંમત રૂ. ૨૦

# જ્યારે માનવતા કોરડે વીંઝાતી અને દોરડે લટકતી ... !

૦ બળવંત નાયક

માનવ ઇતિહાસમાં સૌથી મોટાં બે કલંક, ગુલામીની પ્રથા અને એમના પ્રત્યેનો અમાનુષી વર્તાવ તેમ જ હિટલરે સર્જેલો માનવ હત્યાકાંડ. એની વચ્ચે વિશ્વે નિહાળ્યાં છે યુગાન્ડા, બૉસ્નિયા, રૂઆન્ડા અને તાજેતરના ડાર્ફૂર ખાતેનાં અત્યાચાર અને કારમાં દશ્યો. વિશ્વ સમસ્ત મોં ફાડી એ જોતું રહ્યું. એમના પેટનું પાણી ય હાલ્યું નહોતું. વિશ્વ સંસ્થા કાળજાંને કંપાવી દેતી એ ઘટનાઓ અંગે કશું નક્કર પગલું ભરી શકી ન હતી. ... એ જમાનો હતો જ્યારે માનવતા વીંઝાતી રહી હતી કોરડે અને લટકતી હતી દોરડે, તો આજના સમયમાં એસાયલમ સીકર્સ, ઇલીગલ ઇમિગ્રાન્ટો, વિસ્થાપિત માયગ્રન્ટો તેમ જ સ્ત્રીઓની (સેક્સ ટ્રાફિક) અને દેશના ડૉમેસ્ટિક વર્કરોની. મલ્ટીનેશનલ કમ્પની ભારત જેવા દેશોમાં કોલ-સેન્ટરો ઊભાં કરી, ત્યાંના નોકરોને સસ્તા દરમાં રાખી, તેમના ધંધાની કામગીરી બજાવી રહી છે તેથી તેમની જે દશા થતી રહી છે તે જોતાં આજે હવે એ ગુલામી નવા સ્વાંગ સર્જતી દેખાય છે.

આજે હવે ગુલામીની પ્રથાની સાથે જેમને કોઈ સંબંધ નથી તેઓ મોટી સંખ્યામાં એની નાબૂદીની દ્વિશતાબ્દી ઊજવી રહ્યાં છે. તેમ જ તેઓ આ પ્રથા અંગે માફી માગી રહ્યા છે. જ્યારે જે સરકારો એ પ્રથાની પ્રણેતા હતી તેઓ અકળ મૌન સેવી બેઠી છે, તે બેહૂદું નથી લાગતું ?


આવું અકળ મૌન ધારણ કરી બેઠેલી બ્રિટિશ સરકાર અને એના વડા પ્રધાનનો માફી માગવાનો નકાર કેવો શરમજનક છે તેનો પડઘો પાડતાં લંડનના નગરપતિ કેન લિવિંગસ્ટને લંડન શહેર વતી માફી માગી છે અને એ અમાનુષી પ્રથા અંગે સરકાર મૌનથી વિશ્વમાં બ્રિટનની કીર્તિને ઝાંખપ લાગે છે તેનો અફસોસ કરે છે.

ઇતિહાસ એ જો સારા નરસા બનેલા બનાવોની આરસી હોય અને માનવી એની સામે ઊભો રહી એ જે નરસા બનાવો અંગે વિચાર કરે તો એમાં એનાં ભડકાવનારાં વરવાં રૂપો જોઈ આભો જ બની જવાનો. વળી, એ જો પાપ-પુણ્યમાં માનતો હોય તો એનાં પાપોનું પ્રક્ષાલન કરવાનું તે ઉચિત લેખવાનો કારણ એ જો સાચા દિલથી ભૂતકાળમાં આચરાયેલાં કાળાં કૃત્યો બદલ માફી માગતો હશે તો તેની પાછળ સ્વાભાવિક રીતે જ પેલી 'human need to reconcile and examination of his capacity to do so' (પોતાનાં કરેલાં કૃત્યો બદલ પશ્ચાત્તાપ કરી મનનું સમાધાન કરવાની) માનવસહજ વૃત્તિ રહેલી છે. વળી, બાઇબલમાં પણ કહ્યું છે કે, True repentance leads to absolution. આપણા એક કવિએ પણ (જરા જુદા સંદર્ભમાં) કહ્યું છે કે, 'છે પસ્તાવો વિપુલ ઝરણું ... ... '. પણ એ પ્રથાની નાબૂદીની ઉજવણીમાં જે પસ્તાવો વ્યક્ત થાય છે તેથી શું એ પ્રથાના પ્રારંભ અને અમલ કરનાર માટે ય સ્વર્ગના પેલા દ્વાર ખૂલશે ?

• • •

લાખો - કરોડોની સંખ્યામાં ત્યારે થતી ભરતી અને એમના પ્રત્યે આચરાતાં અમાનુષી કૃત્યો એ જો માનવતા સામે અને એના આચરનારાઓ સામે ગોઝારું કલંક નથી તો બીજું શું છે ? વળી, ગુલામોની થતી હત્યા, ગુલામીની શૃંખલામાં રિબાતી, હણાતી અને ઘવાતી માનવતા ... તે કાળમાં ગુલામો પ્રત્યેના માલિકો - શેઠો અને એમના વેઠિયા નોકરોનો વર્તાવ એ અંગે તે સમયના તેમ જ આજના સર્જકોએ એમના સર્જનોમાં કરેલો હ્રદયવિદારક ચિતાર એનો સ્પષ્ટ ખ્યાલ આપી જાય છે.

આ ગુલામોનો સૌ પ્રથમ બળવો થયો હતો ૧૫૭૦માં. ઉપરાંત ૨૫૦ જેટલાં ગુલામોનાં જહાજો અને એમાંના ઢોરોની જેમ લદાયેલા ગુલામોનો બળવો જ એ પ્રથાની નાબૂદી માટે જવાબદાર લેખાય છે. એટલે જ ઉજવણી માટે તૈયાર થયેલું 'ભાથું' જેમાં ગોરાઓ દ્વારા એ ઝૂંબેશ ઉપડી હતી એવો જે પ્રચાર - પ્રસાર થઈ રહ્યો છે તે સામે છે. હા, ક્વેકર્સ જેવાંઓ તેમ જ મુખ્યત્વે વિલિયમ વિલ્બરફૉર્સનો ફાળો કંઈ નાનોસૂનો ન હતો. એણે પાર્લામેન્ટમાં પ્રથાની નાબૂદી અંગેનો ખરડો રજૂ કર્યો હતો.



***કમકમાટી ઉપજાવતો હિંસાચાર :*** *પાંસળીનાં હાડકામાં આંકડી વડે લટકાવી મારી નંખાતા ગુલામનું આ રેખાંકન વિલિયમ બ્લેકને નામે જમે પડ્યું છે. "સન્ડે ટાઇમ્સ"ના સદ્દભાવે અહીં રજૂ કરીએ છીએ.*

અમેરિકામાં પ્રમુખ જ્યોર્જ બુશે ગુલામીની પ્રથાને ઇતિહાસમાં બનેલો સૌથી મહાન ગુનો છે એમ જણાવી એ પ્રથા અંગે માફી માગી છે; પણ બ્રિટનના વડા પ્રધાને તો એને અંગે ફક્ત 'deep sorrow' જ વ્યક્ત કર્યો છે, માફી માગી નથી.

લંડનના નગરપતિ એ સંબંધે જણાવે છે કે, 'The British Government's refusal of such an apology is squalid. Until recently, almost unbelievably, it refused even to recognise the slave trade as a crime against humanity, on the grounds that it was legal at a time. It helped block an EU apology for Slavery.'

• • •

૧૭૬૦ના સમયમાં ગુલામોની દશાનો હ્રદયવિદારક ચિતાર તે સમયના લેખકોએ તેમનાં સર્જનોમાં કર્યો છે. લૉરેન્સ સ્ટર્ન, જેમ્સ વેલવિન, જ્હૉન ન્યુટન તેમ જ આફ્રિકન લેખક જેણે ગુલામીનો પ્રત્યક્ષ અનુભવ કર્યો હતો, તેનું સ્પષ્ટ ને હ્રદયંગમ વર્ણન એની સ્મરણ-સંહિતામાં [memoir] ઑલૌડાહ એક્વુઇઅનોએ [Olaugah Equiano] ગુલામો સામે જહાજ પર તેણે ગાળેલા સમયનું એ આલેખન છે.

તે સમયે આફ્રિકન ગુલામોને જહાજના ફળકામાં ઢોરોની જેમ રાખવામાં આવતા હતા. તે પરિસ્થિતિનું સચોટ વર્ણન વેલવિને ન્યુટનના પત્રો અને પત્રિકાઓને આધારે કર્યું છે. વળી, થીસલવુડની દિનકી (ડાયરી)માં ગુલામો પ્રત્યેના અમાનુષી વર્તાવ, એમની થતી હિણપત, નામોશી, ગંદકીમાં જીવડાંની જેમ એમનાં જીવાતા જીવનની પણ હ્રદયવિદારક નોંધ તેણે કરી છે. તે સાથે જ તેમના પર ઢોરોની જેમ વીંઝાતા કોરડા, તોફાનીઓને દોરડે લટકાવાતા, યા જીવતા બાળી મૂકવામાં આવતા તેનો પણ કાળજાંને કંપાવતો ચિતાર કર્યો છે. અવશ્ય ! એ દશ્યો જોનાર બરાડી ઊઠવાનો : અરે ! માનવતા અહીં તે કેવી કોરડે વીંઝાતી રહી છે ને દોરડે લટકતી રહી છે !

તો વળી આજના લેખકોમાં અમેરિકાનાં હબસી લેખિકા ટૉની મૉરિસને તેની નૉબેલ પુરસ્કૃત નવલકથા, 'Beloved'માં (જેનું ભાષાન્તર આ લેખના લેખકે કર્યું છે) ગુલામોની અવદશાનું સુંદર નિરૂપણ કર્યું છે. ટૉનીની આ નવલકથામાં હબસી જીવનના રૂંધાતા શ્વાસની, એમના જીવનના તીખા - તનમન, તીખા તમતમતાં નાનાંમોટાં દ્વન્દ્વો, લાચારી, પરાધીનતાનાં કરુણતમ દૃશ્યો જોવા મળે છે. તે ઉપરાંત આફ્રિકામાં પ્રવર્તતી ગુલામીની પ્રથાનું આ લેખના લેખકની બીજી બે નવલો 'મૂગા પડછાયા' અને દક્ષિણ આફ્રિકાના વિશ્વ-પ્રશ્નને છેડતી કથા 'વેડફાતાં જીવતર'માં થવા પામ્યું છે. વળી, તાજેતરમાં 'બૂકર' પારિતોષિક વિજેતા કિરણ દેસાઈની નવલકથા 'The Inheritence of Loss'માં પણ આજના જમાનામાં વતનથી દૂરનું વતન વસાવનાર અને ત્યાં જનારની દશાનો ચિતાર થવા પામ્યો છે.

[48 Shackleton Road, SOUTHALL, Middlesex
UB1 2JB, U.K.]

# એ તાનશ્રી_

## જા બચ્ચા, કાળ પડેગા !!

○ ગયા માસનો અગ્રલેખ વાંચ્યો. એણે એક વિચાર આપ્યો. એ વિચારે આ લખવા પ્રેર્યો. એ લખાણને આમ સમાજમાં મોકલું છું. 'નૅટ-ગુર્જરી'ના બ્લૉગ પરે પણ, અંક ૧૦માં, તમે આને જોઈવાંચી શકો છો. Net - ગુર્જરીના બ્લૉગની http://jjkishor.wordpress.com નામે આઈ.ડી. છે. તમે ય તેને મૂલવશો તો ગમશે.

બાર વર્ષે બાવાજી બોલ્યા, જા બચ્ચા કાળ પડેગા !!

બાર બાર વર્ષનાં વહાણાં વાઈ ગયાં પછી જાણે ૧૪૪માં સળંગ અંકના પહેલે જ પાને તંત્રીએ કાળવચન ઓચરી દીધું કે બરાબર ત્રણ વર્ષના ટકોરે "ઓપિનિયન" બંધ થશે !!!

આવી કાળવાણી ઉચ્ચારવા પાછળનાં કેટલાંક કારણો પણ એમણે વાચકોની સમક્ષ - કદાચ પહેલીવાર જ હશે - મૂક્યાં છે. એમાં પડવાની જરૂર નથી; કોઈ પણ ગુજરાતી સામયિકને બંધ થવા માટે ઝાઝાં કારણો જરૂરી નથી. એક જ કારણ પૂરતું છે. કે ગુજરાતી વાચક વાચનનો - ખાસ કરીને સારા વાચનનો - ભૂખ્યો નથી.

*'પોપટ ભૂખ્યો ય નથી ને તરસ્યો ય નથી. પોપટ તો (દેશ - વિદેશોની) આંબા - ડાળે હીંચકા ખાઈને મઝાઆઆઆ કરે છે !'*

ભૂખ - તરસ તો માનવી માતરમાં હોય પણ પિપાસા, ને એ ય વળી ગન્યાનની ?! સું વાત કરો સો ભાયુ ! ઈ હારું કાંઈ મેગેઝીનું ખરીદવાનાં ?!

ગુજરાતી ભાષાનાં કેટકેટલાં સામયિકો મર્યાં વાંકે જીવતાં હશે ? ઉત્તમોમાં ય ઉત્તમ સામયિકોને આવા દિવસો જોવાના વારા આવી ગયા છે. ... પણ ક્યાંકથી ને ક્યાંકથી કોક ભામાશા નર્મદ શી ઘેલછા લઈને ખડો થઈ જાય છે. ને એ રીતે એવું મરણતોલ સાહિત્ય કે સામયિક જીવી જતું જોવા મળે છે.

"ઓપિનિયન" આજથી બરાબર ત્રણ વર્ષ પછી નહીં હોય એવી જાહેરાત એના તંત્રીએ ૧૪૪મા અંકના પ્રથમ પાને કરી દીધી છે. બીજું તો શું કહી શકીએ ? પણ રહી રહીને ય કોણ જાણે દ્રૌપદીનાં વસ્ત્રાહરણનો પ્રસંગ યાદ આવી જાય છે. દાખલો ભલે પૂરેપૂરો બંધ બેસતો નથી, પરંતુ નિઃસહાય દ્રૌપદી અને બંધ થઈ રહેલા કોઈ સામયિકની પરિસ્થિતિ એક સાથે યાદ આવી જાય એવું કંઈક તો છે જ આવા કિસ્સામાં. દુઃશાસન ભલે આમાં કોઈ ન હોય પણ કોઈ પણ સારા સામયિકનું બંધ પડવું ક્યાંકને ક્યાંક ચૂભે છે જરૂર. ... બલકે એ ચૂભન આપણી ય ક્યાંક, કોઈ ખૂણે, કૌરવસભામાં હાજરી હોવાનો તો અહેસાસ કરાવે જ છે ... ! આપણું ગુજરાતી હોવું; આપણી ભાષા માટે આપણને પ્રેમ હોવો એટલું જ નહીં એનો વારંવાર જાહેર એકરાર થતો રહેવો; ભાષા માટે કંઈક કરી છૂટવાનો ક્યારેકેય થઈ ગયેલો સંકલ્પ અને એવું બધું રહી રહીને ય અંદર બટકાં ભરનારું બની રહે છે !!

આ અંદરના ભાગે થતી ચૂભન આપણી સારપ છે એ જેટલું સાચું છે એટલું જ સાચું, આપણે આમાં કશું ખાસ કરી શકતાં નથી એ વાતનું દુઃખ પણ છે જ. આપણે ભીષ્મ - દ્રોણ - કૃપાચાર્ય જેમ દોષિત નથી. કોઈ સામયિક બંધ થાય એમાં આપણે થોડાં દોષિત છીએ ? આપણે કરી પણ શું શકીએ ? આ અને આવા બીજા સવાલો સ્વાભાવિક, સહજ ગણાય. પણ તો ય કોણ જાણે કેમ, આ દુઃખદ ઘટનામાં એ ભાષાના જ એક માણસ તરીકે હું પણ ક્યાંક જવાબદાર છું તેવો ભાવ સારાં મેગેઝીનોનો નાભિશ્વાસ ચાલતો થાય ત્યારે જાગી ઊઠે છે ! આ ભાવને શું કહીશુ ? દર્શક જેને સમસંવેદન કહે છે તે ? મનની એક નબળાઈ ? ખાલી વાગ્ વિલાસ ? કે પછી એક સંસારીભાવ ફક્ત ?!!!

રજસ્વલા દ્રૌપદીના હાથમાં જોર હતું ત્યાં સુધી એણે ગાંઠ પકડી રાખવાનો મિથ્યા પ્રયત્ન કર્યો, પણ બહુ જલદી એને ખ્યાલ આવી ગયેલો કે હજાર હાથીના બળવાળો દુઃશાસન ગમે તે ક્ષણે એનું નારીત્વ, સમગ્ર સમાજનું એક અદ્વિતીય - અનિર્વચનીય - નિઃસંદેહ ગૌરવ ખેંચીને હણી લેવાનો છે, ત્યારે, હા ત્યાર પછી જ એણે હાથ ઊંચા કરી દીધા હતા. ... કોઈ અમર આશામાં નહીં; 'હવે તો આબરુ જશે તો તે મારી નહીં - કૃષ્ણની, મારા ભાઈની, એક કહેવાતા તારણહારની જવાની છે ! સમાજના એક આગેવાનની જવાની છે !' ... એણે હાથ ઊંચા કરી દઈને આ પ્રશ્નને સમગ્ર સમાજનો પ્રશ્ન બનાવી દીધો હતો.

અને થયું પણ કેવું ! રુક્મિણી સાથે વાતોમાં મગ્ન કૃષ્ણ કયા વેગે રાજસભામાં પહોંચી ગયા, રુક્મિણી સમજી ન શકી ! એણે તો ત્યાર પછી એટલું જાણ્યું કે એક નારી બચી ગઈ.

"ઓપિનિયને" હાથ તો ઊંચા કરી દીધા છે, એમ કહીને કે ત્રણ વર્ષ પછી એ નહીં હોય; પણ ત્રણ વરસ જેટલો લાંબો ગાળો પૂરો પાડીને એણે ભૂલ તો નથી કરી ને ? કૃષ્ણને હાજર થઈ જવામાં આળસ થઈ જાય કે વાત વિસારે પડી જાય એટલો બધો લાંબો ગાળો તો એ નહીં બની રહે ને ?! કોણ જાણે !

તમને લાગે છે, વિપુલભાઈ, કે રુક્મિણી કનેથી સીધા જ કોઈ તમારા ૧૪૫માં અંકથી જ મદદે આવી ચડશે ? તમે તો ફક્ત તમારી સ્થિતિ વર્ણવી છે; પણ મને તો ફક્ત શ્રદ્ધા જ નહીં પન્નાલાલની બોલીમાં કહું તો ધડવિશવાસ છે કે કૃષ્ણ એકલો નહીં આવે - એ ઘણાંને લઈને આવશે ! એ સહુના દ્વારા એવું સાબિત કરી આપશે કે આ પ્રશ્ન મારો - દ્વારકાધીશનો - જ નહીં, મારા રાજ્યમાં બોલાતી વહાલુડી ગુજરાતી ભાષાનો ને એટલે જ મારાં નરસિંહ - મીરાં - દયારામના સૌ પ્રેમીજનોનો છે !!!

હું હેમચંદ્રાચાર્યનાં એક હજાર વરસથી લઈને નર્મદ સુધીની ગુજરાતી પ્રેમસરવાણીને સંભારીને; નર્મદથી ગાંધી સુધીની ભાષાની વિકાસગતિને પોંખીને, તો વળી છેક આજ સુધીનાં કમ્પ્યુટર ઉપર ભાષા ઝંખતાં સૌ કોઈ શ્રેષ્ઠીઓની શક્તિઓનો વિશ્વાસ કરીને છાતી ઠપકારું છું કે ૧૫૦મા અંકથી તો ચોક્કસ આ વેદના સહુની બની જઈને ઝાકળની જેમ ઊડી જશે.

મારે તો આવો આ એક ઓપિનીઅન છે તે આપી દીધો; શાણી ગુજરાતી વાણીના હે આત્મીયજન ! તમારો શો છે ? તમારા ઓપિનીઅનની અપેક્ષામાં. -

**તા.ક.**

આ નીચે આપ્યા બેએક કાગળને તાત્કાલીક એક પ્રતિભાવ પ્રતિક્રિયારૂપે જ લઈશું. મેં કેટલીક કામગીરી અમદાવાદ અને ગુજરાત પૂરતી ઉપાડી લેવાની તૈયારી બતાવી છે. બીજી એવી જ કામગીરી સભ્યસંખ્યા "ઓપિનિયન"ની વધારવા માટે મથી શકાય. એક અભિપ્રાય એવો આવ્યો કે ભલે મેગેઝીન બંધ થાય, એને ઈન્ટરનેટ ઉપર મૂકી દો ! પણ ત્રણ વર્ષમાં કાંઈ ઘરઘરમાં અને લાઈબ્રેરીઝમાં કમ્પ્યુટર આવી જવાનાં નથી.

છતાં આવનારા સમયમાં વિપુલભાઈ શું પગલાં લેવાનાં છે તેની પણ રાહ જોવાની છે; કારણ કે મેગેઝીનો માટે મોટું ભંડોળ ઊભું થઈ જવું જોઈએ. જે મારા જેવાની કલ્પના બહારની વાત છે.

**- જુગલકિશોર વ્યાસ**

e.mail : j_jugalkishor@yahoo.co.in

## બંને એકમેવ છે !

○ તમારો ઇ.મૈલ મળ્યો છે, જુગલકિશોરભાઈ. આપણા "ઓપિનિયન" વિશે અમે તે શું કહીએ ? તમારા જેવા માણસો આપણા "ઓપિનિયન" વિશે અમારો ઓપિનીઅન પણ દર્શાવે છે તે ગમ્યું છે. વિપુલભાઈને તેમ જ "ઓપિનિયન"ને સહાયટેકો આપવાનું અમને ગમે જ છે. કારણ કે બંને એકમેવ છે. અલ્લાતાલ્લા વિપુલભાઈ તેમ જ "ઓપિનિયન"ને દૂઆ બક્ષે.આમીન.

**- નૂરબાનુ અને મોઈનુદ્દીન મનીઆર**

e.mail : mgmaniar@hotmail.com

## 'એકશન પ્લાન' બનાવીને સૌ સમક્ષ રજૂ થાય

○ તમારો ઇ.મૈલ મળ્યો. "પ્રસ્થાન", "પથિક", "અભ્યાસ", "મિલાપ" જેવાં અનેક સામયિકો કાલાંતરે અટકી ગયાં. "ઓપિનિયને" તો ભારે કાઠું કાઢ્યું છે, ત્યારે તેને બંધ કરવાનો વિચાર કઈ રીતે થઈ શકે ? બીજી તરફ વિચાર સમૃદ્ધિની સાથે આર્થિક પાસાંની વિચારણા તો સંચાલકોએ તો કરવી જ પડે. એટલે એકલા કૃષ્ણ જ નહીં. આપણે સૌએ ગુજરાતી ભાષા, સાહિત્ય, સર્જન, સંરક્ષણની ખેવના કરવી હોય તો, "ઓપિનિયન"ની વહારે ચડ્યા સિવાય છૂટકો નથી. તમારી નિસ્બત તે સૌની છે. તમે જહેમત ઊઠાવીને સૌને સજાગ પ્રહરી તરીકેની ભૂમિકા ભજવી તે માટે અભિનંદન. હવે 'એકશન પ્લાન' બનાવીને સૌની સમક્ષ રજૂ થાય તે જરૂરી ગણાય. અમે સૌ તમારી સાથે છીએ.

**- પ્રવીણચન્દ્ર ઠક્કર**

(નિયામક, લોકભારતી ગ્રામવિદ્યાપીઠ, સણોસરા - ૩૬૪ ૨૩૦, જિલ્લો ભાવનગર, ગુજરાત, ભારત)

## સારાં કામો અટકશે નહીં !

○ "ઓપિનિયન"ને વીંટી લેવા માટે તેના જવાંમર્દ તંત્રીને સારુ હજી સમય થયો નથી. સારાં કામો અટકશે નહીં. અને અટકી શકશે ય નહીં. ગુજરાતી ડાયસ્પોરિક સમાજને સ્પષ્ટ વાચા આપતાં આવાં સામયિકને જાળવી લેવા સારુ કેટલીક વાણી, કેટલાંક સંચારસૂત્રો, બહુશ્રુત વાચકોનાં સમજદાર જૂથ બહાર પડશે અને આ ભારે જવાબદારીઓનું વહન કરવા વિપુલભાઈને હાથવાટકો બનશે તેની ખાતરી છે. જાણીતી તેમ જ જણાવી શકાતી ન હોય તેવી અનેક અડચણોનો સામનો કરતાં કરતાં વિપુલભાઈ, એકલે હાથે, આટઆટલે તો પહોંચ્યા જ છે.

**- પ્રવીણ ન. શેઠ**

[280, Chantecler Drive, FREMONT, CA 94539, U.S.A.]

e.mail : pravinsheth@hotmail.com

## CEMVOની સહાય ન લઈ શકો ?

○ ૨૬ માર્ચ ૨૦૧૦ પછી "ઓપિનિયન" નહીં હોય તે જાણીને અમારું કાળજું બેસી ગયું છે. 'કાઉન્સિલ ફૉર એથ્નિક માઇનોરિટી વૉલન્ટરી સેક્ટર ઑર્ગનાઇઝેશન્સ' જેવી ચેરિટી (ધર્માદા) સંસ્થાઓ પાસેથી સહાય લેવાનું તમે વિચારી ન શકો ? તેની વેબસાઇટ http://www.cemvo.org.uk પરે તમે જોજો; તે સંસ્થાનો 'કેપેસિટી બિલ્ડીંગ પ્રૉગ્રામ' તમારી સંસ્થાને સહાયક નીવડી શકે છે. નભવા માટે જરૂરી ભંડોળ મેળવવા તમે અરજી પણ કરી શકો તેમ જ મજબૂત નાણાંકીય માળખું ઊભું કરી શકાય તે માટેનું સઘળું માર્ગદર્શન પણ ત્યાંથી મેળવી શકાય. આ અંગે તમે રસજ્ઞ હો, તો આ પ્રૉગ્રામનો તમે ય લાભ લેવા ચાહો છો તેવું જણાવતાં તમે એમને zelalem.kebede@cemvo.org.uk અથવા enquiries@cemvo.org.uk પરે ઇ.મૈલ પણ કરી શકો છો.

ભરત 'સીઈએમવીઓ' માટે કામ કરે છે અને સહાયક થઈ શકે.

**- કલ્પના ભરત પાઠક**

e.mail : bharat.pathak@yahoo.co.uk

## ... તો આ છે "ઓપિનિયન"નું વિત્ત !

○ ગઈકાલે જ ૨૬ માર્ચ ૨૦૦૭નું "ઓપિનિયન" મળ્યું. પહેલા પાન પરનો તમારો લેખ 'તલાશે મંઝીલ...' બહુ ગમ્યો. બાર વર્ષ કરેલા એક ઋષિતપની એ વાસ્તવિક કહાણી જ છે. ૨૬ માર્ચ ૨૦૧૦થી તમે છપાતા અને ટપાલથી મોકલાતા "ઓપિનિયન"ને હવે બંધ કરશો તે વાત તમે વેળાસર અને ખુલાસાવાર કહી દીધી. આમ તો તમે લખો છો તેમ, તેના જન્મ સમયે જ તમે તેની આવરદાની સીમા અંકિત કરેલી જ હતી. અને એમ જ હોવું ય જોઈએ. એ એક વાત : અને બીજી વાત એ ગમી કે, "ઓપિનિયન" બંધ થતું નથી; ચાલુ જ રહેશે. એનું સ્વરૂપ બદલાશે. તે મુદ્રિત રૂપને બદલે જમાનાને અનુરૂપ 'ઇન્ટરનેટી' દેહ ધારણ કરશે અને 'લૅક્સિકૉન'ની વેબસાઇટ પરથી રસિક વાચકોને વિશ્વભરમાં મળી શકશે. એ 'વેબપેઇજ' સારુ તમે થોડુંઘણું શુલ્ક પણ રાખી શકશો.

સંખ્યાબંધ વાચકોને વર્ષોથી 'કોમ્પ્લીમેન્ટરી' નકલ તરીકે મોકલાતી નકલો પણ, હવે, અસહ્ય ટપાલદરને જોતાં બંધ કરશો તે વાત પણ બહુ ગમી.

ગયે ઉનાળે "ગુર્જરી ડાયજેસ્ટ"વાળા ભાઈ કિશોર દેસાઈએ પણ મને આવી જ વાત કરી હતી. માણસને બે જ હાથ અને બે જ ખભા હોય છે.

સેંકડો ટપાલ વાંચી, તેમાંથી સામગ્રી પસંદ કરી, તેને મઠારી-એડિટ કરી, તેનું જાતે જ અક્ષરાંકન કરી, જાતેજાતે જ પ્રુફ રિડીંગ કરી, બટરપેપર તૈયાર કરી, છપાવવા માટે વિદેશના પ્રેસ સાથે માથાઝીક કરી, છપાયેલી નકલોની થપ્પી ઘરે લાવી, ટિકિટ-સરનામાં ચોંટાડી, વળી તે થપ્પા ઊંચકી પોસ્ટ ઑફીસે લઈ જવી અને આ બધું ય પાછું સામે તકાતી રહેલી સમયની સોઈની સામે સતત નજર રાખીને કરવાનું ! ભાઈ, હવે ઢળતી ઉંમરનાં આ કામ નથી; કારણ કે ઉંમર થાય તેમ ખભા ય ઢળવા લાગે છે.

અને હવે 'ઇન્ટરનેટી' સુવિધા બહુ જ સરસ અને વીજળિક છે. પાંચેક વરસમાં જ ભારતમાં ય બહુ સામાન્ય થઈ પડશે. માટે એ ક્ષેત્રે ઝંપલાવવાની અત્યારથી જ તૈયારી કરી રાખવી સારી. તમે તમારો બ્લોગ શરૂ કરવા વિચારો છો ? બિલાડીના ટોપાની પેઠે ચોતરફ આજકાલ તે ફૂટી નીકળ્યાં છે. વળી, તેની કેટલીક દેખીતી મર્યાદાઓ પણ અનુભવીએ છીએ. તમારું આ કામ વિશેષ જાહેર પ્રવૃત્તિનું છે. તેને ગંભીર વાચકો પણ જોઈએ. હા, તમારે વેબસાઈટ ઊભી કરવી જોઈશે. પણ તે વિશે ઝાઝું કૌશલજ્ઞાન ન હોવાથી મારું માર્ગદર્શન નહીંવત્ જ કામ લાગે. 'ઇન્ટરનેટી "ઓપિનિયન"' શરૂ કરતાં પહેલાં તે વિષેના પ્રાથમિક કે પ્રાયોગિક અનુભવ બહુ ફાયદાયી થઈ શકે. ખાસ કરીને ફોન્ટ વગેરેની સમસ્યા સમજાવા લાગે અને તેના ઉકેલ માટે મથીએ. જેમ કે તમે બાર વરસથી 'કલાપી' ફોન્ટને વરેલા છો; પણ તેની યુનિકોડ ફાઈલ કદાચ હાલ નથી. ચોમેર પ્રસરવા માટે તમારે એ દિશામાં પણ ચિંતન કરવું રહેશે અને વિગતો મેળવીને વિકાસ કરવો રહેશે. હાલ ઉપલબ્ધ શ્રુતિ ફોન્ટથી પણ કદાચ ટેવાવું પડે. વળી, કહે છે કે, બ્લોગ બનાવવો એટલો અઘરો ય નથી. વેબસાઈટનું નિર્માણ કદાચ થોડું અઘરું હશે. જો કે 'મેગ્નેટ'માંના સાથીમિત્રો તમને સહાયભૂત બની શકે ખરાં.

"સન્ડે ઈ.મહેફિલ"માંથી તમે આ વેળા ત્રણ લેખો સમાવ્યા; ચોથો રમણ પાઠકનો 'અપવીત્ર રાજભોગ : પવીત્ર શૌચાલય' તે પણ બહુ ગમ્યું. આટલી તૈયાર સામગ્રી, ફોન્ટની સમાનતાને કારણે, તમારો થોડો ય શ્રમ ઓછો કરી શકી હોય તો તેનો "સન્ડે ઈ.મહેફિલ" ટીમના અમને ત્રણેને આનંદ છે.

ભાઈ. મને નિઃસંકોચ કહેજો. ગયે ઉનાળે અમે અમેરિકે હતાં ત્યારે. હરનિશ જાનીના સહકારથી સંપાદિત થયેલી સઘળી ડાયસ્પોરિક સર્જકોની કરેલી "સન્ડે ઈ.મહેફિલ"ની બધી વર્ડ ફાઈલ મોકલી આપું. આમ. કદીક પ્રિન્ટર વગેરે રિસાઈ જાય. તો અવકાશે તે મૂકી મૂંઝવણ અને બોજો બન્ને હળવો કરજો. તૈયાર પડેલું મેટર સંકટ સમયની સાંકળ બની શકે. જરૂર જણાવજો.

ઉત્તર ગુજરાતનાં એક વિદ્યાર્થિની બહેન : આશા વિહોળ. તેમના એમ.ફીલ.ના અભ્યાસ માટે "ઓપિનિયન" પર રિસર્ચ કરી રહ્યાં છે તે તો તેમની પ્રશ્નોત્તરી મળી ત્યારે જ ખબર પડી. તો આ છે "ઓપિનિયન"નું વિત્ત !

કામના ઢગલા વચ્ચે આટલું ઉતાવળે. ... તમારી યાત્રા સુખદ રહો.

**- મધુકાન્તા અને ઉત્તમ ગજ્જર**

(૫૩ - ગુરુનગર. વરાછા રોડ. સુરત-૩૯૫ ૦૦૬. ભારત)

uttamgajjar@hotmail.com

## અફસોસ નહીં, આત્મસંતોષ ?

○ વિપુલ કલ્યાણીએ "ઓપિનિયન"ની આવરદાની સીમા (૨૬ માર્ચ. ૨૦૧૦) નિર્ધારી રાખી છે. એમ માર્ચ ૨૦૦૭ના અંકમાં વાંચીને આ વિચારપત્રનાં બસો સવાબસો લેખક-વાચકો અને હરનિશ જાનીના ગણિત પ્રમાણે બે સવાબે હજાર રસિયાં (માગ્યું મળે ત્યાં સુધી રસપૂર્વક વાંચતાં ?) વાચકોને થોડો કે ઝાઝો આંચકો લાગ્યો હશે. એ સિવાય જગતભરમાં પથરાયેલાં બીજાં હજારો ગુજરાતીઓ માટે તો એ unwept, unhonoured, unsung હશે. 'ઈકબાલ' કહે છે એમ. કાફલો તો લુટાયો પણ અફસોસ તો એ છે કે કાફલાના દિલમાંથી નુકસાનનું ભાન પણ જતું રહ્યું :

*વાય નાકામી ! મતાએ કારવાં જાતા રહા*
*કાફલેકે દિલસેં એહસાસે ઝિયાં જાતા રહા*

પરંતુ આ અદ્વિતીય (છે એવું બીજું કોઈ ગુજરાતી સામયિક?) વિચારપત્ર દ્વારા વિપુલે બાર વર્ષ સુધી સંસ્કાર-તપસ્યા કરી અને હજુ બીજાં ત્રણ સુધી એ ચાલુ રાખવા ધારી છે. તે શા માટે અને કોના માટે ? તેમણે પોતે 'કોઈક'ના હવાલાથી આ પ્રશ્નનો જવાબ આપી દીધો છે : બીજાને જે આનંદ આપણે આપીએ તે આનંદ જ આપણે ભોગવી શકતા હોઈએ છીએ. એટલે. આપણા આનંદમાં બીજાઓને - (ભલે. તે કદરદાનો હોય કે ગાફેલ) ભાગ આપીએ એ પોતે પણ આપણો જ આનંદ છે. એ શા માટે. એ સવાલ પૂછવાની પણ વિપુલભાઈએ ગૂંજાઈશ રહેવા દીધી નથી.

અને હતાશાજનક પરિસ્થિતિના સતત સામના છતાં વીતેલાં બાર વર્ષમાં ૧૪૪ અંકો દ્વારા જે સંસ્કાર-ધન કમાયા એનો 'પ્રકાશ જ પ્રકાશ' અહેવાલ પેશ કરીને વિપુલભાઈએ. તેમના માટે કે "ઓપિનિયન" માટે. અફસોસ કરવાનું કારણ રહેવા દીધું નથી. 'હજાર હજાર નિરાશાઓ ઠલવાતી અનુભવ્યા છતાં' "ઓપિનિયને" પોતાનું સ્થાન બનાવ્યું અને જમાવ્યું એ માટે તેઓ અને "ઓપિનિયન" સાથે કોઈ ને કોઈ રીતે સંકળાયેલાં સૌ કોઈ બીજાને આપેલા આનંદ માટે. પોતે પણ આનંદ અને આત્મસંતોષ અનુભવી શકે છે. અને નિર્ધારેલા ૩૬ અંકોને. આગલા ૧૪૪ અંકો કરતાં વધુ સભર અને સમૃદ્ધ બનાવવામાં સાથ આપી શકે છે.

**- હયદરઅલી જીવાણી.**

[97 Ryan Crescent, RICHMOND, BC V7A 2H2, Canada]

## વિચારવાનો અવકાશ પણ છે

○ આપણે થોડા કલાક સાથે રહી શક્યાં એ ગમ્યું. દીપક બારડોલીકરને મળવાનું બની શક્યું એથી પણ આનંદ થયો. વિચારોનું સામ્ય હોય ત્યાં ક્ષણો સાથે વીતાવવી ગમે જ. તમને બંનેને રૂબરૂ મળી નહોતી પણ "ઓપિનિયન" દ્વારા અને આશાની સાથે વાતચીતથી પરિચય હતો. તેથી સરળતાથી મળી શક્યાં.

આ વખતના અંકમાં તમે પ્રથમ પૃષ્ઠ પર જ તમારો નિર્ણય જણાવ્યો છે એ વાંચ્યો. હું પણ જાણું છું કે કોઈ પણ ક્ષેત્રમાં કામ કરવાની મર્યાદા હોય છે. આર્થિક. શારીરિક અને માનસિક પણ. છતાં પણ ક્ષમતા હોય તો અને સાથ મળી શકતો હોય તો પ્રવૃત્તિને જીવંત રાખવામાં સહેજે ઉપયોગી થવાની પણ દષ્ટિ છે. એ પ્રસ્તુત થાય છે. તમે પણ સહમત થશો એમ માનું છું. સમયમર્યાદા દર્શાવી છે એ ગમ્યું પણ આશા રાખું કે વિચારવાનો અવકાશ પણ છે જેમાં સાથ મળી રહેશે.

"જન્મભૂમિ - પ્રવાસી" વરસોથી અમારો પૂરો પરિવાર વાંચતો રહ્યો છે. દૈનિક પણ આવતું અને હવે હું સાપ્તાહિક લઉં છું. હરીન્દ્રભાઈ દવેનો વૈયક્તિક પરિચય અને સાહિત્યીક પણ ખરો – કુન્દનભાઈ વ્યાસ પણ સારો ન્યાય આપે છે. એ સામયિકની સામગ્રી પણ રસપ્રદ હોય છે. એ નિર્વિવાદ છે. પણ અગ્રલેખ અને ચર્ચાપત્રો તટસ્થ અને વિચારવંત રહ્યા છે. અમૃતલાલભાઈ શેઠે પરંપરા ઊભી કરી તે જળવાઈ રહી છે. કંઈક અંશે. "ફૂલછાબે"પ્રયત્ન કર્યો છે. પણ ઊણું ઉતર્યું છે.

હિમ્મતભાઈ ઝવેરીને મેં "જન્મભૂમિ"ના માધ્યમે વાંચ્યા હતા. પણ તમે આપેલા આ પુસ્તક. 'ઘટના - સંવેદના' દ્વારા એમણે અન્ય સામયિકોમાં લખેલા લેખો હું સાદ્યંત વાંચી ગઈ અને વિચારોની તટસ્થતા. સ્પષ્ટતા અને વિશાળતાથી હું પ્રભાવિત થઈ. નિર્ભિક પત્રકારનાં દર્શન થયાં. સંપાદન કરનારા યશ લઈ ગયાં. ઘણાંએ આ વાંચવા જેવું પુસ્તક છે. તમને ય ધન્યવાદ આપું કે મને વાંચવાનો મોકો મળ્યો. હું નોંધ કરી જાઉં છું તેથી અન્યને પણ સૂચવી શકીશ.

**- સરોજ અંજારિયા**

[71 Half Edge Lane, Eccles, MANCHESTER M30 9AZ, U.K.]

## અજ્ઞાનનું આડંબર ને તુમાખીની તાસીર !

○ અયોધ્યા અને સેવાગ્રામની યાત્રા કરીને આવી ગઈ છું. સેવાગ્રામ હતી ત્યારે રાજકોટથી પંદરેક લોકો સેવાગ્રામ ગાંધી આશ્રમની મુલાકાતે આવ્યા હતાં.

'માણસો ભેગા થયા હતાં ને બધાંને ગોળીઓ મારી દીધી હતી તે આ જગ્યા છે ? જલિયાવાલાઁ બાગ કે એવું કંઈક નામ હતું ! ... ... અહીં ગાંધીજીને ગોળી મારી હતી ?' આવા આવા સવાલો વચ્ચે. 'અહીં બૂટચપ્પલ બહાર ઊતારો' - સૂચના અવગણીને. ઊંચી એડીનાં સેન્ડલ પહેરીને. લીંપેલી છો તેમણે ઉખેડી નાખી.

યુરોપથી અનેક યુવક-યુવતીઓ ત્યાં આવે છે અને રહે છે. અને ભારતનાં પણ. તેઓ આમન્યા અને વિવેક જાળવે છે અને ત્યાં સેવામાં જોડાતા રહ્યાંના ય દાખલાઓ છે.

**- કંચન મજેવડિયા**

[48, The Ridge Way, LONDON N11 3LJ, U.K.]

## તેમના નામોલ્લેખની જરૂર હતી

○ 'બ્રિટન - ભારત : પત્રકારિત્વ અને જીવનશૈલી' નામે તમારી પુસ્તિકા મળી. ખૂબ સરસ છે.

માર્ચ મહિનાનું "ઓપિનિયન" પણ મળ્યું. તેમાં પાન ૩ ઉપર જે લેખ છે તેમાં કવિતાની બે લીટીઓ આપેલી છે. તે મને લાગે છે કે પ્રસિદ્ધ સાહિત્યકાર કરસનદાસ માણેકની કલમ-પ્રસાદી છે. તેમના નામોલ્લેખની જરૂર હતી. મને સ્મરણ છે ત્યાં સુધી. 'હરિનાં લોચનિયાં' નામક તે આખી કવિતા. આ પ્રમાણે હતી :

*એક દિન આંસુભીનાં રે*
*હરિનાં લોચનિયાં મેં દીઠાં !*

*પચરંગી ઓચ્છવ ઊછળ્યો 'તો અન્નકૂટની વેળા;*
*ચાંદીની ચાખડીઓએ ચડી ભક્ત થયા 'તા ભેળા।*
*શંખ ઘોરતા, ઘંટ ગુંજતા, ઝાલરું ઝણઝણતી :*
*શતશગ કંચન આરતી હરિવર-સંમુખ નર્તન્તી.*

*દરિદ્ર, દુર્બળ, દીન અછૂતો અન્ન વિના અડવડતા*
*દેવદ્વારની બ્હાર ભટકતા ટુકડા કાજ ટટળતા.*

*તે દિન આંસુભીનાં રે*
*હરિનાં લોચનિયાં મેં દીઠાં।*

**- વનુ જીવરાજ સોમૈયા**

[3 Elsadene Avenue, LEICESTER LE4 7QT, U.K.]

## અમારાં જીવન સુધારે !

○ "ઓપિનિયન"નો પુનઃ જન્મદિન નજીક આવે ને મને એક અનોખો રોમાંચ અનુભવાય. લખવું હોય કંઈક અને 'અભિનંદન' આપવા લખાઈ જાય કંઈક. અનેકવિધ લખાણોમાં, લેખકો દ્વારા પીરસાતું લાક્ષણિક સાહિત્ય અંતરને અનેરો આનંદ આપી, મન પર અલગ ઓપ ચડાવી જાય છે.

ખાસ કરીને વનુભાઈ જીવરાજ, જે ખુદ કમ્પાલાના અમારા જુના જોગી હોય. મોરારિબાપુની રામકથામાં લેસ્ટર જવાનું થયું ત્યારે મળ્યા હતા. મુખ પરનો એ જ મલકાટ અને સાથમાં પત્ની, મંજુલાબહેનને ટેકે ટેકે ચાલતો એમનો અવસ્થા દેહ. મળીને ખૂબ આનંદ થયો. અમારા માણેક પરિવાર પ્રત્યેની એમની લાગણી ખરેખર અજોડ છે. ભગવાન તેમને દીર્ઘાયુ બક્ષે.

વારુ, "ઓપિનિયન"ને વર્ષગાંઠની વધાઈ આપતા આ બેચાર શબ્દો રજૂ કરું છું :

*"ઓપિનિયન" પધારે આંગણે અમારે*
*આવી અમારાં જીવન સુધારે*
*પહેલાં પથરાયું હતું હૈયે અંધારું*
*"ઓપિનિયન"નાં કિરણોએ પીરસ્યું અજવાળું*
*વાચકવર્ગ ઝૂમે "ઓપિનિયન"નાં સથવારે*
*"ઓપિનિયન" પધારે આંગણ અમારે.*

*"ઓપિનિયને" જીવનદીપ જલાવ્યા*
*જ્ઞાન વિજ્ઞાનના ઝંડા લહેરાવ્યા*
*સાહિત્ય ક્ષેત્રે પ્રભુ એની શાન વધારે*
*જુગ જુગ જીવે "ઓપિનિયન" એવું દિલ વિચારે*
*"ઓપિનિયન" પધારે આંગણ અમારે*
*આવી અમારાં જીવન સુધારે*

**- દિનેશ માણેક**

**[21 Augustus Road, Southfields, LONDON SW19 6LW, U.K.]**

## ડુંગળીનો વેપાર

○ ૧. જયંત ઝવેરી ગરીબીની ચર્ચા કરીને, 'આપણા' દેશનો ઉલ્લેખ કરે છે. આપણો દેશ કયો છે તે વિષે હવે નિર્ણય થવો જોઈએ। જે દેશ વિષે આટલા લાગણીવેડા થાય છે, ત્યાં તમે વિદેશી છો એમ માનવામાં આવે છે. હવે તમે શું કરશો ?

૨. નિર્ધનતા માટે અમુક પરિબળો જવાબદાર હોય છે :-

(ક) રાજકીય નેતાઓની ઊંધી ખોપરી. એક જ દાખલો આપી શકાશે. અમદાવાદમાં રથયાત્રા કાઢવા માટે ૫૦ કરોડ રૂપિયા વેડફી નાખવામાં આવે છે. માત્ર ચૂંટણીને ધ્યાનમાં રાખીને થતાં કાર્યો નિષ્ફળ જાય છે.

(ખ) ધાર્મિક સંસ્થાઓ સુધારાને પાત્ર છે. શીરડી સાંઈબાબા માટે ૪૦ કરોડ રૂપિયાનું સોનાનું સિંહાસન બનાવવાની દરખાસ્ત હતી. આપઘાત કરતા ખેડૂતોને કેમ બચાવી લેવા એવો વિચાર નથી ?!

(ગ) ગરીબે વ્યસન મુક્તિની પ્રતિજ્ઞા લેવી જ રહી. તેને ત્યાં બેથી વધારે બાળકો ન જ હોઈ શકે.

૩. માણસે ઊભી કરેલી સમસ્યાનું સમાધાન તેની પાસે હોવું જ જોઈએ. તેમાં દખલગીરી કરવાની ભગવાને પહેલેથી જ ના પાડી દીધી છે।

૪. કેનેથ્ કાઉન્ડાએ ૨૭ વરસમાં પોતાના દેશ ઝામ્બિયાની સમૃદ્ધિનો નાશ કરીને, નિર્ધનતાનું નિર્માણ કર્યું। એ જ સમયાવધિમાં દક્ષિણ કોરિયાએ અપાર સંપત્તિ મેળવી. અત્યારે રોબર્ટ્ મુગાબે શું કરે છે એ સૌ કોઈ જાણે છે. એટલે ગરીબીનું મૂળ શોધવામાં બહુ મુશ્કેલી ન પડવી જોઈએ.

૫. હિન્દુઓના પૈસાદારો હઠીલા અને વહેમીલા છે. તાતા કમ્પનિએ પોતાના સમાજના અમુક લોકો માટે મુમ્બઈમાં પાંચ હજાર ઉપઘરો (ફ્લેટો) બંધાવ્યા. આપણા પૈસાદારો પહાડની પૂજા કરે છે ! બાલાજીને પાંચ કરોડ રૂપિયાનો હાર પહેરાવે છે।

૬. અંતમાં, અંગ્રેજીમાં કહેવાય છે કે, ગરીબો તો આપણી સાથે કાયમ માટે રહેવાના છે ! વાત પણ સાચી લાગે છે। ગરીબો ન હોય તો, અમિતાભ અને ઐશ્વર્યાનાં ભાતીગળ કપડાં જોવા માટે, રસ્તાને આરે મોઢું વકાસીને કોણ ઊભશે ? સોનિયાબહેનનું ગૌરવદન નિહાળવા માટે હકડેઠઠ ગીરદી કોણ મચાવશે ?

૭. મુદ્દાની વાત તો ભૂલાઈ ગઈ. ડુંગળીની અછત ઊભી થઈ એટલે ચીન, ઈરાન અને પાકિસ્તાનથી ૫૦૦ ટન ડુંગળી ભારત સરકારે ૪૮ કલાકમાં આયાત કરી ! એવી જ ઝડપથી કાયમી કલ્યાણનાં કાર્યો શા માટે થતાં નથી ?

**- ર. કા. ભટ્ટ**

[87 Hale Lane, Mill Hill, LONDON NW7 3RU, U.K.]

•

ગુજરાતમાં ૨૦૦૨માં જે એક નવી વાત જોવા મળી કે આદિવાસી વિસ્તારમાં કોમી ઉદ્રેક વરતાયો, અગર તો દલિતો ને મુસ્લિમો સામસામે આવી ગયા, એ બહુ ધ્યાનથી તપાસ માગી લે છે. વાત એમ છે કે સ્વરાજ સાથે શું આદિવાસી, શું દલિત સૌને પુખ્તવય મતાધિકાર બેલાશક મળ્યો. પણ નાગરિકતાની તાલીમ? *એ તો સમાજના સૌ, સિવિલ, સૌ વર્ગો સારુ દુર્મિળ જણસ છે.*

રાજકારણ, સમાજકારણ, અર્થકારણ બધાંમાં હજુ સૌને પોતપોતાનાં સ્થાનમાન (સ્ટેટસ ઍન્ડ સ્ટેશન) મળ્યાં છે એવું તો નથી. ધોરણસરની હિસ્સેદારીવાળા નાગરિક સમાજે તો પહોંચતાં પહોંચીશું. એટલે જ્યારે દલિત અગર આદિવાસીને તમે 'હિંદુ' ઓળખનું લેબલ ચીપકાવી આપો છો ત્યારે આ ટીલાંટપકાંથી એને પોતાની વંચિતતાથી ઉફરી એવી એક ઓળખનું મનોવૈજ્ઞાનિક સુખ મળે છે.

વાસ્તવિક સુખદુ:ખથી નિરપેક્ષ એવી આ મન:સ્થિતિમાં પછી એ નવ્ય હિંદુ 'ધ અધર' પર ત્રાટકીને વીરગતિ અગર વિજય મેળવવા ચાહે છે. મુસ્લિમ વેપારીઓની શોષણખોરી સામે આદિવાસી રોષની એક ચિંગારી આવે વખતે રજૂ થાય છે. પણ હિંદુ ને મુસ્લિમ બેઉ વેપારીઓ વેપારી તરીકે સરખી જ શોષણસુવિધા ભોગવતા હોય એ સંજોગોમાં આદિવાસીઓ જો મુસ્લિમને જ તારવે તો એનો અર્થ એ થયો કે સવાલ શોષણનો નહીં પણ નવ્ય હિંદુ ઓળખે લીધેલ મુસ્લિમ નિશાનનો છે.

દેખીતી રીતે જ, ઠક્કરબાપા અને મામાસાહેબ ફડકે સરખા સેવકો પછી જે સરકારી સત્તાશાઈ કાર્યકર પેઢી આવી તે આદિવાસીઓ અને દલિતોને નાગરિક હોવું તે શી વાત છે એનો મહિમા સમજાવી શકી નથી. પરિણામે, સ્ટેટસની શોધમાં 'હિંદુ' હોવું એ સલાહભર્યું અને શોભાભર્યું થઈ પડે છે. વાસ્તવ પર મનોવાસ્તવ સવાર થઈ જાય છે, અને ન બનવાનું બને છે.

આ ચર્ચા સ્થાપિત રાજકીય પક્ષો પૂરતી સીમિત નથી. બલકે, ખરી વાત તો એ છે કે, વિસ્તરતા મધ્યમવર્ગમાં - એ માંહેલા અગ્રવર્ગમાં તકવંચિત સૌને સાથે લેવા માટે જે સહૃદયતા અને સમજ જોઈએ એનું ટાંચું પડેલું છે.

૨૦૦૪માં ભલે ને એક કટોકટ ધોરણે પણ સાંકડા એટલે કે બાકીનાને બહાર રાખતા વિચારધારાવાદને હટાવી શકાયો, પણ 'જૉબલેસ ગ્રોથ'ની જે આર્થિક રાજનીતિમાં આપણે ખૂંપી રહ્યા છીએ એનો ઉગાર શો. ગયેલાં ને આવેલાં, લગભગ બધાં જ અર્થકારણમાં તો એની એ જ મોઈ ને એના એ જ ડાંડિયાથી રમે છે. દિલ્હી ને લખનૌના સંકેતોમાં ભાજપ ને કોંગ્રેસના જય-પરાજયથી હટીને આ પાયાનો પ્રશ્ન પકડ્યા વિના પ્રજા તરીકે આપણો જયવારો હોવાનો નથી.

**- પ્રકાશ ન. શાહ**

# રેલવે પ્લેટફૉર્મ

૦ નૂરબાનુ મનીઆર

રમેશ એક સિદ્ધાન્તવાદી યુવાન હતો. તાજેતરમાં જ તેણે લૉની પરીક્ષા પાસ કરી હતી અને ઘરની આર્થિક સ્થિતિ અનુસાર તેણે નોકરી કરવા મજબૂર થવું પડ્યું હતું. એક મોટી કંપનીમાં મદદનીશ કાનૂની સલાહકાર તરીકે કામ શરૂ કર્યું હતું. રોજ તેની મુસાફરી અંધેરીથી ચર્ચગેટ સુધીની રહેતી. તેની ઑફિસનો સમય ૧૦ થી ૫ હતો. આથી સવારે ઓફિસ જવા માટે તે બરાબર ૯ની ઉપર ૨૦ મિનિટે આવતી લોકલ ટ્રેન પકડતો.

જ્યારે રમેશ સ્ટેશનનાં પ્લેટફોર્મ પર આવતો ત્યારે યંત્રવત્ તેની નિર્ધારિત જગ્યાએ આવીને ઊભો રહી જતો. જેથી તેની સમક્ષ જે ડબ્બો આવે તેમાં બહુ ભીડ ન હોય. અને સાંજે ૫:૫૫ની ફાસ્ટ ટ્રેન પકડીને ઘરે આવતો. આ તેનો નિત્યક્રમ ... ... એમાં જરા ય ફેરફાર ન થતો.

આ મુંબઈ શહેર છે. અહીં બધું જ યંત્રવત્ ચાલતું હોય છે. માણસ પણ અહીં યંત્ર બનીને રહી ગયો છે. માનવે પોતાની મદદ માટે યંત્રની શોધ કરી. પરંતુ થયું એથી ઊલટું કે યંત્રનો ભૂત માનવ ઉપર સવાર થઈ ગયો અને એણે પોતાની મદદ માટે માનવને યંત્ર બનાવી લીધો.

એકાએક એની નજર સામેના પ્લેટફૉર્મ પર ઊભેલી એક યૌવના ઉપર પડી અને તે તેને જોતો જ રહી ગયો. આ પહેલાં તેણે આ ખૂબસૂરત યુવતીને જોઈ ન હતી. તે બરાબર રમેશની સામેના પ્લેટફૉર્મ ઉપર ઊભેલી હતી, ઊલટી દિશામાં જતી ગાડીના પ્લેટફૉમ ઉપર.

હશે. ...

એ પણ કોઈ કામસર જતી હશે. વળી, આ મુંબઈ શહેરમાં એવી છોકરીઓ તો અનેક હોય છે.

પરંતુ બીજે દિવસે ...

– અને ત્રીજે દિવસે ...

આમ રોજ તે છોકરી બરાબર તેની સામેના પ્લેટફૉર્મ ઉપર બરાબર તેની સામે જ ઊભી રહેતી. બંનેની નજરો એકબીજાં સાથે અથડાઈ જતી. પરંતુ બંને નજર ચૂકવી જતાં.

દિવસો વીતતા ગયા ... મહિના વિતવા લાગ્યા અને રમેશના દિલમાં પ્રેમની કળીઓ ખીલીને પુષ્પગુચ્છ બનવા લાગી. રમેશે જ્યારે ઝિગઝાગ પઝલના ટુકડા ગોઠવવા શરૂ કર્યા ત્યારે એને થયું કે એ ખૂબસૂરત યુવતીએ પણ પોતાની જેમ જ કામ શરૂ કર્યું લાગે છે.

ઋતુને બદલાતાં ભલેને ત્રણ મહિના લાગતા હોય અને ભલે પાનખર ઋતુ ચાલતી હોય તો ય શું થઈ ગયું ? પરંતુ તેના રોજનાં નિતનવાં કપડાં, સૌનું, ખાસ કરીને રમેશનું, ધ્યાન આકર્ષવાં લાગ્યાં.

પ્રવાસી પોતાનો પ્રવાસ પૂરો કરીને પોતાના ઘરે આરામ કરવા પાછો ફરે તેમ રમેશની નજર સમગ્ર પ્લેટફૉર્મ ઉપર ફરીફરીને પાછી એ યુવતી ઉપર જ ચોંટી જતી. રમેશ વિચારતો કે એ કપડાં પહેરવામાં જેટલી કાળજી રાખે છે એના ઉપરથી એ પોતાના ઘરની સફાઈમાં પણ એટલી જ કાળજી રાખતી હશે. સ્વચ્છતા એના સ્વભાવમાં જ હોવી જોઈએ. રમેશને ઈચ્છા થતી ... કાશ ! તે આ પ્લેટફૉર્મ ઉપર આવીને ઊભી રહેતી હોત, તો તે તેની સાથે દોસ્તી કરી શકત ... ...

પણ રમેશ સિદ્ધાન્તવાદી હોવાથી કૉલેજમાં પણ એની કોઈ ગર્લફ્રેન્ડ નહોતી. આ યુવતી સાથે ફ્રેન્ડશીપ કરવા એ આતુર હતો. હવે એની નજરમાં જુદો જ ભાવ હતો.

એક દિવસ રમેશે સમગ્ર હિંમત એકઠી કરીને હાથ વડે 'કેમ છો ?'ના ઈશારો કર્યો. ... એનો પ્રતિસાદ સામેથી પડ્યો. તેણે પણ હાથ હલાવી પ્રતિ-ઉત્તર આપ્યો. રોજની મૌન મુલાકાતમાં મુસ્કરાહટનો જવાબ મુસ્કરાહટથી મળવા લાગ્યો. પરંતુ વાત એટલેથી જ અટકી જતી હતી. કારણ કે બંને વચ્ચે રેલવેની બે લાઈન કહો, અથવા ૨૦ ફૂટનું અંતર કહો, તે હતું. વળી, બંનેની દિશા પણ અલગ હતી.

રમેશ હિંમત કરીને એ અંતર પાર કરવા ઈચ્છતો હતો, પરંતુ એ માટે હિમાલયથી ઊંચો પુલ આડો આવતો હતો. વળી, સમય પણ અવરોધક હતો. બીજા દિવસથી રમેશ પાંચેક મિનિટ વહેલો આવવા લાગ્યો કે જેથી મુલાકાતનો સમય થોડો વધુ લાંબો થઈ શકે. પરંતુ તે તો તેના સમય ઉપર જ આવતી. રમેશ માટે હવે એક જ ઉપાય હતો કે તે એમની વચ્ચે 'બે રેલવે પ્લેટફૉર્મ'નાં અંતરને દૂર કરે. કદાચિત તેનાં દિલમાં પણ પ્રેમજ્યોત જલતી હશે. પરંતુ લજ્જાને કારણે તે કદાચિત પહેલ ન કરી શકે.

આખરે તે મરદ હતો. એટલે પહેલ એણે જ કરવી જોઈએ. છેવટે એણે ફેંસલો કરી જ લીધો કે આવતી કાલે તે સામેના પ્લેટફૉર્મ ઉપર જઈને પોતાના દિલની હાલતની રજૂઆત કરશે.

રમેશ સમય કરતાં પાંચ મિનિટ વહેલો પ્લેટફૉર્મ ઉપર પહોંચી ગયો. મનમાં વિચારોના વંટોળ ઊઠતા અને સમી ય જતા. ... ફરી ઊઠતા અને ફરી સમી ય જતા. તે વિચારતો હતો કે તેની સમક્ષ જઈને તે શું કહે ? એ વિચારની સાથે જ તેના દિલની ધડકન પણ વધી ગઈ. કદાચિત તે ઈન્કાર કરે તો ? કે ચપ્પલ ઉગામે તો એ શું કરે ?

સામેનાં પ્લેટફૉર્મ ઉપર જવા માટે બનેલ પુલ તરફ જવા ડગ આગળ વધતા ત્યાં વિચારો એને બે ડગ પાછળ હઠાવી દેતા હતા. તેની સાથે વાતની શરૂઆત કેવી રીતે કરવી ? શું પહેલાં 'ગુડ મોર્નિંગ !' કહેવું કે 'નમસ્કાર !' કરવા ? આમ વિચારોની ગડમથલ કરતાં તે સામેના પ્લેટફૉર્મ ઉપર પહોંચીને તે જ જગ્યાએ આવીને ઊભો રહ્યો જ્યાં તે દરરોજ ઊભી રહેતી.

સમય વિતતો રહ્યો પણ યુવતી નજરમાં ક્યાં ય જોવામાં આવતી નહોતી. દિલમાં બેચેની વધવા લાગી કે હવે શું કરવું ? રમેશને થયું કે આજે કદાચ તે આવી શકી નહીં હોય ... ...

ત્યાં એની નજર પોતાના મૂળ પ્લેટફૉર્મવાળી જગ્યા ઉપર પડી. એ જોતો જ રહી ગયો.

... તે યુવતી આજે સામેની જગ્યા ઉપર ઊભી હતી અને કુતૂહલતાથી કોઈકને શોધી રહી હતી. રમેશ એને બોલાવે તે પહેલાં જ બંને દિશામાંથી સિસોટીઓ વગાડતી બે ટ્રેનો આવીને દીવાલ બની ઊભી થઈ ગઈ ... !

[64, Cecil Avenue, WEMBLEY, Middlsex, HA9 7EA, U.K.]

## કોણ ?

*પુષ્પ તણી પાંદડીએ બેસી કરતું કોણ ચિરંતન હાસ ?*
*પૃથ્વી-ઉરથી ઊઠે કોનો સુરભિત પુલકિત મુખરિત શ્વાસ ?*
*કોણ બદલતું સંધ્યાકાશે પલપલ નવલાં સુંદર ચીર ?*
*કોણ ઊછળતી મોકલતું નિજ કુમળી ઊર્મિ સરવરતીર ?*
*અહો ! ગૂંથતું કોણ પૃથ્વીને સેંથે ઝાકળ-મોતીમાળ ?*
*તરુએ તરુએ કરતી કોની આશા કેરી સાખ રસાળ ?*
*કોનાં કંકણ બાજે એકલ સરિતા કેરે સૂને ઘાટ ?*
*પર્વતને શિખરે સ્થિર બેસી કોણ સનાતન જોતું વાટ ?*
*ઓ સારસની જોડ વિશે ઊડે છે કોની ઝંખનઝાળ ?*
*અહો ! ફલંગે કોણ અધીરું વાદળ વાદળ માંડી ફાળ ?*
*અંતરની એરણ પર કોની પડે હથોડી ચેતન-રૂપ ?*
*કાળ તણી ધરતીમાં ખોદી કોણ રહ્યું જીવનના કૂપ ?*

– 'સુન્દરમ્'

પ્રકાશક : Parivaar Comminications, 4 Rosecroft Walk, WEMBLEY, Middlesex HA0 2JZ [U.K.] · મુદ્રિત પ્રત : 300 · ગ્રાહક : 184 · [20.04.2007]